
SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

JANUARY 2006



ધનુર્માસિ ઘૂન

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧

Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં ગઢપુરના સાંખ્યયોગી મેઘનાબેન ગુરુ કાનબાઈ દ્વારા આયોજીત કથા પારાયણના વિવિધ પ્રસંગો



શ્રી હરિયાગની પૂર્ણાહુતિની પૂજનવિધિ કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



કથા શ્રવણ કરતા શ્રીહરિના બન્ને અપર સ્વરૂપો



યજમાન પરિવારના ચિ.દિપ પ.પૂ.લાલજી મહારાજશ્રીના આશીર્વાદ મેળવતા



કથા શ્રવણ કરતા દેશ દેશના મંદિરોના સાંખ્યયોગી બહેનો






યજમાન પરિવાર માવજીભાઈ, અરવિંદભાઈ, વિશ્રામભાઈ અને વિરચંદભાઈ તથા બહેનો પોથી યાત્રામાં

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ જાન્યુઆરી - ૨૦૦૬



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	સદ્‌વિદ્યા	૪
૪.	જીવનમાં વસંત લાવતી શિક્ષાપત્રી	૭
૫.	મૂર્તિમાં મૂર્તિમત ભાવ	૮
૬.	જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ	૧૦
૭.	વાસના	૧૧
૮.	સાચું અમૃત	૧૨
૯.	એ.....ક જાદુ	૧૩
૧૦.	શ્રવણ ભક્તિ	૧૪
૧૧.	વચનામૃત : ગ.પ્ર. ૫	૧૫
૧૨.	સત્સંગ સુરભિ : તારા સાથી અમે છીએ	૧૬
૧૩.	સત્સંગ બાલવાટિકા (૧) જો, જો ચોરી ન થાય (૨) સોનામહોર જોઈએ છે ?	૧૮
૧૪.	પ્રશ્નપેટી	૨૦
૧૫.	ભક્તિસુધા (૧) દર્શન તો દૂર રહ્યાં શબ્દ માત્રથી (૨) કલિયુગનો ગુણ (૩) લોજમાં વર્ણીરાજ (૪) નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ (૫) પ્રભુ પાસે પ્રાર્થના	૨૧
૧૬.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૫

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

પવિત્ર ધનુર્માસમાં ભગવાનના મંદિરમાં બ્રાહ્મમુહૂર્તનું દ્રશ્ય અત્યંત આનંદદાયક હોય છે ! ભગવાનનો ભક્ત તન-મનની આળસ ખંખેરીને જીવાત્મામાં નવા ઉત્સાહ સાથે ભગવાનના મંદિરમાં પરમાત્માને રાજી કરવા આવે છે. પ્રથમ ભગવાનને પ્રણામ-પ્રાર્થના અને ષડાક્ષરી મહામંત્રની ધૂન્ય કરે છે, ત્યારે સાક્ષાત્ પરબ્રહ્મ નારાયણ પણ પામર અને અજ્ઞાની જીવને અંતરના આશીર્વાદ પ્રદાન કરે છે.

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના દરબારમાં અંતરના દિવ્ય આનંદ સાથે ઉજવાતા પવિત્ર ધનુર્માસની સાઈડ હજુ કોઈએ કાપી નથી. સાક્ષાત્ વિરાજતા તપસ્વી ભગવાન શ્રી નરનારાયણ ઋષિના મંગળા, શ્રૃંગારના દર્શન, સર્વોપરિ શ્રીહરિના વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના દર્શન તથા વિશાળ સંખ્યામાં ભજન કરતા સંતો-ભક્તોના દર્શન અને "સ્વામિનારાયણ" મહામંત્રની ધૂન્યનું બ્રહ્મભીનું વાતાવરણ ! આવી દિવ્યતા બ્રહ્માંડમાં ક્યાંય નથી !

સર્વોપરિ મહામંત્રનો શાસ્ત્રમાં કેટલો મહિમા વર્ણવવામાં આવ્યો છે !

જે સ્વામિનારાયણ નામ લશે,
તેના બધા પાતક બાળી દેશે.
સુખી કરે સંકટ સર્વ કાપે,
અંતે વળી અક્ષરધામ આપે.
આ મંત્રથી ભૂત પિચાશ ભાગે,
આ મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે.
આ મંત્ર જેના મુખથી જપાય,
તેના થકી તો જમ નાસી જાય.

સ્વામિનારાયણ મહામંત્રના જાપથી ભયંકર ઝેરી કાળા નાગનું ઝેર ઉતરી ગયાના દાખલા સત્સંગમાં મોજુદ છે. માટે પ્રેમાનંદ સ્વામી કહે છે :-

ભવ બ્રહ્મા મુનિ મુક્ત જપે આ મંત્રને,
તે સહુ પામ્યા મનવાંછિત સુખ સાજ જો.
પ્રેમાનંદ કર જોડી કહે સહુ જનને,
ભૂલશોમાં અવસર આવ્યો છે આજ જો.
સ્વામિનારાયણ આજ પ્રગટ મહામંત્ર છે.

સૌ ભક્તજનો ગામે ગામ શહેરે શહેર મંદિરે-મંદિરે બાઈ-ભાઈ સર્વે ભજન તો કરોજ છો, પણ વિશેષ ભજન કરીને આ છેલ્લો જન્મ સુફળ કરવા ભગવાનને રાજી કરી લેજો. કરી-કરીને અંતે એજ કરવાનું છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેમ્બર – ૨૦૦૫)

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર બોરણા (તા. લીંબડી - મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. ત્યાંથી ભચાઉ (કચ્છ) પધરામણી (૩-૪)

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર અચરડા (તા. લીંબડી-મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
પ.ભ. રમણભાઈ બબલદાસ ગજ્જરને ત્યાં પધરામણી, બારડોલપુરા.
પ.ભ. કિરીટકુમાર હરજીવનદાસ સોનીને ત્યાં પધરામણી (લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા) સેટેલાઈટ.

૬. પ.ભ. ચેતનભાઈ પટેલને ત્યાં વાસ્તુ પ્રસંગે પધરામણી, સાબરમતી.
પ.ભ. ચિમનભાઈ બબલદાસ ગજ્જરને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, મેમનગર.
પ.ભ. હરિકૃષ્ણ ઘનશ્યામભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, હાંસોલ.

૭. શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ પાટોત્સવ અને શ્રી હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધરામણી.

૯. થી ૧૨. સર્વોપરિ છપૈયાધામ શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.

૧૩. પ.ભ. ભક્તિભાઈ વી. પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, રાણીપ.
ડૉ. ભાવિન રમેશચંદ્ર પરીખને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, મણીનગર.
પ.ભ. જગદીશભાઈ કેશવલાલ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.

૧૪. શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર મણીયોર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે (ઈડરદેશ) પધરામણી
પ.ભ. નટવરભાઈ સોમાભાઈ પટેલને ત્યાં પધરામણી, શીલજ.

૧૬. ડૉ. અતુલ કે. પટેલ (ધારા સભ્યશ્રી, કલોલ)ને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, રાજપથ ક્લબ, એસ.જી. રોડ.

૧૭. પ.ભ. અમૃતભાઈ સોમનાથ જાનીને ત્યાં પધરામણી, ચાંદલોડીયા.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯. પ.ભ. રેવાભાઈ રણછોડદાસ પટેલને ત્યાં ગવાડા ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૨૦. થી ૬. જાન્યુઆરી ૨૦૦૬ **'વિદેશ ધર્મ પ્રવાસ'** શ્રી સ્વામિનારાયણ મંદિર લોસ એંજલસ ૫ મો પાટોત્સવ અને (કેલિફોર્નિયા) સત્સંગ યુવા શિબિર અને યુ.એસ.ના I.S.S.O. ચેપ્ટરોમાં સત્સંગ પ્રચારાર્થે વિચરણ.

સત્સંગીમાત્રે નામ ધર્માદો નિયમિત ભરવા અંગે

સર્વાવતારી સર્વોપરિ આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયના અમૂલ્ય ગ્રંથ શ્રી શિક્ષાપત્રીમાં (શ્લોક ૧૪૭) સ્પષ્ટ આજ્ઞા કરી છે કે દરેક આશ્રિત માત્રે પોતાની આવકનો દશમો અને વ્યવહારે દુર્બળ હોય તેવા હરિભક્તે વીસમો ભાગ દેવનો ધર્માદો કાઢીને પોતાનો જીવન વ્યવહાર કરવો. "ધર્માદો" એ જે તે દેશમાં રહેતા હોય ત્યાંના મુખ્ય મંદિરમાં ધર્માદાના રૂપમાં જ પહોંચ લઈને ધર્માદો કરવો અને સાથે કુટુંબના દરેક સભ્યના નામ લખાવીને ધર્માદા સાથે નામવેરો પણ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદની કોઠાર ઓફીસમાં ભરીને પહોંચ મેળવી લેવી

ખાસ સૂચના : શ્રીજી મહારાજની આજ્ઞાને અનુસરતા દરેક હરિભક્તોએ ધર્માદાની રકમ અન્યત્ર કોઈ પણ સંસ્થામાં અપાય નહીં. તેનું ખાસ ધ્યાન રાખવું.

સદ્‌વિદ્યા

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ
(મહંતશ્રી, નારાયણઘાટ)

વિદ્યા એટલે બુદ્ધિ, વિદ્યા એટલે જાણવું, વિદ્યા એટલે જ્ઞાન, વિદ્યા એટલે માહિતી, વિદ્યા એટલે મત જાણ્યા પછી વિચારીને સારૂ-ખોટું, યોગ્ય-અયોગ્ય જોઈને માણ્યું. વિશ્વની તમામ વ્યક્તિ જીવ પ્રાણી માત્ર જન્મે ત્યારથી પોતાના સગા સ્નેહી દુશ્મન મિત્ર પોતાનો ખોરાક વગેરે વગેરેને ઓળખવાની વિદ્યા શીખી જતા હોય છે. જીવ જંતુ, પશુપંખી પ્રાણીમાં વિચાર શક્તિ નથી ને મનુષ્ય મહેનત કરી જાણતો ગયો, માણતો ગયો, વિકાસ કરતો રહ્યો, વિકાસ કેવળ વિદ્યાના આધારે જ વધ્યો.

વિદ્યાને બે વિભાગમાં વહેંચી શકાય, સદ્‌વિદ્યા અને અવિદ્યા. સારી વિદ્યા, સુવિચારો સૌને સુખી કરે છે. અને અવળી વિદ્યા, અવિદ્યા અવળી સમજણ અથડામણ ઊભી કરી આરત્ ઊભી કરે છે દુઃખી કરે છે.

સંસ્કૃતમાં સુભાષિત છે ને **त्वमेव माता च पिता त्वमेव त्वमेव बंधु च सखा त्वमेव त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देव देव ।** હિન્દુ સંસ્કૃતિમાં આ વિદ્યા બાળકને જન્મથી ગળથુથી માંજ ઘુંટાવવામાં આવે છે. નિત્યપૂજા, નિત્ય દર્શન, અને નિત્ય ગાન. હે ભગવાન તમે મારા માતા પિતા છો. અને મારી વિદ્યા તમે જ છો. તમે જ મારૂ ધન છો. ભગવાન અને સંતને ઓળખવા એજ સાચી વિદ્યા છે. સદ્‌વિદ્યા છે.

ભગવાન સ્વામિનારાયણ પોતાના વચનામૃત ગ.મ. ૯માં કહે છે કે ભગવાનના સ્વરૂપનો દ્રોહ ન થવો જોઈએ. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વઅવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય ? જેમ અર્જુનને ભગવત્ સ્વરૂપનું બળ હતું. અર્થાત્ ભગવાનને યથાર્થ જાણ્યા હતા. આજ સાચી સદ્‌વિદ્યા તેમને હતી. અને યુધિષ્ઠિર રાજાને શાસ્ત્રના વચનનું બળ હતું તેથી મહાભારતની લડાઈમાં કાંઈ પાપ કર્યું નહીં. તો પણ એમ જાણ્યું જે મારૂ કોઈ કાળે કલ્યાણ નહિ થાય. પછી શ્રીકૃષ્ણ ભગવાને ભિષ્મપિતા પાસે લઈ જઈ શાસ્ત્ર સંબંધી કથા સંભળાવી તો પણ અર્જુન જેવા નિઃસંશય થયા નહિ. આજ વચનામૃતમાં શ્રીહરિ 'ભગવાન જ મારી વિદ્યા સદ્‌વિદ્યા છે.' આવો જ્ઞાનમાર્ગ સમજવો. જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું પરંતુ ભગવાનનું બળ અતિશય રાખવું. આવું સર્વોપરિ ભગવાનનુ સ્વરૂપ પ્રાપ્ત થયું છે. એમ જાણતો હોય ને તેથી જો કદાચીત સત્સંગથી બાહેર નીસરી જાય તોય ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી. અને તે હમણાં સત્સંગથી બાહેરજ છે પણ દેહ મુકીને અક્ષરધામમાં જ જશે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં ગ.પ્ર.પ્ર.ના ૫૦માં સદ્‌વિદ્યા વિષયક વાત કરી છે. શ્રીજી મહારાજ પોતે સંતોને પ્રશ્ન પૂછ્યો "જેને કુશાગ્ર બુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તે કુશાગ્ર બુદ્ધિ તે જે સંસાર વ્યવહારમાં બહુ જાણતો હોય તેની કહેવાય કે નહિ અથવા શાસ્ત્ર પુરાણના અર્થને બહુ જાણતો હોય તેની કહેવાય કે નહિ ?" પછી એનો ઉત્તર મુનિએ કરવા માંડ્યો પણ થયો નહિ. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે "કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ. તથા કેટલાક શાસ્ત્ર પુરાણ ઈતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતો હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ માટે એને કુશાગ્ર બુદ્ધિ વાળા ન જાણવા એને તો જાડી બુદ્ધિવાળા જાણવા. અને જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેને બુદ્ધિ થોડી છે છતાં તે કુશાગ્ર બુદ્ધિવાળો છે. અને જે જગત વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે. તો પણ તે જાડી બુદ્ધિવાળો છે. એ ઉપર ભગવદ્‌ગીતાનો શ્લોક છે :-

या निशा सर्वभूतानां तस्यां जाग्रति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

એ શ્લોક નો એમ અર્થ છે જે, ભગવાનનું ભજન કરવું તેમાં તો સર્વ જગતના જીવની બુદ્ધિ રાત્રીની પેઠે અંધકારે યુક્ત વર્તે છે. કહેતા ભગવાનનું ભજન નથી કરતા અને જે ભગવાનના ભક્ત છે તે ભગવાનના ભજનને વિષે જાગ્યા છે. (સદ્‌વિદ્યા પ્રાપ્ત થઈ છે) કહેતાં નિરંતર ભગવાનનું ભજન કરતા થકા વર્તે છે. અને શબ્દ સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ જે પંચવિષય તેને વિષે જીવપ્રાણી માત્રની બુદ્ધિ જાગૃત વર્તે છે. કહેતાં વિષયને ભોગવતાં થકાં જ વર્તે

છે અને જે ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષય ભોગને વિષે અંધકારે યુક્ત વર્તે છે. કહેતાં તે વિષયને ભોગવતા નથી માટે એવી રીતે જે પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે છે તેજ કુશાગ્ર બુદ્ધિવાળો છે અને તે વિના તો સર્વ મૂર્ખ છે.''

આપણે જાણીએ છીએ કે મહાભારતનો દુર્યોધન એમ કહેતો હતો કે હું જાણું છું સારૂ શું છે ને ખોટું શું છે. પણ સારૂં વર્તી શકતો નથી. આ જાણ્યું શું કામનું ? ઝેરને ઝેર જાણ્યું પણ ભૂખ લાગે એટલે પાછા ઝેર ખાવા બેસીએ ! આ તે કેવી સદ્‌વિદ્યા ? એને સદ્‌વિદ્યા કહેવાય ખરી ? મહાભારતના ભિષ્મપિતામહ અને કર્ણ મહાન ભક્તો ગણાય છે. સમાજમાં એમના ગુણોનું ગાન કરવામાં આવે છે. ઘણા પુસ્તકો તેમના માટે લખાયા છે. પણ હકીકત તો એ જ છે કે છેવટે તેમણે પક્ષ તો અવળોજ લીધો. અંગ્રેજ તત્વ ચિંતક હેનરી વોન ડાઈક લખે છે : **No, doctrine however high however true can make happy until it has been translated into heart** અર્થાત જ્યાં સુધી જીવનમાં આચરીએ નહિ ત્યાં સુધી ભલે ને કોઈ સિદ્ધાંત ગમે એટલો ઉત્કૃષ્ટ હોય પણ તે માણસને સુખી નહી કરી શકે.

પુસ્તક વાંચીને ઘોડેસવારી શીખાય ખરી ? ઘોડા ઉપર બેસવું જ પડે પડવું પણ પડે. દુનિયાના ૬-૬ અબજની વસ્તીના તમામ મનુષ્ય ચાલતાં શીખ્યા છે. તો ઘણીવાર પડ્યા જ હશે. માટે અનુભવ સહિતનું જે જાણવું, અનુભવ સાથેની જ માહિતી જ્ઞાન તેજ સાચી વિદ્યા છે. એક વિદેશી લેખક મોટેગ્યુ કહે છે : **"Book knowledge is mere nuisance. It may do for an ornament but never for a foundation"** પુસ્તકીયું જ્ઞાન તો ઉપદ્રવ કારક છે. એ આભૂષણ તરીકે ચાલે પણ પાયા તરીકે ક્યારેય નહિ. આપણા ભારતમાં તક્ષશીલા વિદ્યાલયમાં ૧૫૦ પ્રકારની વિદ્યાઓ શીખવાડવામાં આવતી હતી. રસાયણ શાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, આયુર્વેદિક, હોમીયોપોથી, ભૂગોળ-ખગોળ શાસ્ત્ર, અવકાશ વિજ્ઞાન, જ્યોતિષ શાસ્ત્ર, ગણિત વગેરે. આપણા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી ૨૪ વિદ્યાના જાણકાર હતા. આપણા મુક્તાનંદ સ્વામી પણ કવિ હતા. દશ હજાર કીર્તન લખ્યા છે. સંગીતકાર હતા સંગીતના વાજિંત્રો વજાડતા. નૃત્ય કરી શકતા, સારા ચિત્રકાર પણ હતા. વળી નાડીના જાણકાર હતા. અર્થાત ડૉકટર હતા. શ્રીજી મહારાજ સ્વયં ઘણીવાર મુક્તાનંદ સ્વામીને પોતાની નાડી બતાવતા. કારિયાણીના ૧૦માં વચનામૃતમાં આ વાત છે. વળી મુક્તાનંદ સ્વામી પગના અંગુઠામાં ચોક લગાવી કીર્તન ગાતા જાય નૃત્ય કરતા જાય અને ચિત્ર હાથી, મોર વિગેરે દોરતા જાય. એક સાથે આટલી બધી ક્રિયા કરી શકતા કેવા વિદ્યા વાચસ્પતિ કહેવા ! શાસ્ત્રાર્થ પણ કરી શકતા. વડોદરામાં ગાયકવાડ સરકારની હાજરીમાં કાશીના પંડિતો સાથે મુક્તાનંદ સ્વામીએ સંસ્કૃતમાં શાસ્ત્રાર્થ કરી ભગવાન સ્વામિનારાયણ અત્યારે હાલ પૃથ્વી પર પ્રગટ ભગવાનનો અવતાર છે. અને સ્વામિનારાયણ સંપ્રદાય એ હકીકતમાં ઓરીજીનલ હિંદુ સંસ્કૃતિ જ છે અને વૈદિક છે. એમ સાબિત કર્યું હતું. આપણા ૫૦૦ પરમહંસો એક-એક આવા વિદ્વાન હતા. એમાના એક આપણા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે ત્રણ સ્ટેટનો દિવાન (સિંધિયા, હોલકર, અને ગાયકવાડ આ ત્રણ સ્ટેટ) મૂર્ખ અને નાથ ભક્ત બુદ્ધિશાળી, કારણ દિવાનજી ફક્ત વ્યવહારમાં જ બુદ્ધિ વાપરતા પણ પોતાના મૃત્યુ પછીની કોઈ તૈયારી નહોતી કરી તે ભગવાન સ્વામિનારાયણ ને ઓળખવામાં થાપ ખાઈ ગયો અને નાથભક્ત ફક્ત શાકબકાલુનો ધંધો કરતા. પણ ભગવાનને ઓળખી લીધા અને બધો સમય ભજનમાંજ વ્યતીત કરતા. માટે આપણા ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે ''જ્યાંથી અચાનક ઉચાળા ભરવા તે ઠેકાણે ઉધમ કરે છે. મહેનત કરે છે. બંગલા બનાવે. ક્યારે મોતનું તેડુ આવશે જ્યોતિષ કે ડૉકટર ને પણ ખબર નથી. દિવાનજી જેવા આગળ સ્વામી કહેતા કે, ''જ્યાંથી કોટિ કલ્પો પર્યંત ઉચાળા ભરવા નથી તેને અર્થે ઉદ્યમ નહિ એ જ અજ્ઞાન છે. અવિદ્યા છે.'' ભગવાનના ધામમાં હમેંશા રહેવાનું છે. તેના માટે પ્રયત્ન જ નથી. એટલા માટે ગુણાતીતાનંદ સ્વામી કહેતા તમે સંતો-હરિભક્તો બેસીને કથાવાર્તા સાંભળો છો તે નવરા બેઠા છો એમ ના માનશો. ''લખ ચોરાશી, જન્મ મરણને ગર્ભવાસને માથે લીટા તાણો છો એમ માનવું.'' આપણા સંતો તે આપણા સંપ્રદાયનું ગૌરવ છે.

સારંગપુરમાં એક વખત એક ડોશીમાં પોતાના દીકરાને શીખવાડતા હતા. બોલ સ્વામિનારાયણ બોલ, તેજ વખતે શ્રીજી મહારાજ ગામમાં નીકળ્યા હતા અને આ જોયું ને પૂછ્યું આ શું કરો છો ? મા કહે ભણાવું છું.

"સ્વામિનારાયણ નામ લેતા શીખવાડું છું." શ્રીહરિએ પૂછયું એનાથી શું થાય ? ત્યારે ડોશીમાં કહે જો સ્વામિનારાયણ નામ લેતાં આવડે તો અમે એમ માનીયે કે એ ચાર વેદ ભણી ચૂક્યો. શાસ્ત્ર માત્ર નો સાર ભગવાનનું નામ છે. આજ સાચી સદ્‌વિદ્યા.

જે સ્વામિનારાયણ નામ લેશે, તેના બધા પાતક બાળી દેશે. ષડ્‌ક્ષરી મંત્ર મહા સમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષર ધામ આપે, ષડ્‌ક્ષરો છે ષટ શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવ સિંધુપાર. આ મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી સદ્‌બુદ્ધિ જાગે.

દુનિયાના દરેક હિંદુ માત્ર શ્રીમદ્‌ ભાગવત્‌ની અજામેલ મહાપાપી હતો તે વાત જાણે જ છે. કોઈ સંતે તેના સૌથી નાના એક દીકરાનું નામ નારાયણ પાડ્યું. અને "નારાયણ" "નારાયણ" નામ લઈ તે તરી ગયો. આખી જીંદગી પાપ કર્યા પણ અંત સમયે "ત્વમેવ વિદ્યા" એ અન્વયે નારાયણ નામની સદ્‌વિદ્યા શીખી ગયો ને અંતે તરી પણ ગયો. વાલીયો લૂંટારો એની વાત કોણ જાણતું નથી. નારદજીને લુંટવા પકડ્યા પણ સંતના દર્શન સ્પર્શ થયા ને રામ નામ બોલતાં શીખવાડ્યું પણ મરામરા કર્યું. તો પણ લૂંટારા માંથી વાલ્મીકિઋષી થઈ ગયા. પ૬ કોટી યાદવ ભગવાન ભેગા રહ્યા પણ ભગવાનને ઓળખી ન શક્યા તો યાદવ તો અભાગીયાં. ઓલ્યા ઋષિ મુનિઓ શ્રીકૃષ્ણ સ્વાહા ! કરતા રહ્યાં અને ઋષિ પત્નીઓ, ગોપીઓ એ ભગવાનને પ્રત્યક્ષ ઓળખ્યા અને થાળ આપ્યા તો ભગવાને કેટલું સુખ કરી આપ્યું છે. કે જન્મોજન્મથી ચોબાઓ રસોઈ કરે છે ને તેમની સ્ત્રીઓં હિંચકે બેસીને થાળ જમે છે. આ સદ્‌વિદ્યા થઈ.

ટૂંકમાં ભગવાનને ઓળખવા અને ભગવાનને પામવાના પ્રયત્નમાં પરોવાઈ રહેવું તે જ વિદ્યા સાચી સદ્‌વિદ્યા કહેવાય. ભારતના એક વૈજ્ઞાનિકે મહાન વૈજ્ઞાનિક આઈન સ્ટાઈનને લખ્યું કે મને રીસર્ચ - સંશોધન માં રસ છે. પણ મારો ઘર વ્યવહાર ચલાવવા સરકાર પાસેથી પૈસા અપાવો. ત્યારે તે મહાન વૈજ્ઞાનિકે જવાબ લખ્યો કે જે પોતાના ઘરનું ગુજરાત નથી કરી શકતો તે દેશનું શું કરશે ? તેમ વિદ્યા વાપરવાથી વધે પણ વિદ્યા વિનયથી શોભે. અર્થાત્‌ તે વિદ્યા પોતાના માટે પહેલાં વાપરવી જોઈએ. "ગાડર આણીએ ઊનને કારણે, કાંતેલા કોકડા તે જ ખાયે...."

"ધાર ન લવારની સોયલી ચપળ છે, વચનની ટેક તે વિકટ જાણો." શીખવાડવામાં સૂરા, શીખવામાં અધૂરાં, વડા પ્રધાનને સલાહ આપે એવા હોય પણ ૩૫૦/- રૂ.ની નોકરી ના મળે તે વિદ્યા શું કામની ?

सा विद्या या विमुक्तये ।

મુક્તિ અપાવે એજ સાચી વિદ્યા.

થાળ

જમવા પધારો વ્હાલા શ્રી ઘનશ્યામજી,
ભક્તિના બાળ રૂડા, ધર્મના લાલજી....
સોનાના બાજોઠીયે આવી બિરાજો,
ન્હાવન કરવાને મારા નાથજી ... જમવા...
ત્રાંબા કુંડી માં ઘેલા નીરની ભરાવી,
ન્હાવન કરોને મારા નાથજી ... જમવા...
ન્હાઈ, ધોઈને વ્હાલા પહેરો પીતાંબર,
ઉપરણી ઓઢાડું મારે હાથથી ... જમવા...
સોનાના બાજોઠીયે જમવા બિરાજો,
બીજા બાજોઠીયે મૂક્યો થાળજી ... જમવા...
શીરો બનાવ્યો મેં તો દૂધને સાકરનો,
પુરી મુકી છે એની સાથજી ... જમવા...
ગૌરી રે ગાયના મેં તો ઘૃત મંગાવીયા,
કેશર નાખીને કઢીયેલજી ... જમવા...
પાપડ, પતાસાં, અથાણાં ભાત ભાતનાં,
પકવાન પૂર્યા છે પાંચ જાતનાજી ... જમવા...
લાડુ, જલેબી, મગદળ, મોતૈયા,
મગસ મૂક્યો છે એની સાથજી ... જમવા...
વતાંક, વાલોરનાં મેં શાક બનાવીયા,
પરવર રવૈયા એની સાથજી ... જમવા...
આંબા કેરીનો મુરબ્બો બનાવીયો,
રાયતાં બનાવ્યાં ભાત ભાતનાજી ... જમવા...
કૃષ્ણ-કમોદનો તો ભાત મેં કીધો,
દાળ બનાવી રસાળજી ... જમવા...
ખારૂને મોળુ વ્હાલા અમને રે કહેજો,
મીઠુ, જીરૂ, મરીયાં જોઈએ તો લેજો ... જમવા...
કંચન કઠારી ઘટે જળ પીવા,
ચળુ કરોને મારા નાથજી ... જમવા...
મુખવાસમાં મૂક્યા મેં તો પાનબીડાં સારા,
તજ, એલાયચી, લવીંગ, રસાળા,
મુખવાસ કરો મારા નાથજી ... જમવા...
મુખની તંબોળ વ્હાલા મુજ પર દેજો,
દાસ નિરંજન પર મ્હેર રે કરજો,
પ્રસાદી દેજો તવ થાળની ... જમવા...

જીવનમાં વસંત લાવતી શિક્ષાપત્રી

- ચૌધરી રમણભાઇ ભીખાભાઇ (ઇશ્વરપુરા)

ઋતુરાજ વસંતના પ્રેમાળ સ્પર્શથી નિષર્ગ ખીલી ઉઠે છે. વસંત તો ઉનાળા તથા શિયાળાનો સેતુ છે.

મહાસુદ-૫ એટલે વસંત પંચમી ! વસંતને વધાવવાનો દિવસ આજથી બરાબર ૧૭૮ વર્ષ પૂર્વે સંવત ૧૮૮૨ ઈ.સ. ૧૮૨૬ના રોજ વસંત પંચમીના દીને શ્રી સહજાનંદ સ્વામીએ વડતાલ ગામે ૪૫ વર્ષની વયે શિક્ષાપત્રી રચી. લોકોના અંતરને અજવાળવા લોકોના જીવનને પરિશુદ્ધતા, લોકોનું આત્યંતિક કલ્યાણ કરવાનો શ્રી સહજાનંદ સ્વામીનો શુભ હેતુ હતો.

શિક્ષાપત્રીમાં રહેલી આધ્યાત્મિક સૌંદર્યતા અતિ અનેરી છે. ગીતાજીના ત્રીજા ભાગથી પણ અલ્પસ્વરૂપી શિક્ષાપત્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રુતિ નહીં કિન્તુ સ્મૃતિ માનવામાં આવે છે. આત્મવિદ્યાના ગહન સત્યો શિક્ષાપત્રી દ્વારા વ્યક્ત થાય છે. કોઈપણ સંપ્રદાયનું મૂલ્ય સંપ્રદાયના સાહિત્ય થકી અંકાતુ હોય છે. શિક્ષાપત્રી દ્વારા શ્રીહરિએ માનવજીવનને અતિ ધન્ય બનાવી દિવ્ય સુગંધ થી ભરી દીધું છે. તેઓશ્રીએ દર્શાવેલી નિતિમતા મુજબ જીવન વ્યતિત કરનારા સંસાર જીતી જાય છે.

સર્વધર્મ સમભાવ આપણા ભારત દેશની પ્રજા દાખવે તે માટે શ્રીજી મહારાજે ખૂબજ દાખડો કર્યો છે. આજે સર્વત્ર અશાંતિ અને દેશમાં અવાર નવાર પ્રવર્તી ખૂના મરકી સર્વધર્મ સમભાવના અભાવને કારણે જ ઉદ્‌ભવે છે. પર સંપ્રદાયોના મંદિરો દેવસ્થાનો માટે આદર જાળવવા એવી શિક્ષાપત્રીમાં ધર્માજ્ઞા ફરમાવી છે. અને માર્ગમાં શિવાલય કે દેવાલય આવે તો તે દેવોને વંદન કરીને જ ત્યાંથી પસાર થવું. જગતના મહાન શાસ્ત્રો તથા ગૂઢ આધ્યાત્મિકતાને અતિ સંક્ષિપ્તતા તથા સરળતાથી શ્રીહરિએ શિક્ષાપત્રીમાં સમાવી છે.

કનૈયાલાલ મુન્શી વર્ણવે છે કે એક સમયે શૈવધર્મ અને જૈન ધર્મ વચ્ચેના મતભેદો આ સંપ્રદાયે મિટાવ્યા. (વિસરાવ્યા) શ્રીહરિએ સંપ્રદાયો વચ્ચે સંવાદિતા સ્થાપવાનું અમૂલ્ય કાર્ય કર્યું. ગરીબ મનુષ્ય પ્રત્યે સહજાનંદ સ્વામીનો અતિ દયાળુ અભિગમ શિક્ષાપત્રીનો ૬૭મો શ્લોક વાંચવાથી જ જાણવા મળે છે.

"અન્ન વસ્ત્રાદિભીઃ સર્વે સ્વકિયાઃ
પરિચારકાઃ /
સમ્માવનીયાઃ સતતં યથાયોગ્યં
યથાધનમ્ //

અર્થાત્‌: પોતાના સેવકની અન્ન વસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાલના સતત કરવી. ઘેર તેડાવ્યા મજુરોને પણ ઓછી મજુરી ન આપવા ખાસ સૂચના કરી. ઔદ્યોગિક ક્રાંતિ ઈગ્લેન્ડમાં થયેલી, કૃષિ વિકાસ, ઔદ્યોગિક વિકાસ દ્વારા સમાજના મજુર વર્ગ કે શારીરિક શ્રમ કરનાર વર્ગનું શોષણ થશે, એવી વિટંબણા યુક્ત સામાજીક સમસ્યાનો ખ્યાલ શ્રીહરિને તો સર્વ પ્રથમ આવી ગયેલો અને અમીર-ગરીબ રાય કે રંકના સામાજીક વર્ગભેદો ટાળવા માટેજ શિક્ષાપત્રીમાં આ શ્લોકને શ્રીહરિએ આજ્ઞાત્મક સ્થાન આપ્યું. કમસે કમ સત્સંગીજનો આ આજ્ઞાને પાળે તો પણ મજુરોને પોતાના શ્રમકાર્યના બદલામાં પુરતી મજુરી પ્રાપ્ત થાય. ઈતિહાસ સાક્ષી પુરે છે કે વિશ્વભરમાં મુડીવાદીઓ એ મજુરોનું શોષણ કર્યું અને આખરે શોષિત મજુરોને બળવો કરવાની ફરજ પડી અને તેના સ્વરૂપે સમાજવાદ, સામ્યવાદ અસ્તિત્વમાં આવ્યા. દેશ અને દુનિયામાં મજુર મંડળો અને મજુરોના યુનિયનો અસ્તિત્વમાં આવ્યા.

જગતના પ્રત્યેક જીવની ચિંતા શ્રીસહજાનંદ સ્વામીએ કરેલી છે. અહિંસા તથા સદાચાર દાખવવા સૌને આજ્ઞા આપી છે. અતિશય ઝીણા એવા જુ, ચાંચડ માંકડને મારવા, યજ્ઞમાં બકરા, મૃગલા આદિની આહુતિ ન આપવી. માંસ યજ્ઞનું શેષ હોય તો પણ ન ખાવું. તો બીજી તરફ પશુઓ માટે પુરતા ઘાસચારાનો સંગ્રહ પશુપાલકોએ કરવો. આ બાબત મુંગા પશુઓ પ્રત્યેની શ્રીહરિની દયા દૃષ્ટિનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. સમાજમાં અગ્રેસર રહેતા ઉદ્યોગપતિઓએ હોસ્પિટલનું નિર્માણ કરવાની વાત શ્રીહરિએ શિક્ષાપત્રીના ૧૩૨માં શ્લોકમાં સ્પષ્ટ કહી છે. ઉપરાંત પોતે જે વિદ્યા ભણ્યા હોઈ તે

(અનુસંધાન પાના નં ૯ ઉપર)

મૂર્તિમાં મૂર્તિમંત ભાવ

- સાધુ ધર્મકિશોરદાસ ગુરુ નારાયણસ્વરુપદાસજી (પ્રયાગરાજ)

ભારતીય શાસ્ત્રો વર્ષોથી સમજાવતા આવ્યા છે કે ઉપાસના પ્રગટની કરશો તો જ મોક્ષ મેળવી શકાશે. ઉપાસનાની બાબતમાં પરોક્ષ અને પ્રગટ આવા બે ભેદો બતાવવામાં આવ્યા છે. પરોક્ષ એટલે મૂર્તિને ધાતુ અથવા ચિત્ર માત્રની માનીને સેવા પૂજા કરવી તેને પરોક્ષ ભાવ કહેવામાં આવે છે. અને પ્રગટ એટલે ભગવાનની મૂર્તિ ધાતુની હોય કે શાસ્ત્રો એ બતાવેલ,

શૈલી દારુમયી લૌહી, લેપ્યા લેખ્યા
ચ સૈકતી ।
મનોમયી મણિમયી, પ્રતિમાષ્ટ વિદ્યા:
સ્મૃતા ॥

તો આ આઠ મૂર્તિમાં મૂર્તિભાવ નહિ રાખતા મૂર્તિમંત ભાવ રાખવો. તેને પ્રગટ ભાવ કહેવામાં આવે છે. પરોક્ષ ભાવમાં શિસ્ત અને વિવેક જળવાતો નથી. જ્યારે પ્રગટ ભાવમાં શિસ્ત અને વિવેક જળવાય છે. પરોક્ષ ભાવે ભજન-સ્મરણ કરતા ઘણા જન્મને અંતે મોક્ષભાગી થવાય છે. મુક્તાનંદ સ્વામી પણ પ્રભાતિયામાં લખે છે.

પરોક્ષથી ભવ તારો પાર આવે નહિ,
વેદ વેદાન્ત કહે સત્યવાણી પ્રીત...
પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા,
ગીધ ગુણી કાકયી વૃંદ કોટી
વૃજ તણી નારી વ્યભિચાર ભાવે તરી,
પ્રગટ ઉપાસના સૌથી મોટી..... પ્રીત

આ મુક્તાનંદસ્વામીના પદથી સ્પષ્ટપણે તારવી શકાય છે કે પરોક્ષ ભાવ અને પ્રગટ ભાવમાં આકાશ પાતાળનો ફેર છે. રામાયણમાં જટાયુના પાત્રથી સમજી શકાશે કે પ્રગટ ભાવ સહેલાઈથી મોક્ષ આપી શકે છે. જટાયુ પક્ષીઓમાં અધમ ગીધ જાતિ છે. જેનો આહાર પણ મરેલા પ્રાણીઓ જ છે. જેણે કોઈ તપશ્ચર્યા કે સાધના કરી ન હતી. છતાં સીતાજીને ઓળખીને તેનો પક્ષ રાખ્યો. અને મનુષ્યદેહ ધારી ભગવાન રામચંદ્રજીમાં ભગવાનપણાનો ભાવ રાખ્યો. જેથી વર્ષોની સાધનાથી ઋષિઓ જે સ્થિતિ ન મેળવી શક્યા તે જટાયુ મેળવી શક્યુ ! ગોસ્વામી તુલસીદાસજી રામાયણમાં લખે છે.

ગીધ અધમ ખગ આમીશ ભોગી ।
ગતિ દીન્હી જો જાચત જોગી ॥

યોગીઓને પણ દુર્લભ એવી ગતિ જટાયુને પ્રાપ્ત થઈ છે.

ભાગવતજીમાં જોઈએ તો ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણમાં મનુષ્ય ભાવ નહિ રાખતા ભગવાનપણાનો ભાવ રાખીને સેવા કરી તો ઉદ્ધવજીને પણ કહેવું પડ્યું કે :-

અહોભાગ્યં મહોભાગ્યં,
નન્દગોપ વૃજૌકસામ્ ।
યન્મિત્રં પરમાનન્દ,
પૂર્ણ બ્રહ્મ સનાતનમ્ ॥

આ રીતે ગોપીઓની ઋષિઓની જેવી સબળ સાધના ન હતી. પરંતુ ભગવાનમાં ભગવાનપણાનો ભાવ રાખ્યો તો ભાગવતજીમાં ગોપીઓ વિટામીન રૂપ બની ગઈ. તો ભગવાન આવા મનુષ્ય પશુ કે પક્ષી કોઈ પણ જાતિમાં અવતાર લે તો તેમાં મૂર્તિમંત ભાવ રાખવામાં આવે તો સહેલાઈથી મોક્ષ મેળવી શકાય. મૂર્તિમાં સાક્ષાત્ ભગવાન જ છે એવી ભાવના માણસે રાખવી જોઈએ. કારણ કે મૂર્તિ-ધાતુ પાષાણ કે ચિત્રામણ એ આદિ ગમે તેની હોય પણ તે મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સંપ્રદાયના વડા પૂ. આચાર્ય મહારાજશ્રી કરે ત્યારે પરમાત્મા વિરાજમાન થાય છે. પછી ભક્તની ભાવના ઉપર ફળની પ્રાપ્તિ છે. આ ઉપરથી ગઢપુરની બનેલી ઘટના વિચારીએ તો ખ્યાલ આવશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણને એકવાર વિચાર આવ્યો કે અત્યારે સંતો અને હરિભક્તો મારું દર્શન પૂજન આદિ કરે છે. પરંતુ મારી મનુષ્ય લીલાની સમાપ્તિ પછી મારુ મૂર્તિસ્વરૂપ સત્સંગને આપુ તો પાછળ ભક્તોને દર્શન પૂજનનું સુખ આવે. આમ વિચારી સંપ્રદાયના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી નારાયણજી ભાઈને આજ્ઞા કરી કે અમારી સામે બેસી અમારી મૂર્તિ તૈયાર કરો. નારાયણજી ભાઈ મહારાજનો આદેશ સાંભળતા રાજી થયા. અને ચિત્ર માટે કાગળ અને પેન લઈ મહારાજની સામે બેઠા. મનમાં મહારાજની મૂર્તિનું ધ્યાન કરી ચિત્રામણની પ્રક્રિયા શરૂ કરી. જ્યાં મૂર્તિ થોડી તૈયાર થઈ ત્યાં સંધ્યાકાળનો સમય થયો. એટલે જે કાગળ ઉપર મૂર્તિનું ચિત્રામણ કર્યું હતું તે કાગળને પોતાના પલંગના ઓશીકા નીચે મૂકી આરતી આદિ નિત્યકર્મમાં ગયા.

દૈનિકનો ક્રમ પુરો થતા નારાયણભાઈ સૂવા માટે પોતાની પથારીમાં બેઠા. શાસ્ત્રોના નિયમો પ્રમાણે સૂતા પહેલા માણસે પરમાત્માના નામની માળા ધૂન આદિ કરી સૂવામાં આવે તો સ્વપ્ન સૃષ્ટિ નિર્મળ બને. ઘણીવાર માણસ સ્વપ્નમાં અનેક પ્રકારના કષ્ટોનું અનુભવ કરતો હોય છે. આવા સ્વપ્નોની નિવૃત્તિ માટે માણસે સૂતા પહેલા પરમાત્માનું ભજન-સ્મરણ કરીને સૂવાનું નિયમ રાખવું જોઈએ. મહારાજે પોતાના માધ્યમથી શિખવાડ્યું છે કે શયન કરો ત્યારે માળા અવશ્ય ફેરવવી. મહારાજ પોતે પણ શયન કરતા પહેલા માળા ફેરવતા. જે પ્રેમાનંદ સ્વામીની સ્વભાવિક ચેષ્ટામાં લખ્યું છે કે,

ઉભી રાખી ફેરે સૂતા સૂતા રે,
માળા માગી લઈને જમણે હાથે રે,
નિત્ય ફેરવે ચિત્ત દઈને ભૂલ ન પડે રે,
કેદી એવું નિયમ ધર્મકુંવરની રે.

આ પ્રમાણે નારાયણજીભાઈ પણ ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે પોતાના નિયમની માળા કરીને સૂતા. તેંવામાં રાત્રીના બારેક વાગ્યાનો સુમાર થયો હશે, તેવા સમયે કોઈ વ્યક્તિ વજન નીચે દબાઈ ગયો હોય તેવા ઉંહકારા સંભળાવા લાગ્યા! નારાયણજીભાઈ આ સાંભળી અચાનક ઉભા થઈ ગયા. જાગીને વિચાર કરે છે કે આ ઉંહકારા શેના આવે છે. ચારે બાજુ જોતા કોઈ ચહેરો આકૃતિ ન દેખાતાં વિચાર કરવા લાગ્યા કે મને ભ્રમ થયો હશે ! આમ વિચારી પાછા સૂઈ ગયા. વળી થોડો સમય થયો ત્યાં ફરી ઉંહકારા સંભળાવા લાગ્યા. નારાયણજીભાઈને લાગ્યું કે કોઈ ભૂત-પ્રેત હશે કે શું ? પરંતુ વળી વિચાર આવ્યો કે જ્યાં મહારાજ અને સંતો વિરાજમાન હોય ત્યાં આવા તત્વો નિવાસ કરી શકે નહીં. આવું વિચારી ફરી પાછા સૂઈ ગયા. ત્યાં ફરી તેમને તેવા ઉંહકારા સંભળાવા શરૂ થયા ! આમ આખી રાત ઉંહકારા સંભળાતા રહ્યા ! સવાર થતાં સ્નાન આદિ ક્રિયામાંથી પરવારી મહારાજના દર્શન કરવા ગયા. દર્શન કરી સામે બેઠેલા નારાયણજીભાઈને અસ્વસ્થ જોઈ મહારાજ કહે, કેમ નારાયણજીભાઈ તબીયત નરમ છે ? નારાયણજીભાઈ કહે એવું તો નથી પણ આખી રાત ઊંઘ નથી આવી. એટલે અસ્વસ્થપણું દેખાય છે. ત્યારે મહારાજ કહે તમોને તો ઊંઘ આવીજ જોઈએ. કારણ કે તમે અમારૂં ઓશીકું કરી સૂતા હતા. આ મર્મમાં કહેતા નારાયણજીભાઈ કહે મહારાજ ! તમો શું કહેવા માંગો છો તે ખ્યાલ નથી આવતો. ત્યારે મહારાજ કહે, તમો અમારી ચિત્રામણની મૂર્તિને ઓશીકા નીચે રાખીને સૂતા હતા તેથી તે મૂર્તિમાંથી ઉંહકારાના અવાજ સંભળાતા હતા. મહારાજના આવા વચન સાંભળીને દરેકને સમજાણું કે મૂર્તિને ચિત્ર-પાષાણની નહિ સમજીને મૂર્તિને મૂર્તિમંત ભગવાન જ સમજવા જોઈએ. તો જ પરમાત્મા રાજી થશે. તેની સાથે એ પણ યાદ રાખવું કે "અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી." (શિક્ષા. ૬૨)

(પાના નં ૭નું ચાલું)

જીવનમાં વસંત લાવતી શિક્ષાપત્રી

વિદ્યા અન્યને પણ ભણાવવાની તેવો આગ્રહ શ્રીજી મહારાજે ઉપમાં શ્લોકમાં સેવ્યો છે. આજે શાળા કોલેજ છાત્રાલયો દ્વારા શૈક્ષણિક ક્ષેત્રની સેવાર્થે જગત ભરમાં આપણો મૂળ સ્વામિનારાયણ સંપ્રદાય મોખરે છે.

આ માનવ જીવનમાં પંચવિષયના ઘા રૂઝાવવા શિક્ષાપત્રી જ વિષલ્યકરણી અમર ઔષધ છે. તમાકું, ગાંજો, મફર, માજમ, માંસ, મદ્ય, બિલકુલ ગ્રહણ ન કરવા. વ્યભિચાર ન કરવા, ચોરી ન કરવી, જુગટુ ન રમવા, શ્રીહરિએ શિક્ષાપત્રીમાં લોકોને આદેશ આપ્યો છે. શ્રીહરિના નંદકોટીના સંતવર્ય શતાનંદ સ્વામીએ શિક્ષાપત્રી ઉપર અર્થદિપીકા રચી. આ ગ્રંથ નિહાળીને સર્વોપરિ શ્રી સહજાનંદ સ્વામીએ ઉપદેશેલું કે અમારો જેવો અભિપ્રાય છે તેવો અભિપ્રાય આ ગ્રંથમાં અભિપ્રેત છે. શિક્ષાપત્રી પ્રમાણે વર્તનારને ચારેય પુરુષાર્થ પ્રાપ્ત થશે. તેવા શુભાશિષ સહજાનંદ સ્વામીએ અંતમાં આપ્યા છે. માટે સર્વે મુમુક્ષુ અને શ્રધ્ધાળુ ભક્તોએ શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ જીવન જીવવું. જેથી તેને ક્યારેય કોઈ મુશ્કેલી કે આફત નહીં આવે.

જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ

- સાધુ અભયપ્રકાશદાસ ગુરુ
દેવપ્રકાશદાસજી (અમદાવાદ)

આ જગતનો માનવ જેવી 'દૃષ્ટિ' કરે છે, તેવી તેને 'સૃષ્ટિ' ભાસતી હોય છે. ગમે તેવી સારી અને સુંદર વસ્તુ હોય પરંતુ જો દૃષ્ટિ ખરાબ હોય તો તે વસ્તુ પણ તેને ખરાબ દેખાય છે.

એકવાર કોઈ ગામમાં એક મહાશય કે'તા શેઠ ફરવા ગયા. 'ગામ એટલે ગામ.' ગામ તો આમેય હોય મજાનું. ખુલ્લી જગ્યા, ખુશનુમાં વાતાવારણ, સ્વચ્છ જળ અને શુદ્ધ ઘી-દૂધ. માણસને બીજું શું જોઈએ ? એ શેઠને પણ ગામ ખૂબ જ ગમી ગયુ હતું. ગામની બહાર ફરવા જવાનો એમનો દરરોજ નિત્યક્રમ હતો. તેઓ ગામમાં ફરતાં હતા, ત્યાં જ અચાનક દુર્ગંધ છૂટવા માંડી. થોડેક દૂર ગંદકીના ઢગલાં જેવો ઉકરડો ખદબદી રહ્યો હતો. આ દ્રશ્ય શેઠે જોયું. એમણે નાક ચઢાવ્યું અને મોઢું બગાડ્યું. શેઠે તરત જ તેમના કુર્તાના ગજવા માંથી રૂમાલ કાઢ્યો અને નાક આગળ રાખ્યો.

હવે, શેઠે ત્યાંથી પોતાના પગ વહેલાં ઉપાડ્યા. શેઠ જ્યાંથી પસાર થતા હતા. ત્યાં એવામાં જ એમની દૃષ્ટિ એ ઉકરડાં પર પડી. તેઓ ઉકરડાંને જોઈને ચમકી ગયા. કેમ ? કારણ કે, તે ઉકરડાં પર એક સુંદર, સુકોમળ 'પુષ્પ' ખીલ્યું હતું.

શેઠે આ ફૂલને પુષ્પને જોયું. પુષ્પ હસતું હતું અને સુગંધ વેરી રહ્યું હતું. શેઠે આ પુષ્પને ઉકરડાં પર ખીલેલું જોઈને તેમના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યાં, 'વાહ ! ઉકરડો અને ફુલ ..... ગંદકી અને સુગંધ .....' ઉકરડો ગંદો છે, દુર્ગંધમયી છે. આખાં ગામની ગંદકી ત્યાં ઠલવાય છે. ત્યાં થઈને ભૂલથી પણ જો પસાર થઈએ તો માંથુ ફાટી જાય. પણ અહીં તો કેવી વિચિત્રતા છે. ઉકરડાં પર પુષ્પ ખીલ્યું છે. ફુલ મહેકે છે, હસે છે. આ તેની વિશિષ્ટતા છે.

પરંતુ, મનુષ્યનો સ્વભાવ ખૂબ જ વિચિત્ર છે. તેને ગંદકીની ખૂબ ચીડ હોય છે. દુર્ગંધ તેને ગમતી નથી, ખપતી નથી. તેને પુષ્પ જોઈએ છે, ગંદકી નહી. પરંતુ, ઉકરડાં પરનું પુષ્પ તો કંઈક જુદી જ વાત કરે છે.

જીવનમાં હંમેશા તમે યાદ રાખજો કે, જે મનુષ્ય પુષ્પની સુગંધ, ફોરમ ઈચ્છે છે, એણે ઉકરડાંની અવગણના કર્યે નહી ચાલે. મનુષ્યની આંખ જો પુષ્પ તરફ હશે તો ઉકરડો નહિ દેખાય. આ બધી વાતનો મૂળ આધાર મનુષ્યની નજર કે'તા 'દૃષ્ટિ' ક્યાં છે ? તેનાં પર છે. જેને ઉકરડો જોવો છે તેને ઉકરડો જ જોવા મળે છે. પરંતુ જેને પુષ્પ જોવું છે તેને પુષ્પ જ જોવા મળશે. ફુલને બદલે જો ઉકરડો દેખાય ત્યારે સમજી લેવું કે ક્યાંક દૃષ્ટિનો દોષ છે. ઉકરડો જોનારની ભીતરમાં પણ ઉકરડો જ હોવાનો. ગામમાં કે શહેરમાં રખડતાં કુક્કર-ભૂંડને સુંદર અને સ્વચ્છ બગીચામાં છોડવામાં આવે તો પણ તે ફરી ફરીને ગંદકી વાળી જગ્યા શોધી કાઢે છે. અંતે અંદર રહેલી ઈચ્છા જ મહદ્‌ અંશે બહાર તરી આવે છે. કેટલાક મનુષ્યો કાદવ-કીંચડમાં હાથ બોળીને જ કામ કરતા હોય છે. કાદવમાં પડી ને કામ કરશે અને પછી જાહેર કરશે કે, "આ જગતમાં તો સર્વત્ર ગંદકી જ છવાયેલી છે." ગંદકી કશે જ નથી. ગંદકી છે કેવળ એમના મનમાં. ગંદવાડ અંદર છે, બહાર નહીં. જે બહાર છે એ તો માત્ર અંદરના ગંદવાડનું જ પ્રતિરૂપ છે. એક કવિ એ ગાયું છે કે-

"દેનાર તો દે નયનો જ માત્ર !
શું દેખવું ? તે કથવા ન પાત્ર !"

સાચી વાત તો એ છે કે આંખો વડે શું જોવું એ માણસનાં હાથની વાત છે. મન વડે શું વિચારવું તે માણસના હાથની વાત છે. અને જો આ જોવું, વિચારવું વગેરે આપણા હાથની વાત જ હોય તો સારું કેમ ન જોવું ? સારું કેમ ન વિચારવું ?

જેમ ભરવાડ પાસે હીરાને પારખવાની દૃષ્ટિ ન હતી તો એને એ હીરાને ચમકતો પથ્થર માની તે પોતાની બકરીને ગળે બાંધ્યો. પરંતુ એજ હીરો પારખનાર પાસે ગયો તો તેની ઘણી કિંમત ઊપજી.

અહીં જ એક એવું ગુલાબનું દૃષ્ટાંત લઈએ. ગુલાબનાં છોડ પર ગુલાબ તો છે જ. પણ, તેમાં કાંટા પણ છે શું જોવું ?

તેની ડાળી પરનાં કાંટાને કે ગુલાબને ? જો તમે કાંટાની સામુ જોશો તો ગુલાબની સુગંધ શી રીતે માણશો ? માટે તમારી નજર કાંટા પર નહી પણ, ગુલાબ પર જ સ્થિર કરો. કાંટાને જોઈને મન ન બગાડો, ગુલાબને જોઈને સુગંધમયી ફોરમવંથા બનો. આખરે વસ્તુ તો એક જ હોય છે પરંતુ તેને ઓખળવાની-પારખવાની દૃષ્ટિ અલગ હોય છે. જગતમાં જો મનુષ્ય સારું જ જુવે તો તેને ખરાબ પણ સારું જ દેખાય છે. અને જો ખરાબ જ જોયા કરે તો આખું જગત તેને ખરાબ જ દેખાય છે.

'મહાભારત'નો એક પ્રસંગ છે. એક વાર ભગવાન 'શ્રીકૃષ્ણે' દુર્યોધનને કહ્યું કે, તુ આ જગતમાંથી 'સારામાં સારો' મનુષ્ય શોધીને લાવ. દુર્યોધન સારા મનુષ્યની શોધમાં નિકળ્યો. પરંતુ તે બધાની અંદર તે કાંઈને કાંઈ અવગુણ જોવા લાગ્યો. અને એમ કરતા બધે ફરીને તેને એમ થયું કે આ જગતમાં મારા જેવો સારો અને ચતુર બીજો કોઈ નથી. એવી જ રીતે પછી 'શ્રીકૃષ્ણે' 'યુધિષ્ઠિર'ને આજ્ઞા કરી કે જગતમાં 'ખરાબમાં ખરાબ' મનુષ્યને શોધી લાવ. તેઓ ખરાબ મનુષ્યની શોધમાં નીકળ્યા પરંતુ તેમણે દરેક વ્યક્તિમાં કંઈક ને કંઈ સારા ગુણો જોયા. અને પછી યુધિષ્ઠિરે પાછા

ફરીને 'ભગવાન શ્રીકૃષ્ણ' ને કહ્યું કે આ જગતમાં મારા જેવો ખરાબમાં ખરાબ મનુષ્ય બીજો કોઈ નથી.

આ પરથી કહેવાનું છે કે, આખું જગત તો એક જ હતું, પણ દુર્યોધનને કોઈ સારું ન મળ્યું જ્યારે યુધિષ્ઠિરને કોઈ ખરાબ ન મળ્યું.

માટે એક કવિ એ ગાયું છે કે,

બુરાં જો દેખન મૈં ચલા બુરાં ન મિલા કોઈ,
જબ અપને આપકો દેખાં તો મુજ સે
બુરાં ન કોઈ.

પારખવાની દૃષ્ટિ જો શુદ્ધ હશે તો તેને જગતમાં કોઈ ખરાબ દેખાતું નથી. પરંતુ જો દૃષ્ટિ જ અશુદ્ધ હશે તો કોઈ સારું દેખાતું નથી.

તેથી જ આપણા સંસ્કૃત સાહિત્યો કહે છે કે, "दृष्टिपूतं न्यसेत् पादम्" અર્થાત્, 'દૃષ્ટિથી' શુદ્ધ થયેલું પગલું ભરવું.

વાસના

- સાધુ વિનયપ્રકાશદાસ (સ્વા. સંસ્કૃતવિદ્યાલય જેતલપુર)

यं यं वापि स्मरन्मावं
त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय
सदा तद्भाव भावितः ॥

આ જગતના જીવાત્માને અનેક પ્રકારની વાસના રહેલી છે. જેમ કે પિતાને પુત્રની પર વાસના હોય, મા ને દીકરા, દીકરીની અંદર વાસના હોય, ગાયને પોતાના વાછરડાની અંદર વાસના રહેલી હોય, એમ આ જગતના દરેક જીવ પ્રાણી માત્રની અંદર વાસના રહેલી હોય છે. અને એજ વાસના એ કરીને આ જગતનો દરેક જીવાત્મા ભટકતો હોય છે.

આપણા મનની અંદર પ્રશ્ન થાય કે વાસના એટલે શું ? વાસના એટલે આસકિત. પણ સ્થાવર-જંગમ પદાર્થમાં આસકિત પૂર્વક હેત કરવામાં આવે તેને વાસના કહેવાય. અનંત કાળથી આ જીવાત્માઓ વાસનાઓને કારણે અનંત પ્રકારના દેહો ધારણ કરીને વારંવાર જન્મ-મરણને પામે છે. મહારાજે પ્રથમના અગીયારમાં વચનામૃતમાં કહે છે કે પૂર્વે જે વિષય ભોગવ્યા હોય ને દીઠા હોય અને સાંભળ્યા હોય તેની જે અંતઃકરણ ને વિષે ઈચ્છા વર્તે તેને વાસના કહીએ. અને વળી જે વિષય ભોગવ્યામાં ન આવ્યા હોય તેની જે અંતઃકરણ ને વિષે ઈચ્છા વર્તે તેને પણ વાસના કહીએ. એક સ્વામીએ ખૂબ જ સરસ કહ્યું છે.

જ્યાં વાસના જેનિ જરી રહે છે
તે જન્મ તો ત્યાં જઈને લહે છે.
માટે થજો સૌ નિરવાસનિક
જો જન્મ મૃત્યુ તણી હોય બીક.

અર્થાત્-જ્યાં જેની વાસના જઈને રહે છે ત્યાં જ તેનો જન્મ થાય છે. માટે સ્વામીએ પણ કહ્યું છે. બધા નિર્વાસનીક થજો. જો જન્મ-મૃત્યુ તણી બીક હોય તો નિર્વાસનિક બનજો. જો ફરીથી આ જન્મ મરણનાં ફેરામાં ન આવવું હોય તો ભગવાનનું ભજન ભક્તિ કરજો અને નિર્વાસનિક બનજો.

વાસનામાં બંધાયેલો જીવ અનેક વાર પિતા પુત્ર અને સ્ત્રી બને છે. અનેકવાર પૂર્વ જન્મના શત્રુઓ પણ ઘરમાં આવે છે. વાસનાને કારણે દાદો જ પૌત્ર બનીને આવે છે. એ આપ સૌને ખ્યાલ જ હશે. તુલસીદાસજી પણ કહે છે કે -

એક મૃગકે કારણે ભરત ધરી તીન દેહ
તુલસી ઉનકી ક્યાં ગતિ ઘર ઘર કરત સનેહ

ભરતજીને એક મૃગના બચ્ચાની અંદર વાસના રહી ગઈ તો તેમને ત્રણ ત્રણ જન્મ લેવાં પડ્યાં. સમજવા જેવી તો વસ્તુ એ છે ભરતજીને પોતાના પૂર્વ જન્મ ના વૃત્તાંત નો ખ્યાલ હતો તેથી તેવો ચેતી ગયા હતા. જ્યારે આ જગતનાં જીવાત્માને તો આ જન્મ નું પણ ભાન રહેતું નથી. તો પછી આગલા જન્મની ક્યાં વાત કરવી ! વિષ્ણુ સહસ્રમાં પણ કહેવામાં આવ્યું છે કે :-

वासनाद्वासुदेवस्य वासितं भुवन त्रयम् ।
सर्वभूतनिवासोऽसि वासुदेव ! नमोऽस्तुते ॥

વાસના વાસુદેવમાં રાખવી. અર્થાત્ પરમાત્મામાં રાખવી. દરેક બંધનો છૂટી જશે. જ્યાં સુધી વાસના રૂપી દોરી ને ન છોડે ત્યાં સુધી આગળ વધાતુ નથી. વિષય વાસના રૂપી દોરીથી જીવની ગાંઠને છોડવાની છે.

એક ચોબાજી ગોકુળ જવા માટે હોડીમાં બેસીને નીકળ્યાં. પરંતુ ભાંગ ખૂબ પીધેલી તેથી હોડીના દોરડાને છોડવું ભૂલી ગયા. પછી હોડીમાં બેસી જોર જોર થી હલેસા મારવા લાગ્યા અને બોલવા લાગ્યા. "નાવ અભી પહુંચ જાયેગી" "અભી ગોકુલ આ જાયેગા" આમ કરતાં કરતાં સવાર સુધી હલેસા માર્યા. પછી ભાંગનો નશો ઉતરી ગયો ત્યારે ખબર પડી કે આ જ વિશ્રામ ઘાટ છે ! અને આજ મથુરા છે ! આ દ્રષ્ટાંત નો સિધ્ધાંત એ સમજવાનો છે કે આખી રાત્રી ચોબાજી એ હલેસા માર્યા છતાં પણ વહાણ ત્યાંનું ત્યાં જ રહ્યું. તેથી તેની મહેનત પાણીમાં ગઈ. પરંતુ આમ કેમ થયું? તેનું શું કારણ ? તો તેનું કારણ એક જ હતું કે તેમને ભાંગ પીવાને કારણે નશો ચડ્યો હતો. તેથી વહાણનું દોરડું છોડવું ભૂલી ગયા હતા. એજ રીતે આ જીવાત્માને ઈન્દ્રિય સુખ રૂપી નસો ચડેલો છે તેના કારણે વાસના રૂપી દોરડું છોડવું ભૂલી ગયા છે. પછી નવધા ભક્તિ રૂપી હલેસા માર્યા કરે છે. પરંતુ ગોકુલ રૂપ અક્ષરધામ આવતું નથી. હે ભક્તો વાસના રૂપી દોરડાને છોડીને શ્રીહરિનું ભજન કરવું અને આ જગતની અંદર વાસના ન રહે પરંતુ આ જગતપતિ પરમાત્માના સ્વરૂપમાં વાસના રહે તેવું જીવન બનાવજો.

સાચું અમૃત

- સુવ્રત સ્વામી (ઉનાવા)

સમજણ એજ સાચું અમૃત છે. જીવનમાંથી જ્યારે સમજણ ચાલી જાય છે ત્યારે જીંદગી ભાર રૂપ બને છે. ફૂલોથી સજજ બનેલા રસ્તાઓ તેને કાંટાઓથી ઉભરાયેલા જણાય છે. સર્વત્ર સુગંધ પ્રસરાયેલી હોય છતાં પણ દુર્ગંધની વાસ આવતી જણાય છે. એટલે કવિ કહે છે :-

સમજણ જીવનમાંથી જાય,
પછી જોયા જેવી થાય.....

જેને સત-અસત્‌ને વિવેક નથી તેના દરેક કાર્યો ખારા જળના સમુદ્ર જેવા બની જાય છે. સમજણતો મીઠા જળના લોટા જેવી છે. કારણ કે ભલે મીઠા પાણીનો એક લોટો હોય છતા તરસ્યા માનવ માટે અમૃત સરખું કામ આપે છે. પરંતુ ખારા જળનો સમૃદ્ર અગાધ ભરેલો હોય છતા તરસ્યા માનવની તરસને છિપાવી શકતો નથી.

અહંકાર, અભિમાન અને વિષય વાસનાઓથી અંધ બનેલો માનવી ક્યારેય પણ પોતાનું તથા પારકું સુખ મેળવી શકતો નથી. પોતાનું આત્મહિત અને પરનું હિત પ્રાપ્ત કરવા માટે જીવનમાં સાચી સમજણની આવશ્યકતા છે.

જ્યારે નકુલ, સહદેવ, અર્જુન અને ભીમ જળ પીવા માટે આકળા બનેલા અને અહંકારને વસ થઈને યક્ષનો ઉત્તર ન આપ્યો તો પોતાના પ્રાણ ખોઈ બેઠા હતા. ત્યારે સમજણે યુક્ત યુધિષ્ઠરના સંતોષકારક જવાબથી પોતાનો પ્રાણ બચ્યો અને ભાઈઓના પ્રાણની રક્ષા કરી. તો સમજણ એજ સાચી મુડી છે. એજ સમજણ ભવસાગર પાર કરવામાં નૌકારૂપ વહાણનું કામ આપે છે. આવી સમજણ પ્રાપ્ત કરવા માટે સત્ય વસ્તુનો સંગ રાખવો પડે છે. (૧) સત્ય એવા પરમેશ્વર (૨) સત્ય એવા શાસ્ત્ર અને (૩) સત્ય એવા સંત આ ત્રણના યોગથી આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

આવી જે અવિનાશી અને અમૃત સમાન ભક્તિ રૂપી શક્તિ સમાયેલી છે તેનો સંગ કરવાથી જીવનમાં સત્ય વસ્તુના બીજ રોપાય અને વટવૃક્ષ બની અનેકનો સહારો બને અને અસંખ્ય જીવોના જીવનને ઉજ્જવળ અને પ્રકાશમાન બનાવે છે.

જેમ કે કોડિયાની અંદર પરંતુ તેને તેલનો સંગ ન થાય ત્યાં સુધી અજવાળું પથરાતું નથી. તેમ સાચા ગુરુની ઓળખાણ સિવાય સત્ય વસ્તુની સમજણ પ્રાપ્ત થતી નથી.

સ્વયં ભગવાન સ્વામિનારાયણ પણ આ બાબત સમજાવતા કહે છે ભાઈ જ્યાં સુધી કુટુંબમાં પરિવારમાં ભાઈ ભાઈ વચ્ચે મા-દીકરા કે બાપ વચ્ચે જો સંપ નહિ અર્થાત સમજણ વિના ઝગડાઓથી વેરઝેરથી ઈર્ષા અને કપટ, રાગ અને દ્વેષ આદિથી જો આપણું જીવન ઘેરાયેલું હશે તો ક્યારેય પણ તે પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકતો નથી.

જેમ કે મછિયાવના ફૈબા અને તેના પૂત્રવધુ વચ્ચે અણ બનાવ હતો તો મહારાજ સમજાવવા માટે પધાર્યા. સંતોએ રસોઈ તૈયાર કરાવી પણ સ્વયં ફૈબાએ પુરુષોત્તમ નારાયણની વાત ન માની જેથી મહારાજ ત્યાંથી ચાલી નિકળ્યા અને સંતોએ જાણ્યું મહારાજ ન રોકાય તો આપણાથી કેમ રહેવાય ! ચૂલે મુકેલા આંધણ તેમને તેમ પડ્યા રહ્યાં અને સૌ ચાલી નીકળ્યા. ને એમ કહેવાય છે કે ત્યારથી ફૈબા સત્સંગમાંથી પડી ગયા અને ખૂબજ દુઃખને પામ્યા.

માટે સારા સદ્‌ગુણો કેળવવા માટે જેમ ગુલાબ કંટકની વચ્ચે રહે છે તેના દુઃખને હસતા મુખે સહન કરે છે. કમળ કાદવમાં રહે છે છતાં પણ પોતાની મૃદુલતા અને કોમળતા તેને છોડતું નથી. હંમેશા આનંદમાં રહે છે. દુર્ગુણોનો ત્યાગ કરી સદ્‌ગુણોની સુવાસ મેળવતું રહે છે. તેમ આ જીવ માયા રૂપી કાંટાઓ અને કાદવમાં રહેવા છતાં સત્સંગ કથા વાર્તા, ધ્યાન, ભજન અને સહનશીલતા આદિ સુખદાયી અને કલ્યાણકારી ગુણોનું સેવન કરીને હસતા મુખે જીવન જીવવું.

શા માટે તો ? હંમેશા ચોરી તો સોના-ચાંદી હીરા, માણેક, મોતી, લક્ષ્મીની થાય છે પણ લોઢાની ચોરી ન થાય. તેમ સદ્‌ગુણો એ હીરા, મોતી જેવા છે. તેને સાચવી રાખવા એજ સાચું કર્તવ્ય અને સમજણ છે. સાચી સમજણ તો કલ્યાણની ચાવી છે. સાચા સુખનો આધાર છે. પાંડવો જંગલમાં રઝળતા હતા છતાં તે સુખી હતા. શબરી જંગલમાં રહેતી હતી છતાં આનંદમાં હતી. તેમ લક્ષ્મણજીએ રાજ સુખનો ત્યાગ કર્યો હતો છતાં રામના સાનિધ્યમાં તેમને સુખ હતું. તેમ ભકતો સર્વ સુખનું મૂળ તો હરિનું ચરણ છે. અને એજ સાચી સમજણ છે.

જો સાચા સુખની આશા હોય તો જ્યારે જીવનમાં દુઃખ રૂપી વંટોળીયા આવે ત્યારે પરમાત્માને યાદ કરી તૃષ્ણા રૂપી તાળાઓને ધીરજતા રૂપી ચાવીથી ખોલી નાખવું. પૂર્વે ઘણા સારા રાજા મહારાજાઓ સત્ય અને ધર્મના રાહ ઉપર ચાલીને રાજપાટ ચલાવતા. પ્રજાને ક્યારેય દુઃખી કરતા નહીં. કારણ તેઓને ભગવાનનો ડર હતો. જેના પરિવારો આજે પણ સુખ શાંતિથી જીવે છે.

સુખ અને દુઃખમાં પણ સુખના સાગર સમાન શ્રીહરિ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણને સંભારવા અને તેનું નિત્યે સ્મરણ કરવું. એજ સાચી સમજણ અને એજ સાચું અમૃત.

એ.....ક જાદુ

- સાધુ સત્યપ્રકાશદાસ (મૂળી)

જાદુ એટલે ચમત્કાર અથવા આશ્ચર્ય. આજકાલ જાદુની કે જાદુગરની દુનિયા ઘણી વિસ્તરેલી છે. જાદુ એટલે પ્રેક્ષકોની નજરમાં ચમત્કાર કે અદ્‌ભૂત આશ્ચર્ય છે. પણ જાદુગર માટે તો ફક્ત હાથની કરામત છે. આ કળામાં કોઈ મંત્ર સાધના હોઈ એવું આપણને જણાતુ નથી. આ તો કેવળ પ્રેક્ષકો માટે માત્ર-મનોરંજન છે.

સર્વોપરિ ભગવાન શ્રીહરિ કોઈ જીવાત્માના સંકલ્પની પૂર્તિ માટે ક્યારેક ચમત્કાર બતાવતા. જેમ કે, લોજ ગામે વર્ણીવેશે માથા ઉપર ઉંચકેલો ચીભડાનો ભારો એક વેંત અધ્ધર માથા ઉપર ચાલ્યો આવ્યો ! ગામની છાણ મેળવનાર સ્ત્રીઓને છાણના પોદળામાં બ્રહ્માંડના દર્શન કરાવતા ! માતા ભક્તિદેવીને મુખમાં બ્રહ્માંડ બતાવ્યું હતું ! સુવાસીની ભાભીને આંગણામાં આંબલીની ડાળી રોપીને તુલસીના છોડ તરીકે પ્રસ્થાપિત કરી બતાવ્યું ! વગેરે વગેરે ઘણા ચમત્કાર બતાવેલા છે. ઉપરાંત કોઈ મુમુક્ષુ જીવ સંકલ્પ કરે કે "આવુ બતાવે તો ભગવાન" તો તે પ્રમાણે ભગવાન સંકલ્પ પૂર્ણ કરતા. લાડુદાનજીના મિલન સમયે વિષમ ઋતુમાં ગુલાબનો હાર ઓળખાણ ! વગેરે વગેરે.

ભગવાન શ્રીહરિ વર્ણીવેશે ગિરનાર પર્વતની તળેટીમાં રાધાદેરીની જગ્યામાં રાત્રી રોકાયા. મોડી રાત્રે એક ડાલામથો કેસરીસિંહ ભૂરકિયા કરતો નજીક આવ્યો. પ્રેમભરી દ્રષ્ટિથી વર્ણીરાજે તેને વશ કરી ચરણ ચાટતો મુમુક્ષુ બનાવી દીધો અને રાત ભર કેશરી સિંહનો તકિયો કરીને ધ્યાનમાં બેસી રહ્યા. સવારે વર્ણીરાજ વિચારે છે કે સિંહની સવારી કરીને ગામો ગામ ફર્યા હોઈએ તો ઘણા લોકો માને પૂજે અને આશરે આવે ! અને આપણે જીવાત્માનો ઉદ્ધાર કરવાનું ઘણું સરળ બની જાય !

બીજી જ ક્ષણે પરમાત્મા વિચાર કરે છે "નહિ - નહિ" આવું કરવાથી જીવાત્માનું અજ્ઞાન નહિ ટળે, માટે આપણે તો જ્ઞાન માર્ગથી જ ઉપદેશ આપીને અપાવીને જીવાત્માને તારવા છે. આમ શુભ સંકલ્પ કરીને સિંહને માથે હાથ મુકીને વિદાય આપી. સિંહનો બેડો પાર થઈ ગયો ! કેવો ચમત્કાર ભગવાન શ્રીહરિએ કર્યો. આ તો. ભગવાનની લીલા છે. થોડા દિવસ પહેલા નિવૃત આચાર્ય પ.પૂ. મોટા મહારાજશ્રીએ સમસ્ત મુમુક્ષુને એક જાદુ બતાવ્યો છે. જે હું અત્રે જણાવું છું. ઉત્તર ગુજરાતનાં ગવાડા (તા. વિજાપુર) ગામે ભક્ત ચિંતામણીની પારાયણ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની સાથે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા જેથી ગામમાં અતિ આનંદ-આનંદ છવાઈ ગયો. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચન પછી પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં સૌને એક જાદુ બતાવતા વાત કરી કે, "આ જગતમાં મનના અને તનના અનેક રોગીઓ છે. તનના રોગી કરતા મનના રોગી ઝાઝા હશે. તનના રોગ માટે ડોકટરો અને ઔષધ ઉપલબ્ધ છે. પણ મનના રોગ માટે ડોકટર કે દવા મળવા છતાં ફળશ્રુતિ નિરોગીતા પ્રાપ્ત થતી નથી." મનના રોગી માટે ભક્તચિંતામણીનો પાઠ એક જાદુ છે. !" સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ અદ્‌ભૂત ગ્રંથની રચના કરી છે. જેમાં ગુંથેલ ભગવાન શ્રીહરિની લીલાનું પઠન શ્રવણ મનના રોગીના માનસિક રોગને ભગાડી મૂકવાનો એક અદ્‌ભૂત જાદુ છે. ભક્તજનો ! રાગ-રાગરણીમાં ગવાતા શાસ્ત્રનો અભ્યાસ સૌ ત્યાગી ગૃહી ભાઈ-બાઈ સર્વેએ કરવાનો આગ્રહ રાખીને ભગવાનની લીલાને અંતરમાં ઉતારવી.

વાચકો મનોરોગી હશે તેવુ કહેવાનો મારો આશય નથી પણ આપણે બધા ભવરોગી ચોક્કસ છીએ. મોટા ડોકટરશ્રીએ દવા બતાવી છે તો નિરંતર આ ઔષધીનું સેવન કરવાનું ચુકીશું નહિ. જીવાત્મા નિરોગી બને છે. સાથે સાથે તમામ મુમુક્ષુના ભવરોગને મટાડવાનો પણ માર્ગ છે.

- પ.પૂ. મોટા મહારાજશ્રીએ ભક્તચિંતામણી ગ્રંથનું હંમેશા વાંચન શ્રવણ કરવાની ભલામણ-આજ્ઞા કરી છે.

શ્રવણ ભક્તિ

- સાધુ કુંજવિહારીદાસ (જેતલપુર અક્ષરમહોલ વાડી)

આપણા ભારતીય ધર્મશાસ્ત્રોમાં શ્રવણ ભક્તિનો ખૂબ જ મહિમા બતાવવામાં આવ્યો છે. નવધાભક્તિમાં પણ શ્રવણ ભક્તિને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

"श्रवणं कीर्तनंविष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वंदनंदास्यंसख्यमात्मनिवेदनम् ॥"

भागवत-७/५/२३.

"શ્રવણ" અને "સાંભળવું", આ બન્ને શબ્દોમાં જમીન આસમાનનો ફરક છે. તફાવત છે. શ્રવણ એ એક ઉત્કૃષ્ટકલા છે. સાંભળવા માટે કાન પર્યાપ્ત છે. જ્યારે શ્રવણમાં ધ્યાનની જરૂર છે. ધ્યાન વગર શ્રવણ સંભવતું નથી. સાચો શ્રોતા હોય તે તો શ્રવણ કરી રહ્યો હોય ત્યારે કેવળ આંખ અને કાન તન્મય બની જાય છે. કાનથી વક્તાના મુખથી કથામૃતનું શ્રવણ કરે છે અને આંખથી વ્યાસસ્વરૂપ વક્તાશ્રીના મુખચંદ્રને નિહાળે છે. શ્રવણ ભક્તિના આચાર્ય પૃથુમહારાજ છે. જેનું વર્ણન શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં કરવામાં આવ્યું છે.

न कामये नाथ तदप्यहं कवचिन्
न यत्र युष्मच्चरणाम्बुजासवः ।
महत्तमान्तर्हृदयान्मुखच्युतो
विद्यस्त्वकर्णायुतमेष मे वरः ॥

भा.४/२०/२४.

અર્થાત્ - હે પ્રભુ ! મને તો એ મોક્ષપદની પણ ઈચ્છા નથી કે જેમાં મહાપુરુષોના હૃદયના એમના મુખકમળથી નીકળેલ આપણા ચરણકમળોનો રસ નથી. માટે પ્રભુ મારી તો એ જ પ્રાર્થના છે કે મને દસ હજાર કાન આપો જેથી હું આપના લીલાચરિત્રો સાંભળતો જ રહું. અને આ જગતનો જીવાત્મા ન માંગવાનું માંગે. પ્રભુ પ્રાપ્તિ પછી પ્રસન્ન પરબ્રહ્મ પરમાત્મા ઈચ્છિત વરદાન માંગવાનું કહે તો પૃથુ મહારાજને અવશ્ય યાદ કરજો.

ઉત્તર પ્રદેશના લોકો સાંભળનારા ના ત્રણ પ્રકાર બતાવે છે. (૧) સોતા (૨) સરૌતા (૩) શ્રોતા

પ્રથમ પ્રકારના લોકો જ્યાં કથા સાંભળવા જાય છે ત્યાં નિરાંતે સૂઈ જાય છે. કથાવાર્તામાં આવા સમાધિસ્થ લોકો ખાસ જોવા મળે છે. નિંદ્રા માટે સંસ્કૃત સાહિત્યકારે કુંભકરણનું દૃષ્ટાંત ખૂબ જ રમુજી રીતે આપ્યું છે. "કુંભકર્ણ વર્ષમાં છ-છ મહિના ઉંધી રહેતો. એટલે નિંદ્રા કુંભકર્ણની પત્ની બની ગઈ. કુંભકર્ણ મર્યો એટલે નિંદ્રા વિધવા થઈ અને વિધવા સ્ત્રી તો કથા સાંભળવા જ જાય ને ?"

બીજા પ્રકારના સાંભળનારા એટલે "સરૌતા" કે જે સુડી જેવા હોય છે. તેઓ સમજ્યા વિના એકનું બીજું વેતરતાં હોય છે. આવા શ્રોતાઓ પર વ્યંગ કરતાં અખાએ કહ્યું છે કે .....

"કીધું કશું ને સાંભળ્યું કશું,
આંખનું કાજળ ગાલે ઘસ્યું."

માણસે બહુશ્રુત થવું જોઈએ. અનેક જ્ઞાનીઓ આ વસુંધરા તટ પર વિચરે છે. તેમની પાસેથી આપણને જ્ઞાનનો અખૂટ ખજાનો મળી શકે છે. જ્ઞાનરૂપી ધન સાંપડી શકે તેમ છે. પરંતુ એ જ્ઞાનરત્નોને વિવેકના દોરામાં પરોવવાની ક્ષમતા આપણામાં હોવી જોઈએ. સુભાષિતકાર કહે છે કે .....

"यस्य नास्ति विवेकस्तु केवलं यो बहुश्रुतः ।
स न जानाति शास्त्रार्थं दर्वी पाकरसानिव ॥

અર્થાત્ - જેની પાસે પોતાનો વિવેક નથી. જે કેવળ બહુશ્રુત છે. (વર્ષોથી ઊંધું ઘાલીને કેવળ સાંભળ્યા જ કરે છે) તે રસોઈના પદાર્થમાં ફરતી કડછીની માફક શાસ્ત્રોના સારરૂપ રસને જાણી શકતો નથી.

ત્રીજો સાંભળવાનો પ્રકાર છે "શ્રોતા". જે વિવેકી હોય છે. "बाबावाक्यं प्रमाणम्" ગણીને કોઈ વાતને સ્વીકારતો નથી. પરંતુ સાંભળેલી વાતને ધ્યાનથી મનન કરે છે. વિચારોને આત્મસાત્ કરીને તે પોતાના ચારિત્ર્યનું સુયોગ્ય ઘડતર કરે છે.

જુની અને જાણીતી એક વાર્તા છે. એક કારીગર ત્રણ પૂતળા બનાવીને રાજાના દરબારમાં લઈ ગયો. રાજાએ ભાવ પૂછયા. પેલાએ એકની કિંમત એક સોનામહોર બતાવી, બીજાની સો સોનામહોર અને ત્રીજાની એકહજાર સોનામહોરો બતાવી. રાજા આશ્ચર્યમાં પડી ગયા. એક સમાન દેખાતી ત્રણેય મૂર્તિ કે પૂતળાના ભાવ અલગ-અલગ કઈ રીતે હોઈ શકે ? આ બાજું એક પ્રધાને સવિસ્તાર બતાવવાનું બીડું ઝડપ્યું. એક ઝીણો-પાતળો વાળો લઈને એક પૂતળાના કાનમાં નાખ્યો ને એ બીજા કાનથી બહાર નીકળી ગયો. બીજા પૂતળાના કાનમાં નાખ્યો તો મુખમાંથી બહાર નીકળ્યો અને ત્રીજા પૂતળાના કાનમાં નાખ્યો તો તે પેટમાં ઉતરી ગયો .આમ આપણે પણ આપણી કિંમત વધારવા માટે કથા શ્રવણ કરી એને અંદર ઉતારી મનન અને નિદિધ્યાસ કરવો જોઈએ.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ પણ વચનામૃતમાં આ વાતને પાને પાને દોહરાવી છે. શ્રીહરિ સારંગપુર પ્રકરણના ઉજા (ત્રીજા) વચનામૃતમાં કહે છે કે, "ભગવાનના દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન અને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો તેનો સાક્ષાત્કાર થાય. નહિ તો આખી ઉમંર દર્શન-શ્રવણ કરે તો પણ સાક્ષાત્કાર થાય નહિ.

તો આપણે પણ સત્શાસ્ત્રોનું શ્રવણ કરી મનન અને નિદિધ્યાસ કરી પ્રભુનો સાક્ષાત્કાર કરીએ. એ જ પ્રાર્થના.

વચનામૃત : ગ.પ્ર. ૫

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

પ્રસ્તુત વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે - "રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું અને તે ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું, પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ, એવી રીતના જે આગ્રહવાળા છે તેની ઉપર ભગવાનની મોટી 'કૃપા' થાય છે અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે."

અત્રે મહારાજે શ્રીકૃષ્ણ નામે પોતાને કહ્યા છે, અને રાધિકા નામે પોતાના મુક્તોને કહ્યા છે. માટે મુક્તોએ સહિત શ્રીજી મહારાજનું ધ્યાન કરવું. અમારા વિના બીજા અવતારોનું ધ્યાન કરવું નહિ. આ અંગેની સ્પષ્ટતા મહારાજે લોયાના ૧૧માં વચનામૃતમાં કરી છે. મહારાજ કહે છે : "..... અને જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય તેનું જ ધ્યાન કરવું અને પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયા તે મૂર્તિનું ધ્યાન ન કરવું." અને પોતાને ભગવાનની મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની પેઠે ટેક રાખવી, જેમ પાર્વતીએ કહ્યું છે જે -

"કોટિ જન્મ લગ રગડ હમારી,
વરું શંભુ કે રહું કુમારી."

માટે પતિવ્રતાના જેવી ટેક કહી છે અને પતિવ્રતા ભક્તિને પ્રાધાન્ય આપ્યું છે, તેમ જ એક પરબ્રહ્મ પરમાત્માનું જ ધ્યાન કરવાનું કહ્યું છે.

ગ.મ. ૧૯માં કહ્યું છે કે, અમારું ધ્યાન કરવું પણ બીજા કોઈ દેવનું ધ્યાન કરવું નહિ..... "પણ ભગવાન વિના બીજા દેવની ઉપાસના ન કરવી અને જો બીજા દેવની ઉપાસના કરીએ તો તેમાં મોટો દોષ લાગે છે ને પતિવ્રતાપણું જાય છે ને વેશ્યાના જેવી ભક્તિ થાય છે."

ગ.પ્ર. ૫માં કહ્યું છે કે, "..... ભગવાનની મોટી 'કૃપા' થાય છે. અત્રે 'કૃપા' એટલે "પોતાની મૂર્તિનાં દર્શન આપવારૂપ કૃપા" એવો અર્થ અભિપ્રેત છે. અહીં મહારાજે 'ધ્યાન' ને વધુ પ્રાધાન્ય આપ્યું છે.

"ધ્યાનના આગ્રહનું અને ધ્યાન કરવામાં કાયર ન થવાનું' આ વચનામૃત ૨૭૩ વચનામૃતોમાં નાનામાં નાનું માત્ર પાંચજ પંક્તિનું વચનામૃત છે ! પરંતુ આ વચનામૃતનું તાત્પર્ય સમજવા જેવું છે. ધ્યાન એક અંતરયાત્રા છે. સૌથી અદ્‌ભુત વસ્તુ ધ્યાન છે.

ગીતાકાર કહે છે : "ધ્યાનની એવી અવસ્થા આવે છે કે, જ્યારે " न किंचिद् अपि चिंतयेत् ।" એટલે કે કોઈ પણ બાબતનો વિચાર કરવાનો હોતો નથી કે કોઈપણ બાબતનો વિચાર આવતો નથી."

નિર્વિચાર ધ્યાન એ સાધનાનું પરમ લક્ષ્ય છે. હું સ્થૂળ કે સૂક્ષ્મ દેહ નથી, પરંતુ ચેતન સ્વરૂપ છું. એવી વૃત્તિ કેળવી સ્થિરતા પ્રાપ્ત કરવી એને 'ધ્યાન' કહેવામાં આવે છે. ધ્યાન જીવનની સૌથી મહાન કલા છે.

ધ્યાનનું લક્ષ્ય આત્મા અને પરમાત્માનું મિલન છે. પૂર્ણ શ્રધ્ધા અને દૃઢ વિશ્વાસથી માત્ર લક્ષ્ય ઉપર દૃષ્ટિ સ્થિર કરવી અને એકાગ્રતા કેળવવી તે ધ્યાન છે. મોક્ષપ્રાપ્તિ માટે ધ્યાન જ એક રાજમાર્ગ છે. શ્રધ્ધા, ભક્તિ, ધ્યાન અને યોગ એ ચાર મુમુક્ષુ માણસની મુક્તિના ઉપાયો છો." એમ વેદ કહે છે. ધ્યાન દરમિયાન મન અંતઃકરણમાં પ્રવેશ પામતું હોય છે.

ધ્યાન વખતે ઘાટ-સંકલ્પ થાય તે સ્વાભાવિક છે. શ્રધ્ધા અને ભક્તિની પૂર્વ ભૂમિકા વગર ધ્યાન થઈ શકતું નથી. ચંચળ મનને ઈષ્ટદેવના સ્વરૂપમાં સ્થિર કરવું. કારણ કે એક જ સ્વરૂપનું વારંવાર ચિંતન કરવાથી મન શુદ્ધ થાય છે. સનાતન ધર્મમાં દેવ અનેક હોવા છતાં ઈશ્વર એક જ છે. માટે સર્વ દેવોનું પૂજન કરો, પરંતુ ધ્યાન ઈષ્ટદેવનું જ કરો. ધ્યાન એ પ્રેમની ગતિ છે.

ધ્યાન, ધ્યાતા અને ધ્યેય એ ત્રણનો સુભગ સમન્વય થવો જોઈએ. મન શુદ્ધિ દાન કે સ્નાનથી થતી નથી, પરંતુ પરબ્રહ્મ પરમાત્માનું ધ્યાન કરવાથી થાય છે. એક નિષ્ઠા એ એક અમોઘ શક્તિ છે. પ્રભુને પહોંચવાનો સીધો, સચોટ અને ટૂંકો માર્ગ ધ્યાન છે. તમે તમારા જીવ ભાવમાં ભલે વિહરો, પરંતુ ધ્યાન દરમિયાન ઈષ્ટદેવનાં ધ્યાનમાં એકાકાર અને ઓતપ્રોત રહો.

ધ્યાન એટલે જીવાત્માનો પરમાત્મા સાથે તાદાત્મ્ય અનુભવવા પ્રયાસ. આત્મા અને મનની એકતાનું નામ સમાધિ છે. ધ્યાન સાતમી અવસ્થા છે, જ્યારે સમાધિ એ ધ્યાનની અંતિમ પરમ અવસ્થા છે. સમાધિ ધ્યાનનું પરમ લક્ષ્ય છે. ધ્યાન વિના બ્રહ્મ સંબંધ શક્ય નથી. ટૂંકમાં, સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે, દાનથી ધનની શુદ્ધિ થાય છે, અને ધ્યાનથી મનની શુદ્ધિ થાય છે.

સત્સંગ સુરભિ :

તારા સાથી અમે છીએ

– એ. પોથીવાલા (અમદાવાદ)

લાંઘણોજ ગામે મહારાજ અને સંતો પધાર્યા. એનો આનંદ આખા ગામે કર્યો. ગામમાં સત્સંગીનાં ઘણાં ઘર હતાં. કણબી કુટુંબોમાં એક અમૃતબાઈ પણ હતા. મહારાજ માટે એમને અસીમ ભક્તિભાવ. એમને થયું કે રોજ રોજ માંગીએ છીએ કે મહારાજ અમારે ઘેર પધારે તો કેવું સારું અને એ સામે ચાલીને ગામમાં આવ્યા હોય તો પણ ઘેર ન બોલાવીએ તો તો હાથ આવેલો રૂડો અવસર એળે જાય. એમણે મહારાજને વિનંતી કરી. ઘેર પધારો. અમે થાળ કરીએ.

મહારાજ અધવચ્ચે જ બોલ્યા :- 'અમારે રોકાવું નથી. એ વાત જવા દો.' મહારાજ ઉભા થયા એટલે સંત-મંડળ પણ ઉભું થયું. અમૃતે આગ્રહ કરવામાં કશી મણા રાખી નહિ પણ એમનું કાંઈ ચાલ્યું નહિ.

ચાલતા ચાલતા રસ્તે એક વાડી આવી. મહારાજ તથા સંતોએ એક આંબાના ઝાડ નીચે મુકામ કર્યો. આ તો અમૃતબાઈની વાડી હતી. અંતર્યામી બધું જ જાણતા હતા. રાત્રે કીર્તન ભક્તિ શરૂ થયાં એટલે આસપાસની વાડીઓમાં રાતવાસો કરવા ગયેલા બધા ભેગા થયા. બહુ આનંદ કર્યો. એ વાત ગામમાં પહોંચી. ઊંઘી ગયેલા અમૃતબાઈ સફાળાં જાગી ગયા. ફળિયામાં આવી ચાંદરણાં તરફ નજર કરી તો જણાયું કે મધરાત વીતી ગઈ છે. ને મળસ્કે તો મહારાજ ચાલ્યા જશે. એમણે તરત જ દીવો કર્યો અને ચૂલો પેટાવી રસોઈ કરવા માંડી. મનમાં હરખ તો માતો નથી. મ્હોં ફાટે તે પહેલાં માથે રસોઈનો ટોપલો ચડાવી એ વાડીના રસ્તે ચાલ્યા. ઝીણે સ્વરે કીર્તન ઊપાડ્યું.

કાન તમારે કારણે હું તો ઘેલડી, ડોલું રે,
ઘેલડી ડોલું રે તમ વિના બીજું ન બોલું રે.

વચ્ચે તલાવડી આવી. કારતક હમણાં જ પૂરો થયો હતો. તલાવડી ભરેલી હતી. મહીં આકાશ ઊઘડતું હતું. અમૃતને થયું,' આવડું મોટું આકાશ આ તલાવડી ઝીલી શકે છે તો મારા હૈયામાં મારો હરિ સમાય તેની શી નવાઈ ! ચૌદ ભૂવનનો નાથ આટલામાં જ છે, હમણાં જ પકડી લઈશ.'' ને એના પગલાં વેગેથી ઉપડ્યા.

થોડે જતાં એમની વાડી આવી. ત્યાં તો રોજની આવન-જાવન, વાડ, ઝાડ ને પગથી બધાંની પૂરેપૂરી ગમ. સ્હેજ છેટેથી અમૃતને ટહૂકો કર્યો : એ મારા આંબા નીચે કોણ ઊતર્યું છે ? ઝટ બોલજો.

'એ તો અમે છીએ' મહારાજે જાતે જવાબ આપ્યો. એ સાંભળી અમૃત હરખાયા. મુખ ઉપર પૂર્વ દિશા જેવી લાલિમા છવાઈ ગઈ ! તો પણ પૂછ્યું, ''વળી અમે તે કોણ ?'' શંકા કશી નહોતી તો પણ છેટે રહીને લાડ પૂર્વક પૂછ્યું ! 'અમે' તે 'અમારા' છે એનો પૂરો ભરોસો રાખીને અમૃત બોલ્યા હતાં.

સામેથી ડુંગરજીનો પરિચિત અવાજ આવ્યો : 'એ તો મહારાજ પધાર્યા છે.' એ બોલ કેવા મીઠા લાગ્યા ! હૃદયમાં જાણે મંગળા આરતીના ઘંટારવ થઈ રહ્યાં. શી વાત કે મહારાજે અમારી વાડીમાં પગલાં કર્યા ? અમારી સાત પેઢીને ન્યાલ કરી નાંખી ! એમ હરખાંતા હરખાંતા અમૃતબાઈ ઝાંપલી ઊઘાડીને અંદર આવ્યાં.

આંબા નીચે મહારાજ પૂજા કરવા બેઠેલા. રોજ રોજ જેની એ પૂજા કરતાં તેમને આજે પૂજા કરી રહેલા જોયા. એ ઊભી રહી. અનિમિષ નયને મહારાજને પૂજા કરતાં નિહાળી રહી. થયું કે આ દર્શન કાશી જઈએ કે હિમાલય, બીજે ક્યાંય થવાનાં નથી.

'અમૃત તું અહીં ? અને અત્યારે ? અત્યારે ક્યાં જાય છે ?'

'મારાં સાથી ખેતરે રાતવસો કરે છે તેમને ભાત દેવા જાઉં છું.'

'જોઈએ તો ખરાં કે તારો ભાત કેવોક છે, દેખાડ.' મહારાજ આજે સામે ચાલીને માંગી રહ્યા હતા. અમૃતબાઈએ હાથ ઊંચા કર્યા ને માથેથી ટોપલો હેઠે ઊતાર્યો. માણસને ભગવાન પૂછતા નથી અને પૂછે તો સાંભળતા માણસને આવડતું નથી. કદીક એ આવીને પૂછે કે, બતાવ તારી પાસે શેની છત છે ? એમ કહે તો શો ઉત્તર આપી શકાશે ? અને જેની પાસે એવી છત નથી તે ભગવાનને શું ધરી શકશે ?

અમૃતે ટોપલામાંથી સાકરની તાંસળી કાઢી મહારાજની સામે ધરી. એમ કાઢતાં ગયાં અને બોલીને બતાવતાં ગયાં. ઘીનો લોટો બાજુ પર મૂક્યો. સેવ કાઢી દૂધ કાઢ્યું, હજુ કાઢતાં હતાં. મહારાજે વિનોદ કર્યો. 'તારો સાથી રોજ આવું ખાય છે ?'

'મારો સાથી બહુ મહેનત કરે છે. બહુ સવાદિયો છે તેને સારું સારું ખાવા જોઈએ. જેવું તેવું ના ચાલે, અમૃતબાઈ હસી પડ્યાં. અને મહારાજ પણ હસી રહ્યાં. એમણે કહ્યું, 'રાખો હવે, તારા

સાથી તો અમે છીએ.'

'હરિ વિના જીવનો સંગાથી બીજો કોઈ નથી.' એમ મીરાં ગાતી, અહીં ભગવાને પોતે જ એ વાત કરી. હિરણ્યકશ્યપુએ પ્રહલાદને પૂછેલું, "ક્યાં છે તારો હરિ ! બોલાવ એને." ત્યારે પ્રહલાદે જણાવેલું કે, 'એ મારી સાથે જ છે. એ બધું જોઈ રહ્યાં છે. બધું સાંભળી રહ્યાં છે.'

અહીં તો હરિ પોતે જ કહી રહ્યા હતા : 'લાવો તારા સાથી અમે છીએ. અમને પીરસો.'

પૂજા વિધિ પતાવીને મહારાજ જમવા બેઠા. સેવ પીરસી, પછી ઘી પીરસ્યું અને સાકરની તાસળીમાંથી બે દોથા નાંખ્યા. બધું ભેળું, સમરસ કરીને મહારાજે બે ગ્રાસ લીધા. પછી કહ્યું, અમૃત દૂધ પણ ભેળું નાંખો અને અમૃતે અમૃતની ધાર કરી.

પછી મહારાજ બોલ્યા : 'રાખો હવે, ઘણું થયું.' બાજુમાં ડુંગરજી પણ ઊભા હતા, એમણે કહ્યું, 'નાંખવા દોને, મહારાજ, પાછળ હું છું ને ?

સ્વાર્થ લોલુપતા સ્વાદ, તૃષ્ણા એ કેવાં કેવાં રૂપ લઈને અંદરથી ઊછળી પડે છે ? દેખાવ તો સજ્જનનો - હરિભક્તનો ! અને માંગણી પ્રસાદની જણાય ! ઈચ્છા કે માંગણીની પાછળ કશોક ભેદ પારખી લેવાની કરામત પણ હોય છે. 'હું જાણું ને !' એમ કહીને પોલ ઉઘાડી કરવાની દાનત પણ હોય છે.

પણ આ તો અમૃતબાઈ હતા, હરિ અને હરિજન માંગણી કરે ને હું પાછી પડું ? એમણે તો દૂધ રેડ્યું તેમ દોથો ખાંડ, પણ નાંખી, મારા મહારાજને મીઠું બહુ ભાવે છે ને ?' અમૃત તો મનમાં બોલી પણ સર્વોપરિએ સાંભળી લીધું અને મર્મમાં હસ્યા. પહેલું અમૃત ભણી અને પછી ડુંગરજી ભણી !

થોડુંક જમીને એમણે ડુંગરજીને પ્રસાદીની થાળી આપી. 'તારું મન ભરાણું છે તો લે જમી લે.

'બહું સારું મહારાજ, લાવો પ્રસાદી' એમ કહી ડુંગરજી તરત જમવા બેઠા. હજી બે બુકડા ભર્યા હશે ને એમણે થાળી આધી ઠેલી. બોલ્યા, 'આ તો નથી ભાવતું. આવું કોઈ ના ખાય. કહો તો, ભોંય માં ભંડારુ કે ઢાંઢાને નીરું.' મહારાજ કહે, 'ખાઈ જાવ. માંગી ને લીધું છે, હવે ના ન પડાય. ન ખાવ તો માથે થપેડું.'

આ જોઈને અમૃતબાઈ વિચારમાં પડ્યાં. સેવ, સાકર, ઘી અને દૂધ છે તેમાં ડુંગરજીભાઈ આટલા અમળાય છે શાથી ? એમણે બધાં ઠામમાં હાથ નાંખીને તપાસી જોયું. જ્યાં સાકરની તાંસળીમાં હાથ નાંખ્યો ત્યાં ભૂલ સમજાઈ ગઈ. દળેલી સાકરને બદલે અંધારામાં ને ઉતાવળમાં બાઈ બાજરાનો લોટ લઈ આવેલાં ! આ કાચા લોટનાં ત્રણ થોબા ભરીને મહારાજને પીરસેલાં !

અરર, ભૂલ થઈ ગઈ મારીં, મને માફ કરી દ્યો મહારાજ ! કહીને એ મહારાજની માફી માંગવા લાગ્યા. પણ મહારાજ એમનું થોડું સાંભળે ? એ તો ડુંગરજીને આગ્રહ કરીને જમાડતા હતા. ખા ડુંગરજી ખા, નહિ તો માથે થપેડું છું !

પરમાત્મા આજે જાણે જીવની પરીક્ષા લઈ રહ્યા હતા. હેત કંઈ એમ ને એમ બંધાતા નથી ! ભાવ પચાવવો બહુ અઘરો છે. માણસને સુખ તો જોઈએ છે, એકલાને સુખ ભોગવવું છે, એની ઉતાવળ છે, અધીરાઈ છે પરંતુ તેમાં જરા જેટલી ઉણપ કે કચાશ રહે તો એ તરત ફકડી ઉઠે છે, ભગવાનને જ એનો દોષ દે છે.

ડુંગરજી ગરીબ બન્યા. નજર ઢાળીને જમવાનું રહેવા દઈ મહારાજ સામે જોઈ રહ્યા. જાણે મૂંગો ઠપકો દઈ રહ્યા હતા કે 'તમે કેમ કશું બોલ્યા નહિ ?' જે મળ્યું તે ઉત્તમ છે એમ મનાવીને તમે કેમ જમીં લીધું ?'

મહારાજ એ બધું સમજી ગયા. જીવ અને પરમાત્મા અહીં તો જુદા પડે છે ને ? જીવ સવાદિયો છે, પરમાત્મા ભાવના ના ભૂખ્યા છે ! આવા તો કેટલાય પ્રસંગો થઈ ચૂક્યાં હતા. અમૃતે લોટના થોબા નાંખ્યા તેમ કોઈએ મીઠું જ પીરસેલું. કોઈ કે મીઠા દૂધની જગ્યાએ વાસણ માંજવાની વાસી ખાટી છાશ જ પીરસી દીધેલી. હેતનો ઉમળકો હોય ત્યાં હાથથી ભૂલ જ થાય. પરંતુ મહારાજ જ્યારે સાથી બનીને રહે પછી ભૂલ થાય તેમાં કહેવાનું શું હોય ? જે સાચા સાથી બનીને રહે તેમનાં હૃદયે દોષ વસતા નથી. ભાવ માધુર્યમાંજ સૌથી અધિક મધુરતા રહેલી છે.

મહારાજ તો અમૃતબાઈને રાજી કરી આગળ વધ્યા. રહી રહીને સવાર થઈ. અમૃતબાઈ એ ઠામ, વાસણ ટોપલામાં ભરી લીધા અને ગામ ભણી ચાલતાં થયાં. એમની ચાલમાં આજે અજબની ખૂમારી હતી. વાડીને તો પાવન કરી જ હતી પરંતુ મહારાજે પોતે એમને શુકનવંતો શબ્દ કહ્યો હતો.

'તારા સાથી અમે છીએ ને !'

મહારાજ આજે મારા સાથી બન્યા. અમૃતની આંખમાંથી હરખનાં આસું સરી રહ્યાં હતાં.

સત્સંગ ભાવવાટિકા
સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

જો, જો ચોરી ન થાય

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

બાળકોને વાર્તા સાંભળવી બહુ જ ગમે. કોઈ વાર્તા કહેતું હોય એટલે તરત જ બાળકો ટોળે વળીને સાંભળવા બેસી જાય. જમવાનું પણ યાદ ન આવે અને રમવાનું પણ યાદ ન આવે. એમાં પણ જો પપ્પા વાર્તા કહે તો તો મજા પડી જાય. અને જો દાદાજી વાર્તા કહે પછી પૂછવાનું જ શું ! તો મિત્રો ! દાદાજીની વાર્તા સાંભળવામાં જો મજા પડતી હોય તો સ્વામિનારાયણ ભગવાન વાર્તા કહે એ કેવી સરસ લાગે. તો આપણે મધ્ય પ્રકરણના પંચાવનમાં વચનામૃત માં સ્વામિનારાયણ ભગવાને કરેલી વાર્તા સાંભળીએ.

વાર્તા એમ હતી કે કોઈ એક ગામમાં પટેલ આગેવાન હતા. એમને દીકરો પરણાવવાનો હતો. પાસે રૂપિયા ઘણા હતા તેથી મોટો પ્રસંગ કરવાનું નક્કી કર્યું. એમાં સૌથી પહેલી વાત આવી સોનાના દાગીના બનાવવાની. એટલે આ પટેલ સોનું લઈને ગામમાં સારા મોટા સોનીની દુકાન હતી. એમને ત્યાં ગયા અને સોનીને કહ્યું કે સોની ભાઈ ! મારે દાગીના બનાવવાના છે. પણ મને કોઈનો વિશ્વાસ નથી. તેથી હું તમારી પાસેજ બેસું. અને તમારે મારી હાજરીમાં જ દાગીના બનાવી આપવાના છે. તો જ ઓર્ડર આપું નહીં તો નહીં. ત્યારે આ સોનીભાઈ કહે છે, પટેલ તમે અમારા ઉપર ખોટો આરોપ મુકો છો. છતાં તમે તો આગેવાન છો. આપણે સારા સંબંધો છે. એમાં મારે ક્યાં વાંધો છે ! તમે તમારે અહીં પ્રેમથી બેસજો. તમારા દેખતાં જ તમારૂં કામ કરી આપીશ. મારે તો સારૂં, તમારા જેવા આગેવાન આમેય મારે ત્યાં ક્યારે બેસવા આવે ! આ તો સોનામાં સુગંધ. વાતો થશે અને કામ થશે. અને આ પટેલ મૂછે વળ દેતા દેતા સાવધાન થઈને બાજુમાં જ ગાદી હતી તેના પર બેઠા.

સોનીભાઈએ પોતાનું કામ ચાલુ કર્યું. થડા ઉપર બેસીને સોનું ગરમ કરીને ગાળવાનું અને એમાં એના સાધનો વારેવારે અંદર બોળે, આજુબાજુ ખંચેરે, એ રીતે કામ બરાબર ચાલું થઈ ગયું. અને પટેલ પણ ચકોર દૃષ્ટિથી બેઠા હતા. એવામાં એ સોનીનો નાનો દીકરો ત્યાં આવ્યો. મને ચોકલેટ આપો. મારે ખાવા જોઈએ છીએ. એટલે સોનીએ કહ્યું, "અત્યારે જતો રહે. આ પટેલને ઉતાવળ છે. મારે એમનું કામ કરવાનું છે." પણ એ બાળક માન્યો નહીં, રડવા લાગ્યો. "મારે રમકડું જોઈએ છે. મારે પેન્સિલ જોઈએ છે, મને રબ્બર લેવું છે. સોનીએ ગુસ્સે થઈને કહ્યું - "અત્યારે જા ! બધું પછી આપીશ, મને કામ કરવા દે." પણ છોકરો માન્યો નહીં. વધુને વધુ હઠ કરવા લાગ્યો. તેથી એકદમ ખીજાઈને સોનીએ પોતાના બૂટનો છૂટો ઘા કર્યો ને છોકરો તે બૂટ લઈ ઘરમાં જતો રહ્યો. થોડીવારમાં સોનીની પત્ની બૂટ પાછો લઈને આપવા આવી અને બોલી જરા ધ્યાન રાખતા હો તો ! બાબાને વાગી જાત તો ! એમ કહીને બૂટ પાછો આપી ગઈ. અને આ સોનીએ મન દઈને પોતાનું કામ ફરીથી ચાલું કરી દીધું. પટેલ તો વટથી પગ પર પગ ચડાવીને સામે જોઈને બેસી રહેલા. એમને ખબર પણ ન પડી અને સોનું બૂટમાં બેસીને ઘરમાં જતું રહ્યું. અને તેની પત્ની બૂટ ખાલી કરીને પાછો આપી ગઈ. આને વચનામૃતની ભાષામાં "પારસી" કહેવાય. "પારસી" એટલે કે યુક્તિ. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે - "જેમ સોનીના છોકરા, સ્ત્રી હોય તે પારસી કહીને સોનું લઈ જાય. તો એ પારસી એટલે શું ? એ તો બરાબર સમજાઈ ગયું હશે ને !

આ દૃષ્ટાંતનો સુંદર અર્થ પ્રભુ સમજાવે છે કે - શુદ્ધ સોના જેવો આપણો આત્મા છે. એમાંથી જ્ઞાન-વૈરાગ્ય આદિકની ચોરી થઈ જાય છે. અને તેના બદલામાં જગતના દોષ કામ-ક્રોધાદિક ભળી જાય છે. તેની ખબર પણ પડતી નથી. પણ જેમ સોનામાં અન્ય ધાતું ભળે ને તેના "કેરેટ" ઘટે. એમ જીવમાં દોષ ભળે તો જીવ પણ પાછો પડતો જાય. પછી જેમ સોનાને પાછું શુદ્ધ કરવું હોય તો તેને ગરમ કરીને તાવે ત્યારે શુદ્ધ થાય છે. એમ જીવ ભજન-ભક્તિ ને સત્સંગથી શુદ્ધ થાય છે.

આપણે એક સત્સંગી તરીકે કુસંગીઓની સોબતથી દૂર રહેવું અને તે કુસંગ ક્યારેક મિત્રતાના નામે,

ક્યારેક પાડોશીના નામે, ક્યારેક પરિચિતના નામે, ક્યારેક સ્કુલ-કોલેજના નામે આપણા જીવનમાં પ્રવેશીને સદ્‌ગુણની ચોરી ન કરી જાય. માટે સતત સાવધાની રાખી શુદ્ધ સોના જેવા રહી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ ઉપાસના કરી જીવનને ધન્ય બનાવી લેવું.

●

સોનામહોર જોઈએ છે ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)


એક વેપારી હતો. વેપાર ખૂબજ મોટા પ્રમાણમાં ચાલતો. આ વેપારીને વેપારી કામે અવારનવાર બહાર ગામ જવું પડતું. તેથી એને એક ગામથી બીજે કામ જવા માટે જંગલમાંથી પસાર થવું પડતું. ક્યારેક રાત્રીના મોડું પણ થાય, એક દિવસની ઘટના છે. આ વેપારી પોતાનું કામ પતાવી અને પોતાના ગામ તરફ આવતો હતો. સાંજે નીકળવામાં મોડું થઈ ગયું. ત્યાંના વેપારીઓએ પોતાના ઘરે રોકાઈ જવાની વાત કરી, પણ આ વેપારી કહે આવું તો રોજનું થયું. પહોંચી જવાશે. ત્યાંથી ચાલતો થયો. રાત્રીમાં ચન્દ્રમાનો પ્રકાશ શોભતો હતો. આ વેપારી હાથમાં ફાનસ હોવા છતાં વિચારે છે કે અહીં ફાનસની જરૂર નહીં પડે. તેલ નથી બાળવું. ચન્દ્રમાનો પ્રકાશ ખૂબ જ સારો છે. અજવાળું ઘણું પડે છે અને બધું ચોખ્ખુ દેખાય છે. પણ આગળ ચાલતાં જંગલ તરફનો રસ્તો આવ્યો. હવે તો ચન્દ્રમાનો પ્રકાશ વૃક્ષો રસ્તો ઢાંકી દેતા જણાયા. વેપારીએ ફાનસનો અંતે ઉપયોગ કર્યો. હવે આના અજવાળે જલદી પહોંચવુ પડે. જેથી તેલ પુરૂ થતા પહેલા જંગલનો રસ્તો પસાર થઈ જાય. આમ વિચારી ઝડપ ભેર ચોફેર નજર રાખતા રાખતા આગળ વધવા લાગ્યો. જંગલમાં જો કોઈ હિંસક જનાવર જેવું દેખાય તો ફાનસનો પ્રકાશ વધારી લાકડા સળગાવવા. એક બે સૂકા લાકડા લીધા. ત્યાં આ વેપારી ની નજર એક પીપળાના ઝાડ પાસે પડી. જ્યાં ઘણાં જ વીંછી દેખાયા. એટલે મનમાં વિચાર્યું કે આટલા બધા વીંછી અહીં એક જ સ્થાનમાં ! અને આ વીંછી પણ જુદાં પ્રકારના હતા. આ વેપારીને વીંછી જોઈને એમ થયું કે ચોક્કસ આ વીંછી મને ફાયદો કરાવશે. "મનમાં વિચાર્યું આ વીંછી નહીં પણ સોના મહોર છે." અને આ વેપારીએ તો ઝોળી માંથી દોરી કાઢી અને દોરીથી એક વીંછીને બાંધી પોતાના સાથે લઈ લીધો. આ વેપારીએ વીંછીને પોતાની દુકાનમાં રાખ્યો. બધાને દેખાય એવી જગ્યાએ લટકાવ્યો. પછી તો જે કોઈ દુકાને ખરીદી કરવા આવે તેની નજર આ વીંછી સામે જાય. એટલે બોલે શેઠ તમને તો જબરો શોખ છે ! આ વીંછી લટકાવો છો ? શેઠ હસે પણ કંઈ કહે નહિ. આવું તો થોડો સમય બન્યું. કેટલાય માણસો આવે અને વીંછી સામે નજર કરે અને બોલી ઉઠે, શેઠ તમે તો ખરા લાગો છો દુકાનમાં વીંછી લટકાવો છો ?

એક દિવસ એક સદ્‌ભાગી જીવ ત્યાં દુકાને ખરીદી કરવા આવ્યો. અને લટકાવેલા વીંછી ઉપર નજર પડી એટલે બોલી ઉઠ્યો. વાહ શેઠ વાહ ! વેપાર બહુ સારો ચાલતો લાગે છે ? ત્યારે વેપારીએ કહ્યું કેમ ભાઈ તમને એવું લાગ્યું ? લાગે જ ને ! આ સોના મહોર લટકાડેલી જોઈ એટલે કહું છું. આ ગ્રાહકને પેલો વીંછી સોના મહોર દેખાણો. શેઠ આ માણસની સામે ઘડીવાર જોઈ રહ્યાં. પાકો વેપારી ખરો ! એટલે સમજી ગયો કે આના ભાગ્યમાં કાંઈક લાગે છે ! અને કહ્યું ચાલ મારી સાથે. અને આ વેપારીને જે જગ્યાએ વીંછી દેખાયા હતા ત્યાં હથિયાર સાથે આ માણસને લઈ ગયો. આજ તારા અને મારા ભાગ્ય ખુલી ગયા. પીપળાની આસપાસ આ માણસની પાસે ખોદાવ્યું. ત્યાં તો એક માટીનું દેગડું નીકળ્યું. અને તેમાંથી અનેક ઘણી સોના મહોરો નીકળી ! આ વેપારીએ સાથે આવેલા માણસને થોડી સોના મહોરો આપી રાજી કર્યો. બીજી પોતે લઈ ગયો. ન્યાલ થઈ ગયો. આટલી બધી સંપત્તિ એક સાથે મળી ગઈ ! જયજયકાર થઈ ગયો.

વ્હાલા ભક્તો, આ સત્સંગ સોના મહોર જેવો છે. સત્સંગમાં આવીને જે સારૂં ચિંતન કરે એને સોનામહોર એટલે સુખની પ્રાપ્તિ થાય અને ભગવાનની કૃપાથી આવો દિવ્ય કલ્યાણકારી સત્સંગ પ્રાપ્ત થયો અને પછી એમાં જો અવગુણ દેખાય તો સમજવું કે તેના નસીબમાં વીંછીઓ જ છે. તેને ક્યારેય પણ સુખની પ્રાપ્તિ થતી નથી.

એટલે જ તો સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં કહ્યું છે કે આ સત્સંગમાં જે વિવેકી છે તે ગુણને દેખે છે. અને તે દિવસે ને દિવસે સત્સંગને વિષે મોટયપને પામે છે. અને જે અવિવેકી છે તે અવગુણને દેખે છે ને એ દિવસે ને દિવસે સત્સંગમાં ઘટતો જાય છે." માટે જો સુખી થવું હોય તો સ્વામિનારાયણ ભગવાન મળ્યા, આવો સત્સંગ મળ્યો તો ગુણગ્રાહી દૃષ્ટિ રાખીશું તો સદા જય જય કાર થશે.

??????????????????પ્રશ્નપેટી??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ ભગવાન જ્યારે પણ બહારગામ જતા ત્યારે માથા ઉપર સગડી મૂકીને તૈયાર ગરમાં ગરમ ભોજન ભગવાનને કોણ કરાવતું હતું ?

પ્રશ્ન : ૨ શિક્ષાપત્રીના ૧૧૪માં શ્લોકમાં ભગવાને શું કહ્યું છે ?

પ્રશ્ન : ૩ "વૈદ્ય ડોકટરને આંખડી બાતવી, સૌએ ઓપરેશન કરવા સમજાવી..." આ કીર્તનમાં ભગવાને કોનું રૂપ ધારણ કર્યું છે ?

પ્રશ્ન : ૪ દાદા ખાચરના બીજા પત્ની ક્યા ગામના હતા ? તેમણે લગ્ન થયા પછી મહારાજ પાસે માગ્યું તે પદની રચના કોણે કરી છે ?

પ્રશ્ન : ૫ "ભીમ, રાઘવ, વશરામ, રાણો ચારે ભક્ત પ્રભુના પ્રમાણો" આ ચારે પ્રભુ ભક્ત ક્યા ગામના હતા ?

પ્રશ્ન : ૬ રાવણ કોનો પુત્ર હતો ?

પ્રશ્ન : ૭ "એ જીવને જ્યારે સત્પુરુષનો સંગ થાય છે ત્યારે જેમ જેમ સમાગમ કરતો જાય તેમ તેમ પૂર્વ કર્મ સંબંધી જે વાસના તે જુની થતી જાય, પછી એને જન્મ મરણ ભોગવાવે એવી તે વાસના રહે નહી." આ જવાબ શ્રીજી મહારાજે ક્યા વચનામૃતમાં કોને આપ્યો હતો ?

ઓકટોમ્બર-૨૦૦૫ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) સમુદ્ર પિતા છે. શાસ્ત્રમાં તેને સાગરતનયા નામ આપ્યું છે. (૨) ચાર યુગમાં પ્રથમ સત્યયુગમાં મુક્તિપ્રધાન, ત્રેતાયુગમાં યોગસિધ્ધા, દ્રાપરમાં વિશાલા, કલિયુગમાં બદ્રીકાશ્રમ. (૩) શતાનંદ સ્વામીએ અમીર સરોવરમાં ડુબકી મારી તે બદ્રીકાશ્રમમાં નીકળ્યા તે સરોવર ભુજમાં આવેલું છે. (૪) આ પદના રચયિતા સ.ગુ. મુક્તાનંદ સ્વામી છે. (૫) શ્રીજી મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું અને સચ્ચિદાનંદ સ્વામીએ જવાબ દીધો કે "પ્રભુ જો પાછળ પાછળ ચાલુ તો તમારા મુખારવિંદના દર્શન ના થાય અને આગળ ચાલુ તો પણ દર્શન ન થાય તેથી પડખે ચાલું છું." (૬) શિક્ષાપત્રી "૮૯"મો શ્લોક. (૭) બ્રહ્માજીના માનસપુત્ર નારદજી છે.

૧. માધવજીભાઈ આદ્રોજા (મોરબી)
૨. મકવાણા નીતા, હેતલ હીરજીભાઈ (સાપકડા-સુ.નગર)
૩. ડાભી મફાજી સરદારજી (કડી-ડાંગરવા)
૪. સોની ભગવાનદાસ વેલજીભાઈ (મોરબી)
૫. નાગજીભાઈ વી. પટેલ (ચાંદલોડીયા)
૬. સાંખ્યયોગી બહેનો (માધાપર - ભુજ-કચ્છ)
૭. નંદુબેન વરસાણી (માધાપર - ભુજ-કચ્છ)
૮. સાંખ્યયોગી સવિતાબેન (મદનપર - ભુજ-કચ્છ)
૯. ઉર્મિલાબેન, કલ્પનાબેન (નવાવાડજ)
૧૦. ત્રિભોવનભાઈ લક્ષ્મણભાઈ (નવાવાડજ)
૧૧. ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)
૧૨. અર્જુનસિંહ પવાર (ધરિયાવદ) (રાજ.)

નોંધ : પ્રશ્ન પેટીના જવાબો તથા પોતાનું નામ વંચાય તેવી રીતે લખવા વિનંતી. પ્રશ્નપેટીના જવાબો નીચેના સરનામે મોકલવા.

"શ્રી સ્વામિનારાયણ કાર્યાલય" શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ભક્તિસુધા

દર્શન તો દૂર રહ્યાં શબ્દ માત્રથી

- રાધાબેન રસિકભાઇ ગોળવિયા (સુરત)

લાડુદાન જેવા રજોગુણી જીવાત્માને પોતાની દિવ્ય પ્રતિભાથી એક ઘડીમાં બ્રહ્માનંદ સ્વામીમાં પરિવર્તન કરી દેનાર મોટીબાનું ઓજસ એટલું બધું પ્રભાવશાળી હતું કે તેના દર્શન તો દૂર રહ્યાં પણ એમના થોડાક શબ્દો માત્ર એક કે બે શબ્દોના શ્રવણ માત્રથી પણ માનવીના રજોગુણ તમોગુણ નાશ પામી જતા. આવી વાત અક્ષરાનંદસ્વામીની વાતો માંથી મળે છે.

સાવરકુંડલા પાસેના ભમોદરાના ઓઘડ ખુમાણ અને વાજસુર ખુમાણ કરીને કાઠી સત્સંગીઓ હતા. તેઓના નામ ભક્તચિંતામણીમાં તેમજ અન્ય શાસ્ત્રોમાં આવે છે. દાદા ખાચરની જાન લઈને મહારાજ ભટ્ટવદર જતા હતા ત્યારે પીઠવડીએ રાત્રી મુકામ કર્યો ત્યારે જાન લઈને અને મહારાજને સામૈયું કરી લેવા માટે હરિભક્તો આવે છે. તેમાં પણ આ બંને ખુમાણો કાઠી દરબારોના નામો અંકિત થયેલા છે. આવા બંને કાઠીઓએ સાંભળ્યું કે ગઢપુરમાં એભલ ખાચરની દીકરીયો દેવીનો અવતાર છે. માટે એમના દર્શને જવું. પછી ઓઘડ ખુમાણ, વાજસુર ખુમાણ અને રામખુમાણ ગઢપુર આવે છે.

કાઠી જ્ઞાતિમાં ખાચર, ખુમાણને વાળા તે ત્રણેય જાતના કાઠીઓ ભાઈઓ ભાઈઓ મૂળ કાઠી કહેવાય છે. તે નાતે તેમજ સત્સંગીના નાતે દાદા ખાચરે ત્રણેયને દરબારમાં ઉતારા આપ્યા અને આગતા સ્વાગતા કરી પરોણાગત કરીને જમાડ્યા. ત્રણેય જણાએ દાદાખાચરને કહ્યું અમારે મોટીબા તથા લાડુબાના દર્શન કરવા છે. દાદા ખાચર કહે બહુ સારૂ, પણ બેનો કોઈની સાથે વાતો કરતા કે પુરુષની સામે જોતા કે ઉભા રહેતા નથી. પણ મોટીબાને અને લાડુબાને વાસુદેવ નારાયણના ઓરડામાં આવવા કહું છું. આપ અત્યારે દૂર ઉભા રહો. પછી ઓરડા બહારથી વાત કરી લેજ્યો. મુખો મુખ દર્શન થશે નહીં.

બન્ને બેનો વાસુદેવનારાયણના ઓરડામાં આવ્યા. બહાર ઓસરીએ ચાકળા નંખાવ્યા. આવનાર મેમાનોને બેસાર્યા. દાદા ખાચર ને ઓરડાના ઉંબરા ઉપર બેસાર્યા. પછી ઓઘડ ખુમાણ બોલ્યા દાદા બાને કહો કે, ઓઘડખુમાણ તથા વાજસુર તથા રામ ત્રણેય જણ બાને નારાયણ કહે છે. મોટીબા ફકત એટલુંજ બોલ્યા, દાદા 'ભાઈઓને કહો કે જય સ્વામિનારાયણ'. ફક્ત મોટીબાના મુખથી જે સ્વામિનારાયણનો અવાજ દાદાખાચરને ઉદ્દેશીને કાઠીઓને કહેવા માટે કહ્યો તે સાંભળીને ત્રણેય કાઠીઓના સંકલ્પ વિકલ્પો બંધ થઈ ગયા ! અને મન નિર્મળ થઈ ગયા ! ત્રણેયને મનમાં થયું કે આ બેનો સાક્ષાત્ લક્ષ્મીજી અને રાધાજીનો અવતાર છે. તેમાં કોઈ મીન મેખ નથી. જે વાત સાંભળી હતી તે આજે પ્રત્યક્ષ મનાણી છે.

ત્રણેય હાથ જોડી મનોમન વંદન કરી ઉઠીને ફળિયામાં આવી લીંબતરૂની નીચે દંડવત કરીને બેનોને પગે લાગ્યા અને બીજે દિવસે પોતાને ઘેર ગયા. પછી તે કાઠીઓ અને બીજા ખુમાણ કાઠીઓ જે સાવરકુંડલાની આજુબાજુના ગામોના ખારાપાટના કાઠીઓ હતા તે યોગાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીના સમાગમ અને યોગથી દૃઢ સત્સંગીઓ થયા હતા.

આ ત્રણે કાઠીઓ એક વખત ભાવનગર ગયેલા. ત્યાં વજેસીંગ દરબારનો આગ્રહ હોવા છતા સત્સંગી છીએ તેથી દારૂ નહીં પીએ તેમ કહેલું. માથા હેઠા પડે તો દારૂ મુખમાં જાય તેમ કહ્યું.

ભાવનગર દરબારે આ ત્રણેય કાઠી દરબારોનો સત્સંગનો ગુણ આવવાથી પછી દારૂ પીવરાવવાનો આગ્રહ કરેલો નહીં.

આમ મોટીબાના દર્શન તો દૂર રહ્યા તેમના મુખમાંથી નીકળેલ શબ્દ જ દૂરથી સાંભળીને ભલભલા ચમરબંધીના ગર્વ પણ ગળી જતા. અને રજોગુણ તથા તમોગુણ એકજ સપાટે ઉખડી જતા અને ફેંકાઈ જતા. અને જીવાત્મા નિર્મળ બની જતો. આવો દિવ્ય પ્રભાવ મહારાજની કૃપાને લીધે મોટીબામાં હમેશ હતો. આવા મોટી બાને લાખ-લાખ વંદન સહ જયશ્રી સ્વામિનારાયણ. મોટીબા સત્સંગના શિરમોર, સ્ત્રીરત્ન હરિભક્ત, મહારાજના માળાના મણકામાં મેર, મણકા જેવા કહીએ તો ખોટું નથી.

●

કલિયુગનો ગુણ

- ઇન્દુબેન

શાસ્ત્રમાં કહ્યું છે કે "કલૌકેશવ કીર્તનમ્". કળિયુગમાં કેશવ એટલે નારાયણ ભગવાનના ગુણ કીર્તન એટલે કે કથાવાર્તા, નામ સ્મરણ વડે જ મોક્ષ મેળવી શકાય છે. ભગવાનની કથા વાર્તા કીર્તનનો મહિમા વિશેષ છે. વિષ્ણુ પુરાણમાં કહ્યું છે તે કળિયુગમાં સૌથી શ્રેષ્ઠ મોટામાં મોટો એક ગુણ છે કે થોડા કાળમાં મોટું કામ થાય છે. અર્થાત્ વિશેષ ફળ મળે છે. તેમજ નુકશાન પણ વિશેષ થાય છે. સત્યયુગમાં દશ વર્ષે, ત્રેતા યુગમાં એક વર્ષે, દ્વાપરયુગમાં એક માસે જ કૃપા પ્રાપ્ત થાય છે. અને કળિયુગમાં એક જ દિવસમાં તેનું સારું અથવા નરસું ફળ પ્રાપ્ત થાય છે. માટે કળિયુગ ભગવાનનું સ્મરણ કરવામાં સૌથી શ્રેષ્ઠ છે. સાચા સંત હરિભક્તના સમાગમથી સમજાય છે કે પ્રારબ્ધ મુજબ સ્ત્રી, પુત્ર, ધન મળે છે ને સત્સંગ અને ભક્તિ વિના એક ક્ષણ પણ જાય તે મોટી

નુકશાની છે. ભગવાનની મૂર્તિના ધ્યાનનું સુખ સર્વથી અધિક છે. અને સાચા સુખ પાછળ દુઃખ જ રહેલું છે. અહમ્ મમત્વરૂપ માયાના કારણે જીવ અનીતિના કર્મ કરે છે. પણ સાચા સંતનો સંગ થાય તો જીવ માયાને તરી જાય છે.

"સગા સંબંધી સર્વે મળીને લુસી ચૂસી લીધો જી,
છેલ્લી વારે સ્વાર્થ સાધી, જમને આગે દીધો જી."

જે બ્રહ્મરૂપ થાય તેને માન-અપમાન, સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, હર્ષ-શોક આ ચારને સમભાવ થઈ જાય છે. બ્રહ્મરૂપ થઈ ભગવાનની ઉપાસના ધ્યાન કરે તો એ ત્રણે દેવની માયાનો મોહ ટળી જાય છે. વિષ્ણુ, શિવ અને બ્રહ્મા ત્રણ દેવ (૧) કુટુંબ પાલનની ચિંતા, વિષ્ણુની માયા. (૨) સો વર્ષ થાતાં રોગ આવતા પણ મરવું સારું ન લાગે તે શિવની માયા (૩) પ્રજા ઉત્પન્ન થાય, દુઃખ થાય છતાં એજ માર્ગે ચાલે તે બ્રહ્માની માયા છે. ભગવાનની માયાને તરવા સંત પુરુષનો સંગ કરવો. કુસંગ તથા દુર્જનનો સંગ રાખવો નહિ. સફેદ કપડા પર કાળો ડાઘ પડે તેમ દુર્જનના સંગથી અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય છે. ધર્મમાંથી પડી જવાય છે. આ બધો કળિયુગનો પ્રભાવ છે.

●

લોજમાં વર્ણીરાજ

– અરવિંદાબેન

વર્ણીરાજ લોજની વાવ ઉપર પ્રભાતે સ્નાન કરી સુંદર વટ વૃક્ષ નીચે મૃગચર્મ પર બેસીને ધ્યાન કરી રહ્યાં છે. વર્ણીનું આગમન જાણી સર્વે દેવો સેવામાં હાજર થઈ જાય છે. પ્રભાતનો સમય સત્સંગ માટે સાનુકુળ બની ગયો છે. મોર ટેહૂકા ટેહુક ટેહુક કરે છે. ઝરમર ઝરમર મેહુલીયો વરસી રહ્યો છે. રામાનંદ સ્વામીના આશ્રમમાં પચાસ સંત રહેતા હતા. વર્ણીરાજ આવ્યા તે સમયે વાવ ઉપર સુખાનંદ સ્વામી માણ લઈ પાણી ભરવા આવ્યા છે. તેઓ આ વર્ણીનું સુંદર સૌમ્ય અને શરીરની સર્વે નાડીમાંથી તેજનો પુંજ નીકળ્યો હોય તેવું નયન રમ્ય સ્વરૂપ જોઈ બહુ વિસ્મય પામ્યા. પગે લાગી પૂછવા લાગ્યા કે તમો ક્યાંથી આવો છો? આપના માતા પિતા કોણ? ક્યાં ક્યાં તીર્થયાત્રા કરી? આપનું નામ શું? આવા ઘણા પ્રશ્નો પૂછયા, ત્યારે વર્ણી કહે છે કે માતા પિતા, ગુરુ, સ્વજન આ કોઈ સાચા સગા નથી. માતાના ગર્ભમાંથી છોડાવે તેજ પિતા તે જ ગુરુ છે. અનિર્દેશથી આવીએ છીએ. અમારું નામ નિલકંઠ છે. અમે કોઈ ગામ વસ્તીમાં જતાં નથી. અહીંથી આગળ જાત્રામાં જવું છે. આવો જવાબ સાંભળી સુખાનંદ સ્વામીને આશ્ચર્ય થયું ! નાની ઉંમર છે પણ જ્ઞાની લાગે છે. સુખાનંદ સ્વામી કહે, અહીં રામાનંદ સ્વામીનો આશ્રમ છે. એમાં પચાસ સંતો રહે છે. રામાનંદસ્વામીનું નામ સાંભળતા ચમક્યા ! રામાનંદ સ્વામી તો અમારા માતાપિતાના ગુરુ હતા. પછી સ્વામી કહે, અમારા ગુરુભાઈ મુક્તાનંદજી અહીં પચાસ સંતોને ભણાવે છે. આ સાંભળી વર્ણી સંતોના દર્શન કરવા સુખાનંદ સ્વામીની સાથે આશ્રમમાં ગયા. વર્ણીવેશે આખી ભારત ભૂમિ ફર્યા ! તેમાં રાજ આપનાર ! મઠાધિકાર બનાવનાર મળ્યા ! દીકરી આપનાર મળ્યા ! પણ કોઈ જગ્યાએ ન જતા અહીં સ્થિર થઈ લોજ ભૂમિમાં રહ્યાં. ઘણાંજ ચમત્કાર પણ ત્યાં બતાવ્યા. નવ માસ સુધી મુક્તાનંદ સ્વામીની સાથે લોજ રહ્યા.

આ દિવ્ય તીર્થમાં પ્રસાદીની વસ્તુઓ : લોજની વાવ, પ્રથમ આસન કરેલ તે પ્રસાદીની શિલા અને જેમાં મીંઢયાવળ અને મરચાં ખાંડતાં તે પ્રસાદીનો ખાંડણીયો, રામાનંદ સ્વામી તથા શ્રી નીલકંઠવર્ણીએ પૂજા કરેલ શ્રી હનુમાનજી, પ્રસાદીની ડેરી, ચાંખડીયો, ચોરો જ્યાં બાઈ ભાઈની સભા જુદી કરી હતી, સાંગીવાવ જ્યાં મહારાજે સંતોને અષ્ટાંગયોગ શીખવ્યો હતો, પ્રસાદીનો ગોખલો, જ્યાંથી ગૃહસ્થના ઘરેથી દેવતા લેતા હતાં તે પુરાવી દીધો હતો તે, લોજપુરમાં નીલકંઠ અડવાણા પગે ઘેર ઘેર ફરી નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ એમ આહલે, જગાવી. ખભા પર કાવડ લઈ ઝોળી માગી ને અન્ન ક્ષેત્ર ચલાવેલું, અન્નદાન શ્રેષ્ઠદાન છે, અન્નદાન જેવું કોઈ મોટું પુણ્ય નથી. ભૂખ્યા પેટે ભગવાન ભજી શકાતા નથી. માનવીને જગતની લાલચા, પૈસા, સ્ત્રી, છોકરા, વૈભવ વિલાસ એકેયમાં સંતોષ નથી. રાત દિવસ તે મેળવવા દોડધામ કરી અંતે મૃત્યુને ભેટે છે. અન્ન પૂર્ણ ખાધા પછી સંતોષ થાય છે. શાસ્ત્રમાં વાત છે કે ભિક્ષાનું અન્ન જમે તે સદા ઉપવાસી છે. એના જેવું કોઈ પવિત્ર અન્ન નથી. શ્રીહરિએ તે સમયે અઢાર ઠેકાણે અન્નક્ષેત્રો ચાલુ કર્યા હતા. મંદિરોમાં સદાવ્રત ખોલાવ્યા હતા. તથા તીર્થવાસી સાધુ સંત બાવા અભ્યાગત વગેરેને હંમેશા નિયમિત રીતે ભોજન સમયે નાત જાતના ભેદ ભાવ વગર જમાડતા અને લોકો સંતોષથી પ્રસાદ આરોગતા. લોજમાં વર્ણી સંતોની અને તીર્થવાસીની અનેક પ્રકારની સેવા કરતા. જેમ કે વાસણ માંજવા, રસોઈ કરવી, બળતરણ માટે છાણ લાવતા, શાકભાજી લઈ આવતાં, આવી અનેક પ્રકારની સેવા કરીને વર્ણીરાજ લોજપુર રહીને પોતાના આશ્રિતોને સ્વ આચરણ દ્વારા ઉત્તમ સેવા કરવાનું શિખવ્યું છે. પછી સમયાન્તરે સૌરાષ્ટ્રમાં અનેક સ્થળે વિચરણ કરવા પ્રયાણ કર્યું હતું. અને સ.ગુ. રામાનંદ સ્વામી દ્વારા વર્ણીનો પટ્ટાભિષેક થયા બાદ પાંચ વર્ષ પછી શ્રીહરિ ફરીવાર લોજ પુરમાં આવ્યા. સૌ પ્રથમ વર્ણીવેશે પધારેલા અને હવે સંપ્રદાયના સર્વોપરિ પદ પર વિરાજમાન એવા અલૌકિક રાજાધિરાજ સ્વરૂપ, દિવ્ય જરીના વસ્ત્રો, મસ્તક ઉપર ત્રણ છોગલાવાળી પાઘ ચંદ્ર સરીખું મુખારવિંદના દર્શન કરી ભક્તજનો ભાવવિભોર થઈ ભગવાનમાં તન્મય બની ગયા ! બાઈઓ ચર્ચા કરે કે પેલો સરજુડો તો નથી ને ? મહારાજ મુખ આડો રૂમાલ

રાખી મંદ મંદ હસે છે. છું તો એજ ! ત્યારે બધા પ્રશ્ચાતાપ કરે છે. અમારા બધા ગુના માફ કરજો. તમે તો પૂર્ણ પુરુષોત્તમ છો. એમ કહતાં હજારો નર-નારીઓએ ગુલાબના ગાડા ભરીને મહારાજ ઉપર ઉડાડી આનંદ મંગલ ઉત્સવ ઉજવીને પોતાના પ્રાણ પ્યારા પ્રભુને સત્કાર્યા હતા.

●

નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ

- કંચનબેન રણછોડભાઇ પટેલ (નારણપુરા)

ભક્ત અરદેશર કોટવાળના ભાવભર્યા નિમંત્રણથી શ્રીજી મહારાજ સુરત પધાર્યા હતા. સુરતમાં શ્રી સહજાનંદ સ્વામી નવ દિવસ રહ્યા હતા. અને લાલકૃષ્ણની વાડીમાં શ્રીજી મહારાજનો મુકામ હતો.

એક દિવસની વાત છે. અરદેશર કોટવાળના બંગલે પધરામણી કર્યા બાદ સાંજે શ્રીજી મહારાજની સવારી પાછી ઉતારે પધારતી હતી. અરદેશર કોટવાળને ત્યાંથી પાછા ફરતા સાધુઓ સંગે શ્રીહરિ પીરઝાના ચકલામાંથી પસાર થતા હતા. તે સમયે સંધ્યાનો સમય હતો. સમી સંધ્યા ટાણે જ્યારે સાધુના મંડળ સાથે શ્રીજીની સવારી ત્યાંથી ચાલી જતી ત્યારે ત્યાં એક જગ્યાએ સુંદર ગાવણું નૃત્યાંગના દ્વારા થતુ હતું. ગાનકળામાં કુશળ સ.ગુ. પ્રેમાનંદ સ્વામી પણ સાથે હતા. સાધુઓ તો નતમસ્તકે ચાલ્યા જતા હતા. પરંતુ એ સંગીતનું માધુર્ય કલાપ્રેમી 'પ્રેમસખી'ને અત્યંત સ્પર્શી ગયું. એ મધુરા ગાનનો આલાપ એમના મનમાં ઘુંટાવા લાગ્યો. એ સુંદર સ્વર રચના એમના કાનમાં શાશ્વત સૂરના પ્રાણ પુરી ગઈ ! અને ચાલતા ચાલતા જ તેઓ સાંભળવામાં એટલા તલ્લીન થતા ગયા કે સ્વાભાવિકપણે તેમના પગલાં ધીમા પડવા લાગ્યાં અને સર્વ સાધુઓના મોખરે ચાલનાર પ્રેમસખી ધીરે ધીરે છેક પાછલી હરોળમાં આવી ગયા ! તેની પણ તેમને સ્મૃતિ રહી નહી ! પરંતુ શ્રીજીમહારાજની ચકોર નજર શાની ચૂકે ? એમણે તરત ઘોડી પાછી વાળી. સંગીતના મધુર સુરમાં મશગૂલ બનેલા એ સંત પાસે જઈ તેમને ઢંઢોળ્યા અને હળવા શબ્દોમાં મીઠો ઠપકો આપતાં કહ્યું, સ્વામી ! આ શું ? આજે તમે કેમ પાછા રહી ગયા ?

મહારાજની માર્મિક વાણીમાં જે ટકોર હતી તે પ્રેમ સખી પામી ગયા. શરમાઈને નીચી નજરે એમણે શ્રીહરિની માફી માગી. મહારાજે માણકીની લગામ ખેંચતા કહ્યું, "સંગીતને તમારે વશ કરવાનું હોય, સ્વામી ! સંગીત ઉપર તમારો કાબૂ હોવો જોઈએ, નહીં કે સંગીતનો તમારા ઉપર ! મહારાજે પછી પ્રેમસખીને સવારીમાં સંતોની વચ્ચે રાખ્યા અને એમ કરતા સવારી ઉતારે પહોંચી.

રાત્રે સૂતા પહેલાં શ્રીજી મહારાજે પ્રેમાનંદ સ્વામીને બોલાવ્યા અને પછી શાંતિથી પોતાની પાસે બેસાડીને કહ્યું, "સ્વામી ! તમે જોયું ? મનુષ્યની પ્રકૃતિ એને ક્યાંની ક્યાં ખેંચી જાય છે, સંગીત કલા બેશક ઉત્તમ છે પણ એ કલા જો પ્રભુ પ્રિત્યર્થે સાધવામાં આવે તો જ સાર્થક થાય. નહીં તો લોકરંજન માટે તો ઘણાં સાધે છે. એનું મૂલ્ય નહિવત છે. એવા સંગીતનું ક્ષણિક આકર્ષણ પણ સંત ને ભક્તિમાં વિઘ્નરૂપ છે. તમને આવા લોકરંજન અર્થે ગવાતા ગીતમાં પળ માત્ર માટે પણ જે આકર્ષણ થયું એના પ્રાયશ્ચિતરૂપે તમારે ચાંદ્રાયણ વ્રત કરવું." શ્રીજી ચરણમાં મસ્તક મૂકી પ્રેમ સખી બોલ્યા, "ભલે મહારાજ !"

બીજે દિવસે પ્રાતઃકાળે નિત્યવિધિ પતાવી પ્રેમાનંદ સ્વામીએ શ્રીજી મહારાજે આપેલું વ્રત શરૂ કર્યું. પૂજાપાઠ કર્યા બાદ સ્વામી મુક્તમુનિના દર્શને ગયા. ત્યાં મુક્તમુનિના ચરણોમાં બેસી એમણે ગદ્‌ગદ્ કંઠે યાચના કરતા કહ્યું, સ્વામી ! "આપ તો સત્સંગની મા છો," માટે કૃપા કરીને મને સત્સંગના બધા નીતિ નિયમો તથા એકાંતિક ધર્મ અંગેની બધીજ મુખ્ય વાતોનું સ્મરણ કરાવો જેથી ફરી ક્યારેય મહારાજની કોઈ આજ્ઞા સ્વપ્નમાં પણ લોપાય નહીં." સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ તો પોતાની જ્ઞાન સરવાણી વહેતી મૂકી ! પ્રેમસખીએ એમાંથી આચમને આચમન પાન કરવા માંડ્યું. એમ બે દિવસ બેઠાં ને ત્રીજે દિવસે શ્રીજીમહારાજની પ્રેરણા એ સર્વ વાતોને પ્રેમાનંદ સ્વામીએ એકજ પદમાં પ્રયોજી સુંદર દોહાબંધવાળા પદની રચના કરી. રચના એવી મનોહર થઈ કે પ્રથમ પોતે જ એ કંઠસ્થ કરી લીધી. ચોથે દિવસે શ્રીહરિ પાસે આવીને સ્વામી નતમસ્તકે બે હાથ જોડીને ઉભા અને પોતાની નવીન કંઠસ્થ રચના બોલવા લાગ્યા.

"નિર્વિકલ્પ ઉત્તમ, નિશ્ચય તવ
ઘનશ્યામ,
માહાત્મ્યજ્ઞાન યુક્ત ભક્તિ તવ,
એકાંતિક સુખધામ."

એમ બોલતા ગયા ને દરેક કડીએ મહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા ગયા. એમાં રાગ, આલાપ કે વાદ્યનો ખપ રાખ્યો નહોતો. પરંતુ સમગ્ર સંપ્રદાયની સર્વગ્રાહી સમજણ નો નિચોડ નીતરતો હતો. મહારાજ એકચિત્તે સાંભળતા હતા.

"નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો
નહિ ખાત,
વિમુખ જીવકે વદનસે કથા સૂની નહિ
જાત."

કડીએ કડીએ મહારાજ ડોકું હલાવી સંમતિ આપતા રહ્યા .અને પદ પુરુ થતાં "પ્રેમાનંદ કહે ધામમેં જાઓ નિઃશંક જગજીત." એમ કહી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પૂરા કર્યા.

એજ દિવસે સંધ્યા આરતી પછી ધૂન વગેરે થઈ ગયા એટલે મહારાજે "નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ" એમ શરૂ કરાવ્યું. પછી કહ્યું કે "આ પદ નિત્યપાઠમાં આજથી રાખીએ છીએ તો સંધ્યા આરતી પછી સૌ આ બોલજો. જે આ પદ બોલે તેણે બધો શિક્ષાપત્રીનો પાઠ કર્યો એમ સમજવું." આજે પણ સંપ્રદાયના મંદિરોમાં આરતી અને ધૂન પછી આ પદ સાષ્ટાંગ દંડવત્

સાથે બોલવાની પરંપરા જળવાતી આવી છે.

પ્રાર્થના પદ

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ,
માહાત્મ્યજ્ઞાન યુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ,
મોહિમે તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર,
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર.
તુમ્હારો તવ હરિભક્ત કો, દ્રોહ કબુ નહિ હોય,
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય.
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસન કો દાસ,
એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ,
હે કૃપાળુ ! હે ભક્તપતે ! ભક્તવત્સલ સુનો બાત,
દયા સિંધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત,
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ,
તાકું હોય દૃઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ.
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય,
તાકી વિક્તિ કહત હું, સુનિયો સબ ચિત્તપ્રોય.
હિંસા ન કરની જંતુકી, પરત્રિયા સંગકો ત્યાગ,
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડભાગ્ય.
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત,
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત.
નિંદત નહીં કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત,
વિમુખ જીવ કે વદન સે, કથા સુની નહિ જાત.
એહિ ધર્મ કે નિયમમેં, વરતો સબ હરિદાસ
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઔર સબ આશ,
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિ પદ પ્રીત,
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત.

કવિ કલાપીએ ગાયું છે કે
હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે.
પાપી એમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

પાપનું નિવારણ સાચા હૃદયના પશ્ચાતાપ સિવાય ક્યારેય થતું નથી. અંતઃકરણપૂર્વકના પ્રશ્ચાતાપ બાદ પ્રેમસખીના નિર્દોષ અને નિષ્પાપ અંતરમાં જે સ્વયંભૂ પ્રાર્થના પ્રગટી એ "નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ. દોહાબંધની રચનાવાળી પ્રાર્થના સ્વામિનારાયણ સંપ્રદાયની સનાતન પ્રાર્થના બની ગઈ. અને હર કોઈ મોક્ષાર્થી સત્સંગીની શ્રીહરિ પ્રત્યેની એ હાર્દિક યાચના બની ગઈ.

કવિ પ્રેમ સખી આ પ્રાર્થનામાં પહેલા શ્રીજી મહારાજ પાસે સાત વર માગે છે. અને ત્યાર બાદ શિક્ષાપત્રીનાં જે અગિયાર નિયમો છે તે દૃઢપણે પાળવાની આજ્ઞા કરી છે.

પ્રેમાનંદ સ્વામીનું દોહાબંધવાળું આ પદ સંપ્રદાયને માટે અણમોલ ભેટ છે.

●

પ્રભુ પાસે પ્રાર્થના

- કાંતાબેન

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેક જીવોનું કલ્યાણ કરવા ભરતખંડમાં મનુષ્ય અવતાર ધરીને અનહદ દુઃખો વેઠીને સત્સંગની સ્થાપના કરી જીવોને મોક્ષનો રસ્તો સહેલો કરી આપ્યો. સર્વ અવતારના અવતારી એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના ! હે અવતારોના અવતારી પૂર્ણ પુરુષોત્તમ હે સહજાનંદ સ્વામી ! હે દયાળુ ! હે દીનબંધુ પતિતપાવન ! અધમ ઉધ્ધારણ, ભગવાન, હે મહારાજાધિરાજ ! આપ અનંત બ્રહ્માંડના પતિ છો ! અક્ષરબ્રહ્મના આત્મા છો ! હે મહારાજ ! સૂર્ય ચંદ્ર તમારી આજ્ઞાથી આકાશમાં રહ્યા છે. આ પૃથ્વી તમારી આજ્ઞાથી સર્વેને ધરી રહી છે. હે પ્રભુ ! તમારો મહિમા શેષ શારદા પણ સંપૂર્ણ કહી શકતા નથી ! તો હું શી રીતે કહી શકું ! હે સ્વામિન્ આપને પ્રસન્ન કરવા મારી પાસે એવી અમૂલ્ય વસ્તુ આ જગતમાં કોઈ છે જ નહિ કે હું આપે મને આપેલ આ મહાન મનુષ્ય અવતાર અને એમાંય સત્સંગમાં જન્મ આપ્યો, જેથી હું આપનો ભવોભવનો ઋણી છું. માટે બે હાથ જોડી મારું મસ્તક આપના પવિત્ર ચરણોમાં મુકું છું. તો મારા સર્વે અપરાધ માફ કરજો.

હે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન ! જેમ સરિતાઓ પૃથ્વી ઉપર ભમ્રણ કરી અંતે સાગરને મળે છે. તેમ મારી વૃત્તિઓ જગતના પંચવિષયોમાં ભમે છે. તેને છોડાવી તમારા પવિત્ર ચરણોમાં રાખો અને તમારી માહાત્મે જ્ઞાન સહિત ભક્તિ કર્યા કરું એવા રૂડા આશીર્વાદ આપો. તન, મન, ધનથી સેવા પ્રેમપૂર્વક સ્વીકારો. હું આપનો રાજીપો ઈચ્છું છું. મને ખોટા સંકલ્પ-વિકલ્પ અને વિકાર-વાસનાના ખાડા, ટેકરામાંથી બહાર કાઢીને મારું શ્રેય અને રૂડું કરો. અને મને આપનું સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ મહામંત્રનું સદાય સ્મરણ કરાવો. જેથી તમારું ચિંતન મનન અને જપ ધ્યાન વિગેરેમાં ક્રમશઃ વિવેકબુદ્ધિ જાગે. જેથી ધીરે ધીરે ઈશ્વરકૃપાથી જ અનુભૂતિ અને આખરે ઈશ્વરની પ્રાપ્તિ થાય. ન્યાય નીતિ ધર્મથી પોતાનું નિયત ક્રમ કરતાં કરતાં જીવનનું એક એક કર્મ ભક્તિ બની જાય એવી કૃપા કરી મને આપના શરણમાં રાખો તેવી આપણા દિવ્ય ચરણોમાં પ્રાર્થના છે.

સત્સંગ સમાચાર

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂન મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો

સર્વોપરિ ભરતખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવ અખંડ બિરાજતા હોય તેમના દિવ્ય સાનિધ્યમાં અને શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં તા. ૧૬ ડિસેમ્બર ૨૦૦૫ થી ૧૪ જાન્યુઆરી ૨૦૦૬ પર્યન્ત પ્રસાદીના દિવ્ય સભામંડપમાં નાના બાળકથી લઈ વયોવૃદ્ધ હરિભક્તો અને સંતો એ વહેલી પરોઢે કડકડતી ઠંડીમાં આ જીવાત્માથી જેટલું પ્રભુ સ્મરણ થાય તે અર્થે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનો દિવ્ય લાભ લીધો. પ.પૂ. મોટા મહારાજશ્રી (પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અમેરિકાની ધર્મયાત્રાએ પધારેલા) સવારે ૫-૦૦ કલાકે મંગળા આરતી ઉતારવા પધારતા. અને ભક્તોને અલૌકિક લાભ આપતા. હવેલીમાં સમસ્ત બહેનોને દર્શન આપવા માટે પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ બન્ને ગાદીવાળાશ્રી ધૂનમાં વિરાજી દર્શન આપતા હતા. સૌ પ્રથમ ધર્મકુળ સમસ્ત પરિવારની આખા માસની ધૂન, સમસ્ત વયોવૃદ્ધ સંતોની અને શ્રધ્ધાળુ હરિભક્તોએ આખા માસની સેંકડો ધૂન અને હજારો ભાવિકોએ દૈનિક ધૂન કરાવીને અલૌકિક લાભ લીધો. પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી અને કોઠારી સ્વામી ધર્મપ્રકાશદાસ અને મહંતશ્રી શા. ગોલોકવિહારીદાસજી અને શાસ્ત્રી સત્યપ્રકાશદાસજીના માર્ગદર્શન મુજબ કોઠારના સ્ટાફે સુંદર સેવા કરીને સૌનો રાજીપો મેળવ્યો હતો. *(જયેશ પટેલ)*

શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં જપયજ્ઞ

માગશર વદ-૧૧ તા. ૨૭-૧૨-૨૦૦૫ના રોજ સર્વોપરિ શ્રી નરનારાયણદેવના દિવ્ય સાંનિધ્યમાં પ.ભ. વાસુદેવભાઈ ગિરધરભાઈ ગજજરના માતુશ્રી અ.નિ. પ.ભ. રૂક્ષ્મણીબેનના સ્મરણાર્થે સવારના ૭ થી સાંજના ૪ પર્યન્ત ૭ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ધૂનનો મંગલ પ્રારંભ કરવામાં આવેલ. આ ધૂનમાં સંત હરિભક્તો અને ખાખરિયા વિસ્તારના બહાર ગામથી વિશાળ સંખ્યામાં પધારેલા હરિભક્તોને યજમાન તરફથી ફરાળની રસોઈ અને ધૂનમાં લાભ લેનારને સ.ગુ. નિષ્કુળાનંદ કાવ્ય અને સંતોને મૂર્તિમાન ધોતીયા ઓઢાડ્યા હતા. આ પ્રસંગે સ્વા. સ્વયંપ્રકાશદાસજી, શા. આનંદ સ્વામી, શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી અને શા.સ્વા. સત્યપ્રકાશદાસજીએ યજમાન પરિવારની સેવા-સુવાસને હરિભક્તો સમક્ષ બિરદાવી હતી. છેલ્લે યજમાન પરિવારે ઠાકોરજીની આરતી ઉતારીને જપયજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. *(કોઠારી ધર્મપ્રકાશદાસ)*

અમદાવાદ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ

સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અસૌ. ગાદીવાળાશ્રીના શુભાશીર્વાદથી તેમજ શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંત) અ.નિ.બ્ર.પૂ. હરિપ્રિયાનંદજી તથા ભૂજ મંદિરના મહંત સ.ગુ. પૂ. સ્વામી હરિસ્વરૂપદાસજી તથા અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી તથા સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી (ઉપ મહંત ભુજ)ની શુભ પ્રેરણાથી સુખપર (કચ્છ)ના અ.નિ. સાં. મોટા વાલબાઈના શિષ્ય સાંખ્યયોગી કાનબાઈ હાલ (ગઢપુર)ના શિષ્ય સાં. મેઘનાબેન તરફથી એમના ગુરુના શુભ સંકલ્પથી શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે માગસર સુદ-૧૧ થી માગશર વદ-૨ (તા. ૧૧-૧૨-૦૫ થી તા. ૧૭-૧૨-૦૫) પર્યન્ત વર્ણીરાજ સ.ગુ. વાસુદેવાનંદજી સ્વામી રચિત શ્રી મદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સ.ગુ. શા.સ્વા. નારાયણ-મુનિદાસજી (માંડવી) તથા સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ સંગીત મય કથામૃતનું પાન કરાવ્યું હતું. હજારો ભક્તજનોએ નિત્ય કથાનું પાન કરીને ધન્ય ધન્ય બન્યા હતા. યજમાનશ્રી તરફથી ૭ સાતે દિવસ રસોઈ ઠાકોરજીને થાળથી લઈ પાણી સુધ્ધાનું ખર્ચ આપવામાં આવેલ. તદ્ઉપરાંત ઠાકોરજીને સોનાના દાગીનાની મોટી સેવા, ધર્મકુળની સેવા અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સેવા, સંતોને સેવા આદિ સુંદર સેવાઓ કરી દેવ-આચાર્યશ્રી અને સંતોનો રાજીપો મેળવ્યો હતો.

સપ્તાહ પારાયણના યજમાનશ્રીઓ હિરાણી પરિવાર ગામ માનકુવા (હાલ નાઈરોબી) અ.નિ. નારાયણભાઈ જાદવાભાઈ, અ.નિ. પ્રેમબાઈ નારાયણભાઈ પુત્ર, અ.નિ. કાનજીભાઈ નારાયણભાઈ, (પુત્ર) અ.નિ. નાનજીભાઈ નારણભાઈ, ગં.સ્વ. કેસરબાઈ કાનજીભાઈ, ગં.સ્વ. મેગબાઈ નાનજીભાઈ, હા. જયંતીભાઈ, અરવિંદભાઈ તથા વિજયભાઈ. અ.સૌ. રંજુબેન જેંતીભાઈ તથા અ.સૌ. કાંતાબેન વિજયભાઈ, અ.સૌ. મનીષાબેન અરવિંદભાઈ તથા કાનજીભાઈ હરજીભાઈ હિરાણી, ધ.પ. પુરબાઈ કાનજીભાઈ તથા પુત્ર માવજીભાઈ તથા લાલજીભાઈ અને વરસાણી પરિવાર ગામ. સામત્રા (હાલ લંડન) મુળજીભાઈ લાલજીભાઈ વરસાણી, ધ.પ. કેસરબાઈ મનજીભાઈ આદિ પરિવારે યજમાનપદનો લાભ લીધો હતો. તથા માનકુવા, કમળાપુર, પરવાળા, શેડુભાર અને માંચીયાળા સત્સંગ સમાજ, સેવામાં જોડાયા હતા. આ પ્રસંગે સહિંતા પાઠમાં કુલ ૭ સંતો વિરાજ્યા હતા. સભા સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી અને પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજીએ (કચ્છ-ભુજ) સંભાળ્યું હતું. પૂર્ણાહુતિના શુભ દિને સંતો અને હરિભક્તોએ યજમાન શ્રી સાંખ્યયોગીબા અને હરિભક્તો પરિવારની સેવાને બિરદાવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાનશ્રી અને તેમના પરિવારોને ખૂબ ખૂબ રૂડા આશીર્વાદ આપી અતિ પ્રસન્ન થયા હતા.

આ પ્રસંગે સાંખ્યયોગી જયશ્રીબેન ગુરુ મેઘનાબેન અને ગઢપુર અને સુખપરના સાંખ્યયોગી બાઈઓએ ખૂબજ શ્રધ્ધા ભક્તિથી સેવાની સુવાસ ફેલાવી હતી. ખરેખર પારાયણ અદ્ભૂત હતી. યજમાનોની સેવાની જેટલી પ્રશંસા કરીએ

તેટલી ઓછી છે. વક્તા સંતોને પણ ભૂલાય નહિ તેવી કથા કરી જાણી. તેમાંય શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શન મુજબ દેવ સ્વામી, બ્ર. પૂ. રાજુ સ્વામી, નાના પી.પી. સ્વામી, જે.પી. સ્વામી, સૂર્યપ્રકાશ સ્વામી, બાલુ સ્વામી અને પા. કોઠારી દિગંબર ભગત અને ભુજના સ્વા. અક્ષરપ્રકાશદાસજી અને કે.પી. સ્વામી આદિ સંતોએ ખડે પગે રહીને સેવા કરી છે તે સૌએ નજરે નિહાળી હતી. સાતેય દિવસ કોઈ પ્રસાદ વગર રહ્યું હોય તેવું બન્યું નથી. યજમાન પરિવાર ઉપર ભરતખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવ, શ્રીહરિનું ધર્મવંશી પરિવાર અને સંતોનો ખૂબજ મોટો રાજીપો ઉતર્યો છે. તેમણે નાવ પર ઉતારી દીધી છે. હવે આપણે તેમાંથી પ્રેરણા લઈએ તેવું કરીએ. કથા પ્રસંગે અમદાવાદ, મૂળી, ભુજ, ગઢપુર, જુનાગઢ, વડતાંલ અને ધોલેરા દેશના તમામ સંતોએ પધારીને પ્રસંગને શોભાવ્યો હતો. તા. ૧૫ના રાત્રે લંડનથી પ.ભ. મનજીભાઈ વરસાણી અને તેમની ટીમે નંદ સંતોના કીર્તનનો કાર્યક્રમ કરેલ. જે પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીએ પધારીને આશીર્વાદ પાઠવ્યા હતા. *(જે.પી. સ્વામી ગુરુ શા.સ્વા. હરિકૃષ્ણદાસજી)*

અ.નિ. પ્રાણલાલ દેવચંદભાઈ પરીખની સ્મૃતિમાં છપિયાધામમાં "શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ"

સર્વાવતારી ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજની જન્મ ભૂમિ છપિયાધામમાં અ.નિ. પ.ભ. પ્રાણલાલભાઈ દેવચંદભાઈ પરીખ (મુંબઈ)ની સ્મૃતિમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ રાખવામાં આવ્યો હતો. મુંબઈથી ૨૫૦ જેટલા હરિભક્તો કથા શ્રવણ માટે સાત દિવસ રોકાયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અમદાવાદથી બાયએર છપિયા પધારીને ત્રણ દિવસ સુધી દર્શન આશીર્વાદનો લાભ આપ્યો. છપિયા મંદિરના વયોવૃદ્ધ ગવૈયા મહંત સ્વામી રામકૃષ્ણાનંદજી (વર્ષ ૯૫)ની પ્રેરણાથી તથા મહંત બ્રહ્મચારી વાસુદેવાનંદજીએ કડકડતી ઠંડીમાં હરિભક્તોને સુંદર સુવિધાઓ આપી હતી. પ.ભ. જતીનભાઈ પરીખ, ઉમેદભાઈ પરીખ, સુનીલભાઈ તથા માતુશ્રી શારદાબેન પ્રાણલાલભાઈ પરીખ તરફથી ઉદાર ભાવનાથી શ્રધ્ધા વડે ઘનશ્યામ મહારાજની પ્રસન્નાર્થે સુંદર સેવા કરી. આ પ્રસંગે પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આપવા પધાર્યા હતા. તેમજ લોજધામથી સાં.યો: રવિકાન્તાબા પધાર્યા હતા. તા. ૩-૧૨-૦૫ થી ૯-૧૨-૦૫ પર્યન્ત કથા રાખવામાં આવી હતી. પારાયણના વક્તા તરીકે પી.પી. સ્વામીએ (જેતલપુર) કથા શ્રવણ કરાવી હતી. આ પ્રસંગે અમદાવાદ, જેતલપુર, કાંકરીયા, લોજ, ગઢડા વિગેરે ધામોથી મહંત સ્વામીશ્રી પધાર્યા હતા.

(બ્રહ્મચારી અવિનાશાનંદજી)

કઠલાલના પ્રસાદીના કૂવાનો જિર્ણોદ્ધાર

ભગવાન શ્રી સ્વામિનારાયણ કઠલાલ પધાર્યા ત્યારે કઠલાલના ડોશી રામબાઈએ મહારાજના ચરણ ધડામાં બોળીને તે દિવ્ય પ્રસાદીનું જળ ગામના કૂવામાં પધરાવ્યું હતું. ત્યાર પછી એકસો વર્ષ સુધી ગ્રામજનોએ પ્રસાદીના જળ પાનનો લ્હાવો લીધો. સમયાન્તરે પાણી ઊંડા જતાં ટ્યુબવેલ દ્વારા વોટર સપ્લાય કરવામાં આવતાં કૂવો જીર્ણ થયેલ. સંપ્રદાયના ઐતિહાસિક કઠલાલના કૂવાનો પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા શ્રી પી.પી. સ્વામીના માર્ગદર્શન મુજબ તેમજ પ.ભ. કીરીટભાઈ જયંતીભાઈ પટેલ કઠલાલ હાલ (યુ.એસ.એ.) તેમના ભાઈ સુરેશભાઈ તથા દિનેશભાઈના સૌજન્યથી જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો. જેમાં હેડપંપ દ્વારા પ્રસાદીનું જળ સર્વે સત્સંગીઓને મળી શકે છે. અને સ્મૃતિ છત્રી પથ્થરની બનાવીને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૨૯-૧૧-૦૫ના રોજ શ્રીજી મહારાજના ચરણારવિંદની પ્રતિષ્ઠા કરવામાં આવી. સુપ્રસિદ્ધ દર્શનીય સ્થળ "લક્ષ્મીકૂવા"ના કઠલાલમાં હાલ દર્શન તથા પ્રસાદીનું જળપાન કરવા હરિભક્તો પધારે છે. અને પ્રસાદીનું જળ પીને ધન્યતાની લાગણી અનુભવે છે. *(કોઠારી મહેશભાઈ કાલીયા)*

વડુમાં શ્રી હનુમાનજી મહારાજનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

દંઢાવ્ય પ્રદેશના પ્રસાદીના વડુ ગામે સ.ગુ. વર્ણીરાજ વાસુદેવાનંદજીએ શ્રી હનુમાનજી મહારાજ પધરાવેલા. જે મંદિર જીર્ણ થતા તેને પથ્થરથી શિલ્પ શાસ્ત્ર અનુસાર કલાત્મક મંદિરનું પુનઃ નિર્માણ કરવામાં આવ્યું હતું. જે પૂર્ણ થતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિરનો દ્વિતીય પાટોત્સવ અને શ્રી હનુમાનજી મહારાજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં હતું. જેના ઉપલક્ષમાં તા. ૩-૧૨-૦૫ થી ૭-૧૨-૦૫ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ ત્રિદિનાત્મક ૫૧ કુંડી મારૂતિ યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પારાયણના વક્તાપદે પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજી (વડનગર) એ કથામૃત પાન કરાવેલ. સહિંતા પાઠમાં શાસ્ત્રી અભિષેકપ્રસાદદાસજી રહ્યા હતા. આ પ્રસંગે શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર) શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, હિંમતનગર, નારાયણપુરા અને નારણઘાટના મહંતશ્રી તથા શા.રામકૃષ્ણદાસજી, શા. છપૈયાપ્રસાદદાસ વગેરે સંતોએ વડુગામનો પ્રાસંગિક ઈતિહાસ કહ્યો હતો.

તા. ૭-૧૨-૦૫ના રોજ સવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી વડુગામમાં પધાર્યા. ત્યારે હજારો હરિભક્તોએ જયઘોષ સાથે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને પુષ્પોથી વધાવ્યા હતા. અને વરઘોડામાં પધારીને શ્રી હનુમાનજી મહારાજના નૂતન ભવ્ય મંદિરમાં પધારી પોતાના કુળદેવતા શ્રી હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠાની આરતી ઉતારી હતી. અને ત્યારબાદ યજ્ઞ અને પારાયણની પૂર્ણાહુતિ કરી હતી. સભામાં યજમાનો અને અન્ય અગ્રણી હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી હતી ને આશીર્વાદ મેળવ્યા હતા. રાજ્ય સભાના વડુ ગામના સાંસદ પ.ભ.ડૉ. એ.કે. પટેલ અને પ.ભ. નવિનભાઈ ભાવસારે (વડ.) પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. શા.વિશ્વપ્રકાશદાસ અને શા. છપૈયાપ્રસાદદાસે શ્રી હનુમાનજી મહારાજના મંદિરનો પુરાણ પ્રસિધ્ધ ઈતિહાસ વર્ણવ્યો હતો. છેલ્લે સમસ્ત

સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ મંદિર વિદેશ વસતા અને સ્થાનિક હરિભક્તોના સાથ સહકારથી ફક્ત પાંચ માસમાં પૂર્ણ થયું હતું. અત્રે નિર્માણથી લઈ પ્રતિષ્ઠા મહોત્સવમાં કોઠારી કાળીદાસભાઈ, શ્રીજયંતીભાઈ, શ્રી ગોવિંદભાઈ, શ્રી પ્રંવિણભાઈ, મૂક સેવક શ્રી જયંતીભાઈ કોઠારી, શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો પૈકી શ્રી જશુભાઈ, અશોકભાઈ આદિ નામી - અનામી હરિભક્તોની સેવા પ્રસંશનીય અને પ્રેરણારૂપ હતી. ત્યાર બાદ પ.પૂ. મહારાજશ્રીએ મંદિરમાં પધારી શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરી અન્નકૂટ આરતી ઉતારીને બહેનોના મંદિરમાં આરતી ઉતારવા પધાર્યા હતા. ત્યારબાદ ભોજન-પ્રસાદ લઈ અમદાવાદ જવા પ્રયાણ કર્યું હતું. હજારોની સંખ્યામાં ભક્તજનોએ દર્શન કરીને દિવ્ય પ્રસાદ લઈ ભવ્ય પ્રસંગને વાગોળતા વાગોળતા વિદાય લીધી હતી.

(પ્રવિણભાઈ પટેલ)

હિંમતનગર મંદિરનો ૧૬મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો ૧૬મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૬-૧૨-૦૫ના રોજ વેદ વિધિસર ધામધુમથી સંપન્ન થયો હતો. મહંત શા.સ્વા. આનંદજીવનદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવના ચુસ્ત નિષ્ઠાવાન પ.ભ. અમીચંદભાઈ એન. પ્રજાપતિ પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું રૂડું સ્વાગત કરીને સભામાં પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ શ્રી મનુભાઈ પ્રજાપતિ, શ્રી હિરેનભાઈ, શ્રી રાકેશભાઈ તથા શ્રી સંદિપભાઈ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ૩૪ દિવેટની પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારી હતી. પ્રજાપતિ સમાજના અગ્રણીય હરિભક્તોએ અને સ્થાનિક હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત પૂજન કર્યું હતું. સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું કે શ્રી નરનારાયણદેવનો આશ્રય અંત સમયે મોક્ષ કરે છે. માટે સૌ શ્રી નરનારાયણદેવનો આશરો રાખશો તો જીવન સફળ થઈ જશે. એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. *(પૂજારી સ્વામી, હિંમતનગર)*

ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટના શૈક્ષણિક સમાચાર

આપણી શ્રી સહજાનંદ સેકેન્ડરી સ્કુલમાં ૯માં ધોરણમાં અભ્યાસ કરતી કુમારી મેહલ શાહને ગુજરાતની ટીમમાં વિમેન્સ ક્રિકેટ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા ૨૩ થી ૩૦ ડિસેમ્બર યોજાયેલ સબ જુનિયર નેશનલ ક્રિકેટ ચેમ્પયનશિપ માટે સુકાની પદે વરણી કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૨૦ જેટલા રાજ્યોએ ભાગ લીધો હતો. આટલા રાજ્યોમાંથી આપણી સ્કુલની વિદ્યાર્થીની કુ. મેહલ શાહની વરણી એ આપણી સ્કુલ અને ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંકુલનું ગૌરવ છે. ઉપરોક્ત વિદ્યાર્થીની વિશેષ ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવા રૂડા આશીર્વાદ પ.પૂ. ગાદીવાળાશ્રી પાઠવે છે.

(શ્રી સંદિપભાઈ ચોક્કસી)

ધમાસણા મંદિરમાં શાકોત્સવ ઉજવાયો

અત્રે ધમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૮-૧૨-૨૦૦૫ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે દર વર્ષની જેમ આ વરસે પણ 'શાકોત્સવ' ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગે અમદાવાદ, મૂળી તેમજ નાના મોટા ધામોથી અનેક સંતો પધાર્યા હતા. શાકોત્સવના મુખ્ય યજમાન મુખી પરિવાર તથા ધર્મકુળના મુખ્ય યજમાન પ.ભ. પોપટભાઈ તથા સર્વે હરિભક્તો સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. આ ગામમાં અ.નિ. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીએ અનેક લોકોને શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન મુમુક્ષુઓ બનાવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની સાથે પૂ. બ્ર. રાજેશ્વરાનંદજી, શા. સત્યપ્રકાશદાસજી, રાજુ સ્વામી, શા. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી (આયોજક) અને હરિદ્વારથી કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજી ઉપસ્થિત રહ્યા હતા. ૫૦૦૦ ઉપરાંત ભક્તોએ પ્રસાદ લીધો હતો. *(ધમાસણા સત્સંગ સમાજ વતી નરનારાયણ સ્વામી ગુરુ મુનિ સ્વામી)*

ભચાઉ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

કચ્છના પ્રવેશ દ્વાર સમા શ્રીહરિના પ્રસાદી ભૂત ભચાઉમાં ૧૫૦ વર્ષ જુનું શ્રી સ્વામિનારાયણ મંદિર પાંચ વર્ષપૂર્વે ભૂકંપમાં ધ્વંસ થતા તેનું પુનઃ નિર્માણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. નિષ્કુળાનંદ ભાષ્યની પારાયણ શા. અક્ષરમુક્તદાસજી અને શાસ્ત્રી નીલકંઠ સ્વરૂપદાસજીએ કરીને કથામૃત પાન કરાવેલ. સભા સંચાલન શા. પુરૂષોત્તમચરણદાસ, જી.કે. સૂર્યપ્રકાશ આચાર્ય અને શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કર્યું હતું.

તા. ૪-૧૨-૦૫ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ દબાદબાપૂર્વક ધામધુમથી સામૈયું કરીને પ.પૂ. મહારાજશ્રીને વધાવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રીફળ હોમી નૂતન મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠાની આરતી ઉતારી હતી. આ પ્રસંગે હજારો ભક્તજનો દર્શન અર્થે ઉમટ્યા હતા. ભુજના મહંત સ્વામીએ પ્રાસંગિક સભામાં આશીર્વાદ આપ્યા હતા. અને છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નવનિર્મિત શ્રી લોહાણા સમાજની વાડીમાં પુનિત પગલા પાડી જ્ઞાતિ પ્રમુખશ્રી લખમશી દિપચંદ ઠક્કરને આશીર્વાદ આપ્યા હતા.

પ.ભ. ખીમજીભાઈ નિશર આદિ પરિવારની સેવા પ્રશંસનીય હતી.

ભચાઉના મંદિરના ઉત્સવની પૂર્ણાહુતિની સમગ્ર ટ્રસ્ટી મંડળ વતી આભાર વિધિ શ્રી ઘનશ્યામ ખીમજીભાઈએ કરી હતી.

(મનુભાઈ ઠક્કર)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

અંબાળા (હાલાર)માં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબના હાલારના અંબાળા ગામે તા. ૧૭-૧૧-૦૫ થી ૨૩-૧૧-૦૫ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ પ.ભ. કેશુભાઈ રૂડજીભાઈ ચૌહાણના યજમાનપદે અને શા.સ્વા. રામકૃષ્ણદાસજીના વક્તાપદે ધામધુમથી સંપન્ન થઈ હતી. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂજ્ય શ્રીરાજાએ પધારીને ભક્તજનોને દિવ્ય સુખ આપ્યું હતું. પ.પૂ. મહારાજશ્રીએ અતિ રાજી થઈને યજમાન પરિવાર અને ભક્તજનોને આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગનું આયોજન નાના પી.પી. સ્વામીએ કર્યું હતું.

(દયાળજીભાઈ ગાંગાણી વાડજ)

બોરણા તા. લીંબડી (મૂળી દેશ) ગામે બહેનોના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

મૂળીના સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી બહેનોના સુંદર મંદિરનું નિર્માણ કાર્ય થતા તા. ૧-૧૨ થી ૩-૧૨-૦૫ સુધી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધુમથી ઉજવાયો. શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની ત્રિદિવસીય પારાયણના વક્તાપદે શા.સ્વામી નિર્ગુણદાસજી (મહંતશ્રી અમદાવાદ) શા. સ્વામી બ્રહ્મવિહારીદાસજી (મૂળીધામ) અને શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજીએ સુંદર લાભ આપ્યો હતો. ત્રિદિનાત્મક યજ્ઞમાં વિવિધ યજમાનોએ લાભ લીધો હતો. તા. ૩-૧૨-૦૫ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામના ભક્તોએ હર્ષઘેલા થઈને ભાવથી સ્વાગત કર્યું હતું. પુરુષોના મંદિરમાં આરતી ઉતારીને બહેનોના નૂતન મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ભાવથી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ-પ્રતિષ્ઠા કરીને અન્નકૂટ તથા યજ્ઞમાં બીડુ હોમીને આરતી ઉતારી હતી. સભામાં અમદાવાદ, મૂળીધામ, ચરાડવા, હળવદ, વડતાલ, સુરેન્દ્રનગર આદિ ધામોથી સંતો અને ગામો-ગામથી પધારેલા હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ દિવ્ય પ્રસંગથી ગામમાં સત્સંગની નવી જાગૃતી આવી ગઈ છે.

વિદેશ સત્સંગ સમાચાર

એલ.એ. (કેલીફોર્નીયા) (I.S.S.O.) મંદિરનો ૫ મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

અમેરિકાના કેલીફોર્નીયાના નોરવોક (I.S.S.O. ચેપ્ટર) આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરના પમાં પાટોત્સવ પ્રસંગે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ૨૧ ડિસેમ્બર-૦૫ના પધાર્યા ત્યારે હરિભક્તોએ ખૂબજ ભવ્યતાથી સ્વાગત સામૈયું કર્યું હતું. સૌ પ.પૂ. મહારાજશ્રીના દર્શન કરી ભાવ વિભોર થઈ ગયા હતા. આ પ્રસંગે કથા પારાયણ રાખવામાં આવી હતી. જેના ઉપલક્ષમાં ૨૧ ડિસે.ના સાંજે ૬-૩૦ કલાકે સનાતન મંદિરના પાર્કિંગમાંથી હરિભક્તોએ પોથીયાત્રા કાઢી હતી. જેમાં બહેનોએ ખાસ પીળા રંગની સાડીઓ પહેરીને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. જે મંદિરમાં રાધીકાજીને પણ પહેરાવવામાં આવી હતી. વાજીંત્રના તાલે-ઢોલ નગારાના નાદ સાથે અને ભજન કીર્તન સાથે પોથીયાત્રા મંદિરે આવી ત્યારે આતશબાજીથી વાતાવરણ ઉત્સાહિત બન્યું હતું. બહેનોએ વાજતે ગાજતે કળશ સાથે અને હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રી સભામાં વિરાજ્યા હતા. ટ્રસ્ટી મંડળ અને પ.ભ. નટુભાઈએ પુષ્પહારથી સ્વાગત પૂજન કર્યું હતું. અત્રે મંદિરના મહંતશ્રી કેશવચરણદાસજી, ઘનશ્યામ સ્વામી અને અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, શા. સૂર્યપ્રકાશદાસજી, માધવ સ્વામી, સ્વા. માધવપ્રસાદદાસજી અને હજુરી પાર્ષદ વનરાજ ભગત સાથે ઉપસ્થિત હતા.

પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી વ્યાસપીઠ ઉપર બિરાજ્યા હતા. શ્રી અશોકભાઈ પંડ્યા તથા હરિભક્તો દ્વારા પોથી પૂજન કરવામાં આવ્યું હતું. પોથીપૂજનના યજમાનો રશ્મિબહેન પ્રકાશભાઈ પટેલ, લક્ષ્મીબેન લાલભાઈ પટેલ અને કમળાબહેન ઈશ્વરભાઈ પટેલે પૂજામાં ખાસ લાભ લીધો હતો. પ્રથમ દિને વક્તાશ્રીએ અર્જુનની જેમ ભગવાનને સમર્પણ થવા હરિભક્તોને સમજણ આપી હતી. સભામાં પ.પૂ. મહારાજશ્રીનું યજમાન પરિવાર અને હરિભક્તોએ આરતી ઉતારી સ્વાગત પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રથમ દિને ૪૦૦ પરિવારોએ લાભ લીધો હતો. બીજા દિવસે ગીતાના ૪ થી ૬ અધ્યાયનો સાર વક્તાશ્રીએ શ્રોતાઓને સંભળાવેલ. આ પ્રસંગે મહંતશ્રી કેશવચરણદાસજી અને શાસ્ત્રી સૂર્યપ્રકાશદાસજીએ પ્રેરક પ્રવચન કર્યું હતું. ત્રીજા દિવસે ભક્તિમય વાતાવરણ વચ્ચે સમાજ સેવા સાથે જુદાં જુદાં વિભાગોમાં જુદી જુદી ત્રણ પ્રવૃત્તિઓ શરૂ થઈ હતી. જેમાં પાર્કિંગ એરીયામાં મેડીકલ કેમ્પ, બોસ્ટનથી આવેલ ડૉ. હિતેશ પટેલના માર્ગદર્શ હેઠળ ૨૬ લાભાર્થીઓએ ચેકઅપ કરાવેલ. જેમાં ડૉ. મનોજભાઈ પટેલ, નર્સ શીલાબેહન પટેલ, કાયરોપ્રેકટર ડૉ. નયનભાઈ પટેલ અને સાથે I.S.S.O. યુવા કાર્યકરો ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક સેવામાં સક્રિય હતા.

મંદિરના ત્રીજા માળે યુવા કેમ્પમાં ૭૫ બાળકોને ઈસ્ટકોસ્ટમાંથી આવેલા યુવાનો ધાર્મિક અને કલ્ચરલ શિક્ષણ અંગ્રેજીમાં આપી રહ્યા હતા. સભા મંડપમાં પ.પૂ. મહારાજશ્રીની શુભ નિશ્રામાં વક્તા મહોદય ગીતા ભાષ્ય પર સુંદર પ્રવચન આપતા હતા. જેનું ૫૦૦ જેટલા ભાવિકો-શ્રોતાઓ રસ પાન કરતા હતા. આરતી પહેલા અત્રેના મહંતશ્રીએ બોસ્ટનથી આવેલા માધવ સ્વામીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. પાટોત્સવના ૪ થા દિને શનિવારે સવારે ૭-૩૦ થી ૯-૦૦ સુધી સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના યજમાન પદે કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ પરિવારોએ લાભ લીધો હતો. મહાપૂજા વિધિ શ્રી સુધાકર ત્રિવેદી (સાનહોઝે) શ્રી અશોકભાઈ ઉપાધ્યાય (લામીરીડી) તથા શ્રી અશોકભાઈ (અત્રે નોરવોકના)એ કરાવી હતી. શ્રી ગણેશપૂજન, શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પૂજન અને છેલ્લે જનમંગલ સહસ્ત્ર નામનું રટણ કરવામાં આવેલ. મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારીને ૧૦૦ જેટલા વિધિમાં બેઠેલા હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. પૂજાને અંતે ઉપવાસી ભક્તોએ પ્રસાદનો અલ્પાહાર લઈ પારણા કર્યા હતા.

૯ થી ૧૨ કથા શ્રવણ બાદ ૧૨-૦૦ ની મધ્યાન્હ આરતીમાં મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. ૧૨ થી ૪ મેડીકલ કેમ્પ અને ૧ કલાકના વિરામ બાદ ૫ થી ૯ સુધી મેડીકલ કેમ્પમાં ૫૦ વ્યક્તિઓએ

પોતાનું સ્વાસ્થય કેમ્પના સંચાલક ડૉ. સોનલ પટેલ, ડૉ. શિતલ પટેલ, ડૉ. હિતેશ પટેલ અને ડૉ. જ્યોતિબેન પટેલ પાસે ચેકઅપ કરાવીને લાભ લીધો હતો. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ કેમ્પની મુલાકાત લઈ ડૉકટરોની સેવાને બિરદાવી સૌને આશીર્વાદ આપ્યા હતા. રાત્રે આરતી પહેલા ધનશ્યામ સ્વામીએ પ્રચનમાં સૌને ખૂબજ હસાવ્યા હતા. આ પ્રસંગે પૂ. મહારાજશ્રીએ મેડીકલ કેમ્પના દરેક સ્વયં સેવકોને શ્રી નરનારાયણદેવની મૂર્તિ તથા પ્રમાણપત્ર આપી તેમની સેવાને બિરદાવી રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભામાં ડાઉની મંદિરના સ્વામી સત્યપ્રકાશદાસજી આદિ સંતો પ.પૂ. મહારાજશ્રીના દર્શને પધાર્યા હતા.

રવિવારના પૂર્ણાહુતિના દિવસે સવારે ૬ થી ૬-૧૫ મંગળા આરતી અને ત્યારબાદ ૭-૩૦ કલાકે શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી રાધાકૃષ્ણદેવને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર મહાભિષેક ધામધુમથી ૮-૪૫ કલાક પર્યન્ત સંપન્ન થયેલ. જેનો લાભ હજારો ભાવિકોએ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. હરિભક્તોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પૂ. મહારાજશ્રીના જયઘોષ સાથે પાટોત્સવની ભવ્ય ઉજવણી કરીને સૌએ અલ્પાહાર કર્યો હતો. ત્યારબાદ ૯-૦૦ કલાકે કથા પ્રારંભ થઈને ૧૦-૧૫ કલાકે પ.પૂ. મહારાજશ્રીએ કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. સ્વામીએ પૂર્ણાહુતિમાં ગીતના ૧૮ અધ્યાયનો સાર સંભળાવ્યો હતો.

ત્યારબાદ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી યજમાન પરિવાર શ્રી વિનોદભાઈ પટેલ, સમીરભાઈ મારફતીયા અને લલીતાબેન, શિલ્પાબેન અને નિમિષાબેને સંપ્રદાયની મર્યાદા પ્રમાણે દૂર રહીને પૂજન વિધિનો લાભ લીધો હતો.

છેલ્લે નોરવોક I.S.S.O. ના ટ્રસ્ટીઓ શ્રી નટુભાઈ પટેલ, શ્રી રમણભાઈ ભટ્ટેચા, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી ભક્તિભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ, શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી રસિકભાઈ પરીખ, શ્રી રસિકભાઈ ચૌધરી, શ્રી ઈશ્વરભાઈ ચૌધરી, શ્રી દેવરાજ કેરાઈ તથા શ્રી સંજય પટેલ આદિ સૌએ પ.પૂ. મહારાજશ્રીનું પુષ્પહાર કરી પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ ઉછામણીનો કાર્યક્રમ શરૂ થયો. જેમાં શ્રી ઘનશ્યામ મહારાજ તથા કૃષ્ણ ભગવાનનો ખેસ, કંઠી વગેરે હરિભક્તો સમક્ષ મૂકવામાં આવેલ તથા શ્રી રાધિકાજીની સાડી અને કંઠી તથા સર્વે ધજાઓની પણ ઉછમણી થઈ હતી. જે સુરભી બેન, જયંતભાઈ પટેલ, સુધાબેન અરવિંદભાઈ પટેલ, નીતાબેન રમણભાઈ ભટ્ટેચા, રાકેશભાઈ પટેલ, રશ્મિબેન પ્રકાશભાઈ પટેલ, હંસાબેન પટેલ, નીતા, ધ્રુવલ શાહ અને પંકજભાઈ બારોટે પ્રસાદીની વસ્તુઓ ખૂબજ ઉત્સાહથી ઉછામણીમાં પ્રાપ્ત કરી હતી. છેલ્લે મહંત સ્વામી કેશવચરણદાસજીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. અને પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ્રમુખશ્રી નટુભાઈ પટેલે આભાર વિધિ કરી હતી. હરિભક્તોએ થાળ ગાઈને ભગવાનને જમાડ્યા હતા. અન્નકૂટ આરતીના મુખ્ય યજમાન ભારતીબેન સતીષભાઈ પટેલ હતા. અન્નકૂટની આરતી પ.પૂ. મહારાજશ્રીએ ઉતારી ત્યારે હજારો દર્શનાર્થી દર્શને ઉમટ્યા હતા. જેમાં યજમાન પરિવાર પણ જોડાયા હતા. પાટોત્સવ પ્રસંગે ૫૦૦ જેટલા ભાવિકોએ પ્રેમ-શ્રધ્ધા ભક્તિથી ભાગ લીધો હતો. પાટોત્સવની પૂર્ણાહુતિ બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે સીનસીનાટી જવા પ્રયાણ કર્યું હતું. તેમજ લંડન, બોસ્ટન, ન્યુજર્સી, ફલોરિડા, ફીલાડેલ્ફીયા, સાનહોઝે, હ્યુસ્ટન, સેક્રામેન્ટો અને શિકાગો જેવા દૂરદૂરથી આવેલા હરિભક્તો અન્નકૂટનો પ્રસાદ લઈ વિદાય થયા હતા. *(નટુભાઈ એ. પટેલ પ્રમુખ, એલ.એ. મંદિર)*

શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (I.S.S.O., U.K.)

આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રીહરિની કૃપા તથા જીરાગઢ નિવાસી રોકડીયા હનુમાનજી મહારાજની દિવ્ય પ્રેરણાથી અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે અ.નિ. ગં.સ્વ. મોતીબેન જેરામભાઈ વરૂના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી તા. ૩-૧૨-૦૫ શનિવાર, સવારના ૭ થી ૧૨, ૬-૦૦ કલાકની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન રાખવામાં આવી હતી.

ધૂનની પૂર્ણાહુતિ બાદ મુખ્ય યજમાન પરિવારે શ્રીજનમંગલ નામાવલીથી શ્રીહરિના ચરણારવિંદનું પૂજન કર્યું હતું. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ પત્રનું વાંચન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી પ.ભ. જયંતીભાઈ પટેલે પ્રસંગને અનુરૂપ માતા-પિતાની સેવાનો મહિમા સમજાવ્યો હતો. થાળ-આરતી આભાર દર્શન બાદ મોટી સંખ્યામાં પધારેલા હરિભક્તોએ દર્શન કરીને મહાપ્રસાદ લીધો હતો.

(મંત્રીશ્રી હેમરાજભાઈ ચોટલીયા)

I.S.S.O. વોશિંગ્ટન ડી.સી. ચેપ્ટર

૬ નવેમ્બરના રવિવારે સાંજના ૩ કલાક ચાલેલી સત્સંગ સભામાં દર્શન-ભજન, કીર્તન, વચનામૃત વાચન થાળ-આરતી-ધૂન અને નિત્ય નિયમ હરિભક્તોએ સમૂહમાં કર્યા હતા. હરિભક્તોએ મોટી સંખ્યામાં સભામાં લાભ લીધો હતો. નિયમિત સભાના આયોજન બદલ પ.ભ. કનુભાઈ પટેલ અને સૌ હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી રૂડા આશીર્વાદ પાઠવે છે.

(કનુભાઈ પટેલ)

નડોલા ઝાંબીયા

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ મેળવીને ઝાંબીયા-નડોલા જોબ માટે ગયેલા શ્રી જયેશભાઈને પ.પૂ. મહારાજશ્રીએ ભલામણ કરેલી કે "ત્યાં જઈ સત્સંગ રાખજ્યો." જો કે પ.પૂ. મહારાજશ્રી વિદેશ જતા દરેક હરિભક્ત અથવા શ્રધ્ધાળુ ભાવિકોને આવી શિખ નિયમિત આપે છે. તેમ પ.ભ. જયેશભાઈએ આજ્ઞાનું અક્ષરઃસહ પાલન કર્યું અને પ.ભ. પ્રફુલભાઈ સોનીના ઘરે ચાલતી શનિવારની સાંજની સભામાં કથા વાર્તા અને દર્શનનો અચૂક લાભ લે છે. તેવી જ રીતે દર અગિયારસે પણ નિયમિત થતી સભાનો લાભ લે છે. ખરેખર પ્રેરણા લેવા જેવી છે.

કવિ બ્રહ્માનંદ એક અધ્યયન

મૂળ મુંબઈના હાલ લોસ એંજલસ વસતા ડા. રાજુલબેન દિનેશભાઈ ગાલાએ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના કાવ્યો પર મુંબઈની યુનિર્વસિટીમાં 'કવિ બ્રહ્માનંદ એક અધ્યયન' નામનો ૬૪૪ પેજનો મહા નિબંધ તૈયાર કરી M.A. PHD. થયા છે. જે પુસ્તક રૂપે પ્રકાશીત થતા તા. ૧૭-૧૨-૨૦૦૫ના રોજ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી ભવ્ય જિજ્ઞેશભાઈ પટેલ ૨૬-૧૧ના જન્મ દિન પ્રસંગે (હ. શ્રી હર્ષદભાઈ - સ્ટોરકિપર)	દહેગામ
૧૦૧-૦૦	શ્રી જસ્મિન હર્ષદભાઈ પટેલ નવું બાઈક છોડાવ્યું તે નિમિત્તે	દહેગામ
૧૦૦-૦૦	શ્રી ઘનશ્યામભાઈ જીવરામભાઈ જેઠવા નવું ઈટરનો લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અશોકભાઈ ઠાકરશીભાઈ તારબુંદીયા શુભ લગ્ન પ્રસંગે	ઘનશ્યામનગર
૧૦૦-૦૦	શ્રી વિનોદચંદ્ર દુદાભાઈ ભીમાણી ચિ. સ્વાતિબહેનના લગ્ન પ્રસંગે	બાપુનગર
૫૦૧-૦૦	શ્રી જયંતીભાઈ નારણભાઈ પટેલ ચિ. શિતલ - ઘનશ્યામ અને ચિ. અલ્પા અને સંજયના શુભ લગ્ન પ્રસંગે	(દેઉસણાવાળા) એલ.એ.
૫૦૧-૦૦	શ્રી જયંતીભાઈ નારણભાઈ પટેલ શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળની પ્રસન્નાર્થે	(દેઉસણાવાળા) એલ.એ.
૧૦૧-૦૦	શ્રી બિપીનભાઈ જાદવજીભાઈ પરમાર તેમને ત્યાં દીકરીના જન્મ પ્રસંગે	મુંબઈ
૫૦૧-૦૦	શ્રી રાજેન્દ્રભાઈ રમણલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	પોર (સાબરમતી)
૧૦૧-૦૦	શ્રી રંજનબેન હેમેન્દ્રભાઈ સોની જન્મ દિન પ્રસંગે	નવાવાડજ
૨૫૦-૦૦	શ્રી કાંતિભાઈ વાસુદેવભાઈ પટેલ નવી ફેકટરી અને નવી ગાડી લીધી તે નિમિત્તે	હરિપર
૧૨૫-૦૦	શ્રી વાલજીભાઈ વાસુદેવભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	હરિપર
૧૦૧-૦૦	શ્રી હેમાબેન વિલ્પેશકુમાર ચિ. જીમીત અને કરણની બાબરી ઉતારાવા નિમિત્તે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી સાક્ષીબહેન પિયુષભાઈ કા.પ. જન્મ પ્રસંગે	ભાયંદર
૧૦૧-૦૦	શ્રી પ્રવિણચંદ્ર અંબાલાલ પટેલ પૌત્રના જન્મ દિન પ્રસંગે	ઉવારસદ
૧૦૧-૦૦	શ્રી અંકિતકુમાર ઘનશ્યામભાઈ કા.પ. ચિ. લાલાના જન્મ પ્રસંગે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ મણીલાલ કા.પ. શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી કેતનકુમાર બાબુલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૧-૦૦	શ્રી ભાણજીભાઈ પી. આદ્રોજા શ્રીજી પ્રસન્નાર્થે	મોટા ભેલા
૧૦૧-૦૦	શ્રી મનોરમાબેન પિયુષકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૦૧-૦૦	શ્રી શાંતિભાઈ કાલીદાસ નવું ટ્રેકટર લીધું તે નિમિત્તે	કોઠંબા
૧૫૧-૦૦	શ્રી કૌશિકભાઈ જયંતીલાલ પટેલ શુભ લગ્ન પ્રસંગે	મારૂસણા
૧૦૧-૦૦	શ્રી જિજ્ઞેશકુમાર ઈશ્વરભાઈ પટેલ એલ.આઈ.સી. એજન્ટ નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી પિનાબેન ગણપતભાઈ પટેલની ચિ. રુચિના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી બાબુભાઈ શામળભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૦૧-૦૦	શ્રી ભૂમિકાબેન બાબુલાલ અમેરિકા પહોંચ્યા તે નિમિત્તે	ડિંગુચા
૧૦૫-૦૦	શ્રી અમૃતભાઈ હિરજીભાઈ પટેલ શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે	લખતર
૧૫૦-૦૦	શ્રી પ્રહલાદભાઈ લક્ષ્મણભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નાના ઉભડા
૧૦૧-૦૦	શ્રી ધરમશીભાઈ કલ્યાણભાઈ પટેલ ચિ. પૂનમના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ગોકળભાઈ ચમનલાલ બાવડા ૨૫ વર્ષ પુરા થયા તે નિમિત્તે	સુરેન્દ્રનગર
૧૦૧-૦૦	શ્રી અનિતાબહેન મુકેશભાઈ પટેલ ચિ. કુશલના જન્મ દિન પ્રસંગે	વાવોલ
૧૧૧-૦૦	શ્રી ઈશ્વરલાલ અમરશીભાઈ પિત્રોડા જન્મ દિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી માર્ગેશભાઈ કેતનભાઈ પટેલ સી.એન.જી. રીક્ષા લાવ્યા તે નિમિત્તે	વહેલાલ
૨૨૫૧-૦૦	શ્રી નટવરલાલ મફતલાલ પટેલ અ.નિ. ચિ. પરાગના સંકલ્પ મુજબ પ્રથમ પગાર શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે અને ધર્મકુળના રાજીપા અર્થે	સાબરમતી
૧૦૧-૦૦	શ્રી વ્રજેનકુમાર ભરતભાઈ મારવી શ્રીજી પ્રસન્નાર્થે	(જીરાગઢ) મુંબઈ
૧૫૧-૦૦	શ્રી રમણભાઈ પ્રાણભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી)ના પૌત્ર ચિ. શિવ દક્ષેશ પટેલને તા. ૧૩-૧૨-૦૫ના સાકરતુલા પ્રસંગે	ઉનાવા
૧૦૧-૦૦	શ્રી રાજ અનીલભાઈ પારેખ તા. ૪-૧૨-૦૫ ૭માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦	શ્રી લતાબેન હિતેશભાઈ જાની ધનુર્માસ ધૂન પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦	શ્રી નિલમબેન ઘનશ્યામભાઈ પારેખ ધનુર્માસ પ્રસંગે	મોરબી

૧૦૧-૦૦	શ્રી પ્રભુદાસ લખુભાઈ પટેલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	ખાતુપગીના મુવાડા
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ પરસોત્તમદાસ કા.પ. નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ તથા શ્રી મહેશકુમાર એમ. પટેલ વાસ્તુપૂજન પ્રસંગે	લુણાવાડા
૧૦૧-૦૦	શ્રી શૈલેષભાઈ ટી. પટેલ (શ્રધ્ધા કેસેટ) ચિ. ચિરાગના ૨-૧૨-૦૫ જન્મ દિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી દમયંતીબેન મોતીલાલ મારવી ચિ. યોગેશના લગ્ન પ્રસંગે	જીરાગઢ-સુરત
૧૦૧-૦૦	શ્રી લાભુબેન અરવિંદભાઈ સાપરીયા ચિ. હિનાબેન તથા જીજ્ઞાસાના લગ્ન પ્રસંગે	ધૂળકોટ
૧૦૧-૦૦	શ્રી રમણીકભાઈ કાનજીભાઈ ચૌહાણ નવી ગાડી લીધી તે નિમિત્તે	(ધૂળકોટ) નવસારી
૧૦૧-૦૦	શ્રી ધીરૂભાઈ કાનજીભાઈ ચૌહાણ નવું સ્પ્લેન્ડર લીધું તે નિમિત્તે	(ધૂળકોટ) નવસારી
૧૦૧-૦૦	શ્રી હેમંતકુમાર છગનભાઈ ચૌહાંણ શુભ લગ્ન પ્રસંગે	ચીખલી
૧૦૧-૦૦	શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	વસઈ ટીંબા
૧૦૧-૦૦	શ્રી વર્ષાબેન સુખાભાઈ મોરી શુભ લગ્ન પ્રસંગે	કાલીયાણા
૧૦૦-૦૦	શ્રી ભલાભાઈ દેવાભાઈ બારીયા નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	કઉચીયા
૨૦૦-૦૦	શ્રી કા.પ. મોહનલાલ ઓચ્છવલાલ ખારોલમાં નવી દુકાન ચાલુ કરી તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી કૈલાશબેન કનૈયાલાલ સોની તેમના પુત્રને નોકરીમાં પ્રમોશન મળ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જયેશભાઈ રાજાભાઈ નોકરીનો ઓર્ડર મળવા નિમિત્તે	કાલીયાણા
૧૦૧-૦૦	શ્રી હાર્દિક અરવિંદભાઈ સિંધવ શ્રીહરિ પ્રસન્નાર્થે	વણી
૧૦૧-૦૦	શ્રી હર્ષલ એસ. ભટ્ટ ડોકટર થયા તે નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦	શ્રી કાનાજી જીવાજી રાજપૂત શ્રીજી પ્રસન્નાર્થે	ચાંદખેડા
૧૦૧-૦૦	શ્રી ભગવાનભાઈ રેવાભાઈ પટેલ નવો બોર બનાવ્યો તે નિમિત્તે	ખેરોલ
૧૦૧-૦૦	શ્રી દશરથભાઈ મણીલાલ પટેલ વડુમાં શ્રી હનુમાનજી મહારાજના નૂતન મંદિર નિર્માણ નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦	શ્રી સુરેશભાઈ લાલભાઈ પટેલ જી.ઈ.બી.માં પ્રમોશન મળ્યું તે નિમિત્તે	અંબાપુર
૧૦૧-૦૦	શ્રી મુકેશભાઈ લાલભાઈ બકોરભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે	અંબાપુર
૧૦૧-૦૦	શ્રી આકાશ સુરેશભાઈ લાલભાઈ બાઈક લાવ્યા તે નિમિત્તે	અંબાપુર
૧૦૧-૦૦	શ્રી કૌશિકકુમાર શાંતિભાઈ સિંધવ ધ્રાંગધ્રા પી.ટી.સી.માં પ્રવેશ નિમિત્તે	બળોલ-ભાલ
૫૦૧-૦૦	શ્રી રસિકભાઈ રામજીભાઈ ગોળવીયા ચિ. જયેશને ત્યાં પુત્રના શુભ જન્મ પ્રસંગે	સુરત
૧૦૦-૦૦	શ્રી કૃપાબેન પટેલ સર્વિસ મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૨-૦૦	શ્રી મહેન્દ્ર દયાળજી કાથરાણીના પુત્રને ડેન્ટલ કોલેજમાં પ્રથમ ક્રમાંક અને તેમના પત્નીની તબીયત સારી થઈ તે નિમિત્તે	રાજકોટ
૧૦૧-૦૦	અ.નિ. રસિલાબેન જસવંતલાલ કાછીયા પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી પ્રવિણભાઈ ટી. પટેલ ચિ. પારૂલ તથા ચિ. તેજલના જન્મ દિવસ નિમિત્તે	વડુવાળા
૧૦૧-૦૦	શ્રી નવનીતભાઈ પ્રહલાદભાઈ તેમના પુત્રને વિઝા મળ્યા તે નિમિત્તે	કલોલ
૨૦૦-૦૦	શ્રી જે. જે. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી રતનશીભાઈ લક્ષ્મીદાસ વધણ ધનુર્માસ નિમિત્તે	મુંબઈ
૧૧૧-૦૦	શ્રી ડૉ. અરૂણભાઈ ડી. પટેલ ચિ. રાજેશભાઈની સગાઈ પ્રસંગે	રાણીપ
૧૦૧-૦૦	શ્રી પરેશ વાલજીભાઈ રાઠોડ જન્મદિન પ્રસંગે	અંધેરી
૧૦૧-૦૦	શ્રી હિતેશ વાલજીભાઈ રાઠોડ જન્મદિન પ્રસંગે	અંધેરી
૧૦૧-૦૦	શ્રી વિરજીભાઈ હરજીભાઈ પોરીયા શ્રી રોહિતભાઈને સારૂં થયું તે નિમિત્તે	રાજકોટ
૧૦૦-૦૦	શ્રી કેશવલાલ ભૂલાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	પોર
૧૦૧-૦૦	શ્રી દિપકકુમાર પ્રવિણભાઈ પટેલ જન્મદિન પ્રસંગે	પીરાણા
૧૦૦-૦૦	શ્રી પ્રાગજીભાઈ પોપટભાઈ શેલડીયા અમેરિકા યાત્રા નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦	શ્રી ઈનાબેન જયંતીલાલ ભાવસાર બેબીના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અલ્પેશકુમાર રસિકભાઈ ચિ. જૈનમના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ચંદ્રસિંહ કૌશિકભાઈ ચાવડા ૧૯મી વર્ષ ગાંઠ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જીનલબહેન ડી. સોની પગારમાં વધારો થયો તે નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦	શ્રી રસિકલાલ બાબુલાલ મોદી ચિ. દિપીકાના લગ્ન પ્રસંગે	માણસાવાળા

૧૦૧-૦૦	શ્રી પાર્થ દિનેશભાઈ સાવલીયા નવું બાઈક લીધું તે નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦	શ્રી પ્રવિણભાઈ મુલચંદભાઈ પટેલ ચિ. અંકિતકુમારને નોકરી મળી તે નિમિત્તે	ઊંઝા
૧૦૦-૦૦	શ્રી રઈબેન શંકરલાલ જીવતચર્યા નિમિત્તે	ઊંઝા
૧૦૫-૦૦	શ્રી અશોકકુમાર માધવલાલ ગાડી લાવ્યા તે નિમિત્તે	વિહારવાળા
૧૦૧-૦૦	અ.નિ. પ.ભ. વિષ્ણુપ્રસાદ ભીખાભાઈ બ્રહ્મભટ્ટ તા. ૫-૧૨-૦૫ અક્ષરવાસ નિમિત્તે	લંડન
૨૨૨-૦૦	શ્રી નિતીનભાઈ શાહ ચિ. જીજ્ઞેશભાઈએ ફલેટ ખરીદ્યો અને પુત્રવધુ ચિ. ચિંતલ કૌશલભાઈને બેંકમાં નોકરી મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હરિશભાઈ ગોવિંદભાઈ પટેલ ચિ. સોનના જન્મ પ્રસંગે	(ઈટાદરા) યુ.એસ.એ.

શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ ની યાદી

કારતક સુદી-૭ પ.ભ. અ.નિ. મોહનભાઈ ધરમશીભાઈ વેકરીયા. **કારતક સુદી-૧૨** પ.ભ. શારદાબેન જગજીવનદાસ પટેલ વડુ. પ.ભ. ગાંડાભાઈ કાળીદાસ પટેલ. પ.ભ. સુભદ્રાબેન બાબુલાલ પટેલ, જોરણંગ. **કારતક સુદી-૧૪** પ.ભ. સુમિત્રાબેન ભોગીલાલ પટેલ, એટલાન્ટા. **કારતક સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગીરધરલાલ ગજ્જર, અમદાવાદ (હ. પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર)

કારતક વદી-૪ પ.ભ. રેખાબેન સોમનાથભાઈ પલીયડ. પ.ભ. દશરથભાઈ અંબાલાલ પટેલ મોટેરા. પ.ભ. બાબુભાઈ મણીલાલ શાહ, અમદાવાદ. પ.ભ. ભાવનાબેન રમણીકલાલ. **કારતક વદી-૭** પ.ભ. ઘનશ્યામભાઈ એ. પટેલ (વાઈટલ એર્નજી. પ્રા.લી.), વિહારવાળા. **કારતક વદી-૮** પ.ભ. ડૉ. હર્ષદભાઈ કસ્તુરચંદ ઝિંઝુવાડીયા અમદાવાદ. **કારતક વદી-૧૦** અમી કમલેશકુમાર પટેલ. **કારતક વદી-૧૨** પ.ભ. રાવજીભાઈ પૂંજાભાઈ પટેલ આણંદ. (હ. સાં.યો. સંતોકબા - ઉના) પ.ભ. વિષ્ણુભાઈ આશાભાઈ પટેલ અમદાવાદ. પ.ભ. અ.નિ. મુળજીભાઈ શામજીભાઈ રાજાણી કલોલ. પ.ભ. ધનબાઈ રામજી વેકરીયા, મદનપુર **કારતક વદી-૧૩** પ.ભ. અ.નિ. વાલબાઈ વિસરામ તથા અ.નિ. ધનબાઈ વિસરામ ગાંગજીઆણી (દહીંસરા-ભૂજ-કચ્છ)

માગસર સુદી-૨ પ.ભ. સમરથભાઈ કેરાજી વાલી (રાજ). **માગસર સુદી-૩** પ.ભ. અ.નિ. ડાહીબેન આત્મારામભાઈ, વેડાવાળા પ.ભ. નટવરભાઈ ગીરધરભાઈ મિસ્ત્રી ધોલેરાવાળા. **માગસર સુદી-૧૧ થી માગસર વદી-૨** સપ્તાહ પારાયણના યજમાન સાંખ્યયોગી કાનબાઈના શિષ્ય સાંખ્યયોગી મેઘનાબેન તરફથી (ગઢપુર) (હ. બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી) પ.ભ. નવિનચંદ્ર શિવલાલ ભાવસાર. પ.ભ. મંજુબાઈ કેસરા વેકરીયા. **માગસર વદી-૬** પ.ભ. જ્યોત્સનાબેન બળદેવભાઈ ચૌધરી. અ.નિ. શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રકાશદાસજીના નિમિત્તે સાવરકુંડલા. **માગસર વદી-૪** પ.ભ. ધીરૂભાઈ ભીખાભાઈ બ્રહ્મભટ્ટ અમદાવાદ. **માગસર વદી-૫** પ.ભ. નટવરભાઈ મફતભાઈ પટેલ અમદાવાદ. **માગસર વદી-૯** પ.ભ. જગદીશભાઈ સુખલાલ સોની બોટાદ. પ.ભ. ધનલક્ષ્મીબેન માણેકલાલ ભાવસાર. પ.ભ. કનુભાઈ હરિભાઈ પટેલ વહેલાલ. **માગસર વદી-૧૧** અ.નિ. રૂક્ષ્મણીબેન ગીરધરલાલ ગજ્જર અમદાવાદ (હ. પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર) **માગસર વદી-૧૩** ગં.સ્વ. રઈબાના સ્મરણાર્થે ઉંઝા.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

ઘમીજ : શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારી પ.ભ. મનુભાઈ ભલાભાઈ પટેલ તા. ૧-૧૨-૨૦૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. રાજેન્દ્રભાઈ વાસુદેવભાઈ જોશી (એડવોકેટ) તા. ૧૯-૧૨-૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


સાબરમતી-અમદાવાદ : પ.ભ. નટવરલાલ મફતલાલ પટેલ (ઉનાવા) તેમના ચિ. પ.ભ. પરાગભાઈ (એમ.બી.એ.) તા. ૨૦-૧૧-૨૦૦૫ના રોજ સર્વોપરિ શ્રી નરનારાયણદેવનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બાલાસિનોર : પ.ભ. રવિશંકર પૂંજાલાલ કાછીયા તા. ૧૬-૧૨-૦૫ના શ્રીહરિ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ચલોડા (ધોળકાદેશ) : પ.ભ. કમળાબેન પૂંજાભાઈ તા. ૧૯-૧૧-૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ (હાલ લંડન સ્થિત) : પ.ભ. વિષ્ણુપ્રસાદ ભીખાભાઈ બ્રહ્મભટ્ટ (પ.ભ. ધીરુભાઈ બ્રહ્મભટ્ટના નાના ભાઈ) તા. ૫-૧૨-૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. સોની મધુકાન્તાબેન ભીખાલાલ તા. ૫-૧૨-૦૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.




બોરણા (તા.લીંબડી-મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (બહેનોનું) મૂર્તિપ્રતિષ્ઠા કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



હિંમતનગર મંદિરના પાટોત્સવ પ્રસંગે યજમાનશ્રી પ.ભ.અમીચંદભા પ્રજાપતિ પરિવાર પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતાર



ઝાંબીયા નડોલા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અન્નકૂટ દર્શન



પારાયણ પ્રસંગે (રાત્રીના) લંડનના કીર્તનકાર મનુભાઈ વરસાણી દ્વારા શ્રી નંદ સંતો રચિત કીર્તન ભક્તિનો સુંદર કાર્યક્રમ






પ.ભ. મનુભાઈ વરસાણી અને શ્રી અરવિંદભાઈ (પારાયણના યજમાન)ને આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી

REG. NO. G.A.M.C. 003 Valid up to June 2006



લોસ એન્જલસ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શન આપતા શ્રી રાધાકૃષ્ણદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ



લોસએંજલસ મંદિરના પમાં પાટોત્સવ પ્રસંગે પધારેલા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સભામાં દર્શન આપી રહ્યાં છે.



દંઢાવ્ય પ્રદેશના વડુમાં ૧૫૦ વર્ષ પૂર્વે શ્રીહરિ સમકાલિન સ.ગુ. બ્ર.સ્વા. વાસુદેવાનંદજીએ પધરાવેલ શ્રી હનુમાનજી મંદિરના પુનઃ નિર્માણ બાદ પ્રાણ પ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી



વડુ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોના) પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



વડુમાં યજ્ઞવિધિ કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી





વડુ મંદિરમાં સભામાં દર્શન આપતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

Praful Kharsani